હરિ:ૐ



# જીવનકથની

પૂજ્ય શ્રીમોટા

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# જીવનકથની

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૩ | ૧૨૫૦ |
| બીજી | ૨૦૦૭ | ૫૦૦ |
| ત્રીજી | ૨૦૧૭ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૪ + ૨૩૮ = ૨૫૨

❑ કિંમત : **રૂ.** ૩૦/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ત્રીજી આવૃત્તિ)

પૂ. શ્રીમોટાને સદેહે મળ્યા બાદ ફક્ત સાહિત્યના રંગે
રંગાઈને જીવનવિકાસની સાધના અને પોતાના
કર્તવ્યમાં રત, કારકિર્દીથી પ્રાધ્યાપક,
પોતાના વિદ્યાર્થીઓને પણ પૂ.શ્રીના સાહિત્યના
રંગે રંગનારા, સવિશેષ પોતાના એક
વિદ્યાર્થીને ‘શ્રીમોટા અને શિક્ષણ’ વિષયે
પીએચ.ડી. થવાની પ્રેરણા આપી, તેના ગાઈડ
તરીકે સંપૂર્ણ માર્ગદર્શન આપનાર અને જેમના પ્રતાપે
તે વિદ્યાર્થી ડૉક્ટરેટ થઈને સમાજને ઉત્તમ કોટિનું
પુસ્તક ઉપલબ્ધ થયું, તેવા નિઃસ્પૃહી અને સાદગી ઉપાસક
**પ્રો. જયંતીભાઈ એચ. શાહને**
**‘જીવનકથની’**ની આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન આનંદની
લાગણી સાથે અમો સમર્પિત કરીએ છીએ.

તા. ૯-૭-૨૦૧૭
ગુરુપૂર્ણિમા
સં. ૨૦૭૩

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# શ્રી સુરેશભાઈ સંત (અમદાવાદ)ને

# સપ્રેમ સમર્પણાંજલિ

**(પ્રથમ આવૃત્તિ)**

(અનુષ્ટુપ)

કર્મસંજોગથી કેવા ભાગ્યવશાત્ તો મળ્યા !
કેળવી કેળવી ભાવ આકર્ષાયા ખરેખરા. ૧
જ્યાં જ્યાં ગયા તમે ત્યાં ત્યાં સહાય કેવી કરેલ છે !
હૈયાના ભાવને વ્યક્ત વાચા એવી દીધેલ છે. ૨
અભ્યાસી, ખંતીલા, શાંત ઉત્સાહી, દિલ ઉદ્યમી,
કર્મે કેવા વફાદાર ! મિત્રતામાં શૂરા વળી. ૩
શો સહકાર બક્ષ્યો છે તે પરમાર્થ કર્મમાં !
તેજસ્વી કર્મમાં, પાછી છતાં શી ધારી નમ્રતા ! ૪
ભાવમાં ભાવથી યુક્ત સંકળાવા ખરેખરું
-જીવન મૂળગું, કેવા પોતે પ્રયત્નવંત શું ! ૫
જેને જીવનમાં કૈંક આદર્શ છે ખરેખરો,
ઘડાવા તે પ્રમાણેનું આચર્યાં તે કરાય સૌ. ૬
ઘસાવાનો શું માંડ્યો છે જીવનયજ્ઞ જેમણે !
સ્વધર્મ નિજનો પૂરો પાળવા કટીબદ્ધ છે. ૭
બીજાને માટ શી ચિંતા સેવેલી છે શી જેમણે !
તે ભડવીર એવાનો માગું છું 'પ્રેમ, ભાવ'ને. ૮
હૈયાના ભાવથી એવા સ્વજનને સ્તવી હૃદે,
ચહી કલ્યાણ, અર્પું આ સમર્પણાંજલિ પદે. ૯

- **મોટા**

॥ હરિઃૐ ॥

# સંપાદકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા સાથે રહી શકવાનું અને તેઓશ્રીની યત્કિંચિત્ સેવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે. તેઓશ્રીની સાથે રહેતાં રહેતાં મારા દિલમાં જે જે પ્રકારના ભાવ જાગ્યા છે અને મારા જીવનના સ્વરૂપે જે પલટા લીધા છે, એ 'કથની' કહેવાનું આ સ્થાન નથી. પણ **'જીવનકથની'** એ પુસ્તકના સંપાદક તરીકે મારું નામ મુકાયું છે. આથી, આ બધી બાબતોનું સહજ સ્મરણ થાય છે.

પૂજ્ય શ્રીમોટા અને એમનું શરીર તદ્દન ભિન્ન છે. એનો અનુભવ આપણને એમને જોતાં અને મળતાં થાય છે. આપણે લોકો 'પૂજ્ય શ્રીમોટાનાં દર્શન કરીએ છીએ' એવું જે મોઢેથી બોલીએ છીએ એનો કશો વાસ્તવિક અર્થ આપણા ખ્યાલમાં નથી, કેમ કે 'દર્શન' થવાં એ કંઈ સ્થૂળ ઇંદ્રિય માટે સહેલ નથી. આથી, મેં એમ જણાવ્યું કે આપણે પૂજ્ય શ્રીમોટાને 'જોઈએ છીએ' - 'મળીએ છીએ' - ત્યારે આપણે એમના શરીરને જોઈએ છીએ અને મળીએ છીએ, એ 'મોટા' શરીરધારી હોવા છતાં તે 'ए' નથી. આવું આપણને એ ઉપરથી સમજાય છે કે એમના શરીરને આટલા બધા અસહ્ય પીડાકારી રોગો હોવા છતાં એમની આપણને સૌને મળવાની અને આપણી સૌની સાથે વાતચીત દ્વારા પ્રેમ કરવાની લાક્ષણિકતા કેવી ફોરી ઊઠે છે ! જો શરીરના રોગ આટલા બધા પીડાકારી હોય તો કોઈ પણ શરીરધારી જીવ અવિરતપણે આવા પ્રકારનું વલણ દાખવી કે દર્શાવી ન શકે. તીવ્ર સંકલ્પ કે મનોબળથી અમુક ક્ષણો રોગની પીડાને વિસારી શકાય, પણ આટલું બધું સાતત્યપૂર્ણ પ્રેમભર્યું

પ્રસન્ન વલણ ટકતું આપણે જોઈ-માણી શકીએ છીએ, એ જ દર્શાવે છે કે પૂજ્ય શ્રીમોટા અને એમનું શરીર અભિન્ન નથી.

વળી, આ પળે બીજી એક વાત પણ કહી દઉં. પૂજ્ય શ્રીમોટાએ આપણી સાથે સંબંધ બાંધ્યો છે અને એ જ એ સંબંધ નિભાવે છે - બઢાવે છે એવું પણ મને લાગ્યા કરે છે. એ સંબંધ માટે આપણો પુરુષાર્થ નથી. પૂજ્ય શ્રીમોટાની આ કરુણા ખૂબ જ નોંધપાત્ર છે.

પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકમાં ગઝલો પ્રકાશિત થવા દીધી છે, એ તેઓશ્રી કહે છે તે મુજબના અર્થમાં 'ભજનો' છે. પૂજ્ય શ્રીમોટાને ઘણું ફરવાનું રહે છે. આથી, તેઓ જ્યાં જ્યાં જાય ત્યાં સતત આ 'ભજનો' લખ્યા જ કરે. એમની કલમ અટક્યા વિના ચાલ્યા જ કરે. આ ભજનોમાં એમની પ્રભુ પરત્વેની ભાવનાની ભક્તિજ્વાળાનો પ્રકાશ છે અને સાથે સાથે એ બધું કેવી રીતે બની શક્યું એના ગૂઢ ઇતિહાસનો અણસાર છે.

આ પુસ્તકના સંપાદક તરીકે મારું નામ પ્રકાશિત કરીને પૂજ્ય શ્રીમોટાએ મને માન આપ્યું છે. એ માટેની મારી કશી જ પાત્રતા નથી એમ મારે કહેવું જોઈએ. તેમ છતાં પૂજ્ય શ્રીમોટાના અનુગ્રહનો અનાદર પણ મારાથી ન જ કરાય એ પણ એટલું જ સાચું છે.

પૂજ્યશ્રીની આ રચનાઓ કોઈ પણ શ્રેયાર્થીને ઘણી રીતે માર્ગદર્શક બની રહેશે.

**- ઈંદ્રવદન શેરદલાલ**

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

**'જીવનઅનુભવગીત'**માંની શ્રીપ્રભુકૃપાથી લખાયેલી ગઝલો પછી નિમિત્તયોગે ગઝલો રચાતી ચાલી, એ મારે મન પ્રભુકૃપાનો એક જીવતોજાગતો ચેતનવંતો અનુભવ છે. **આ જીવે** કશું કંઈ, કશા પણ હેતુ વિના લખ્યું કર્યું નથી. **આ** ગઝલો લખવાનું જે કોઈ સ્વજન નિમિત્ત બને છે, એનુંય મહત્ત્વ મારા દિલમાં ઓછું નથી, પણ ગઝલ લખવાની આ પ્રવૃત્તિથી **આ** શરીરનાં દર્દોની અપાર અને અસહ્ય વેદનાથી કેવું તરી શકાય છે, એની બીજા કોઈને કલ્પના આવવી મુશ્કેલ છે. એથી કરીને **આ** ગઝલો એ મારે મન તો ભજનકીર્તન છે. **આ** શરીરના અસાધ્ય રોગોની વેદના વચ્ચે યજ્ઞકર્મ કરાવતાં કરાવતાં પણ **આ** ગઝલો પ્રભુભાવમાં રચ્યોપચ્યો રખાવે છે.

શ્રીપ્રભુના ભાવમાં પ્રવેશાવીને સ્થિર અને સક્રિય રખાવનાર સાધનાની પરંપરાનો ગૂઢ અને અનોખો ઈતિહાસ પણ **આ** ગઝલો દ્વારા ક્યાંક ક્યાંક કથાયો છે ખરો. એનું ઈંગિત **આ** માર્ગનો કોઈક જિજ્ઞાસુ શ્રેયાર્થી કળી શકે ખરો, પણ શ્રીપ્રભુકૃપાથી **આ જીવે** જે સાધન લીધેલું એનું સ્તવન કરતાં કદી થકાતું નથી. સર્વ સાધનોમાં સ્મરણ એ જ ઉત્તમ સાધન છે. એમાં નિરંતરતા અને અખંડતા પ્રગટાવવા માટે કેવું કેવું મથાયું છે, અને એવી રીતની મથામણનાં કેટકેટલાં પાસાં છે કે એ ગાતાં પાર ન આવે ! એથી કરીને જે નિમિત્તે કરીને **આ** ગઝલો રચાઈ છે, એમાં સ્મરણ વિશેની ગઝલોનું પ્રમાણ સૌથી વધારે છે, કેમ કે **આ જીવ**ને જેની લગની લાગી છે, એનું વારંવાર કથન થાય તોય ખૂટે નહિ એવું જ એને તો લાગે.

‘હૃદય લાગે લગની જેની સતત કથતાં થકાયે ના,
વિષય છો એકનો એક શું વિસ્તરતાં, ખૂટે તે ના !’

વળી,

‘સ્મરણ આ વાસ્તવિકતાની ભૂમિકાથી ગવાયું છે,
ગગનમાં કલ્પના પાંખે ચઢી મેં કંઈ ન ગાયું છે.’

**જીવન**ની વાસ્તવિકતાની **આ** હકીકતનું મૂલ્ય એ તો મારા દિલની મોટી મિરાત છે. કોઈને કદાચ સ્મરણ વિશેની **આ** ગઝલોમાં પુનરાવર્તન લાગે ખરું, પણ ઝીણવટથી અને જીવનવિકાસના ભાવ સાથે એ વાંચવા-વિચારવાથી, એ વિષયની પ્રત્યેક ગઝલમાં કશુંક ને કશુંક નવું પાસું જડવાનો સંભવ રહેલો છે.

વળી, જીવનવિકાસને માર્ગે સ્મરણાદિ સાધનો સાધતાં સાધતાં કેવા કેવા પ્રકારના સંગ્રામો ખેલવા પડે છે, એનો અણસાર પણ આ પ્રકારની ગઝલોમાં પ્રભુકૃપાથી થઈ શક્યો છે.

‘બધુંયે ખુલ્લું અને સ્પષ્ટ કરી દેવા ન હુકમ છે.’ એમ જે ગાયું છે, તે યથાર્થ છે. ગઝલના **આ** પુસ્તકમાં જીવનની અવિચ્છિન્નતાને સમજાવતી ઘણી બધી ગઝલો છે. શ્રેયાર્થીને જીવનના સ્વરૂપનો એ આછો પણ પરિચય આપી રહેશે.

**આ જીવ**થી રચાતી **આ** ગઝલો, અગાઉ કહેવાયું તેમ એક પ્રકારનાં ભજનકીર્તનો છે. શ્રેયાર્થી-સ્વજનો જીવનવિકાસના ભાવથી એને સ્વીકારશે, એવી મારા દિલની એમને પ્રાર્થના છે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**
ફેબ્રુઆરી, ૧૯૭૩

॥ હરિ:ૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા વિરચિત **‘જીવનઅનુભવગીત’**ના અનુસંધાનમાં પ્રગટ થઈ રહેલાં પુસ્તકોમાં આ અગિયારમું પુસ્તક છે. અગાઉ પ્રગટ થયેલાં પુસ્તકો જીવનઅનુભવગીત, જીવનઝલક, જીવનલહરિ, જીવનસ્મરણ, જીવનરસાયણ, જીવનઆહ્‌લાદ, જીવનતપ, જીવનસૌરભ, જીવનસ્મરણ સાધના જેમ આ **‘જીવનકથની’**માં પૂજ્ય શ્રીમોટાએ પોતાના સાધના જીવનના ન્યારા ઈતિહાસના અક્ષરો પાડ્યા છે. વળી, એમના **जीवन तीर्थ**ની અનોખી મસ્તીને વ્યક્ત કરતી રચનાઓ પણ આ સંગ્રહમાં છે.

પૂજ્ય શ્રીમોટાની આ ગઝલોની પ્રેસનકલ ડૉ. સુજાતાબહેન કાંતિલાલ શાહે જે ભાવપૂર્વક કરી આપી છે, એ બદલ એમનાં આભારી છીએ. વળી, આ ગઝલોને વિષયના યોગ્ય ક્રમમાં ગોઠવવાનું અને યથાયોગ્ય ખંડ પાડી બધી જ ગઝલોને શીર્ષક આપવાનું કામ ભાઈ શ્રી રમેશ ભટ્ટે કરી આપ્યું છે. આ કામ પરત્વેના એમના સદ્‌ભાવભર્યા સહકારની અમે કદર કરીએ છીએ અને આભાર માનીએ છીએ.

આ પુસ્તક છપાવવાનો સંપૂર્ણ ખર્ચ એક સદ્‌ભાવી બહેન તરફથી મળ્યો છે. એમનાં દિલની આવી પ્રેમભરી ઉદારતા બદલ અમે અંતરથી એમનો આભાર માનીએ છીએ.

પુસ્તકને ત્વરાથી અને સુઘડ રીતે છાપી આપવામાં એલેમ્બિક પ્રેસના અમે આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો વેચી આપવામાં મેસર્સ આર. આર. શેઠની કંપની, મુંબઈ-અમદાવાદનો સહકાર સાંપડ્યો છે. પૂજ્ય

શ્રીમોટાનાં પુસ્તકોના વેચાણમાંથી થતી આવક લોકકલ્યાણનાં કાર્યોમાં જ ખર્ચાતી હોવાથી, ગુજરાતી પ્રજાને અમારી નમ્ર વિનંતી છે કે તેઓ પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો ખરીદીને વાંચે. આજ પર્યંત જે સહકાર ગુજરાતી પ્રજાએ આપ્યો છે, એ બદલ અમે ઋણી છીએ.

ફેબ્રુઆરી, ૧૯૭૩

**નંદુભાઈ શાહ**
વ્યવસ્થાપક ટ્રસ્ટી,
હરિઃૐ આશ્રમ, નડિયાદ

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ સને ૧૯૭૬માં સ્વેચ્છાએ દેહત્યાગ કર્યો, તે પહેલાંનાં વર્ષોમાં અસાધ્ય રોગોની વેદના વચ્ચે સમાજને બેઠો કરવા માટેના યજ્ઞકર્મની સાથોસાથ કોઈ કોઈ સ્વજનો નિમિત્ત બનતાં ગઝલો લખવાનું કાર્ય પણ અવિરત રીતે ચાલતું હતું. આવી ગઝલોની રચનાઓ તેઓશ્રીને પ્રભુભાવમાં રચ્યાપચ્યા રખાવતી હતી.

સાથોસાથ પૂજ્ય શ્રીમોટા દ્વારા થયેલ સાધનાની પરંપરાનો ગૂઢ ઈતિહાસ આવી ગઝલોમાં વ્યક્ત થતો હતો. આવી ગઝલોની પ્રકાશન શ્રેણીમાં **'જીવનકથની'**નો સમાવેશ થાય છે. તેની પ્રથમ આવૃત્તિ સને ૧૯૭૩માં થઈ હતી. તેની બીજી આવૃત્તિ ૨૦૦૭માં થઈ હતી. તેની પ્રત હાલ અપ્રાપ્ય છે. જિજ્ઞાસુ સ્વજનોનાં કરકમળમાં તેની આ ત્રીજી આવૃત્તિ મૂકતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૯-૭-૨૦૧૭ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા હરિઃૐ આશ્રમ, સુરત
સં. ૨૦૭૩

॥ હરિ:ૐ ॥

# અનુક્રમણિકા


| ખંડ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | નિમિત્ત જે મળ્યું છે આ | ૧-૮ |
| ૨ | જીવન વિચ્છિન્ન ના ક્યાંયે | ૯-૬૨ |
| ૩ | બધો ઈતિહાસ ન્યારો તે | ૬૩-૧૪૨ |
| ૪ | સ્મરણનો આશરો મોટો | ૧૪૩-૧૮૨ |
| ૫ | हरि શો એકલો માત્ર ! | ૧૮૩-૨૦૨ |
| ૬ | રળેલી તે કમાણી છે | ૨૦૩-૨૨૦ |
| ૭ | અનુભવી એકલો માત્ર | ૨૨૧-૨૩૨ |


❑

# જીવનકથની

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**


‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

**- શ્રીમોટા**

હરિ:ૐ

## ખંડ - ૧

# નિમિત્ત જે મળ્યું છે આ



નિમિત્ત જે મળ્યું છે **આ** ભજન લખવાતણું મુજને,
ભજનથી દિલમાં કેવો ઉછાળો ભાવનો પ્રગટે !

હરિઃૐ

# નિમિત્ત જે મળ્યું છે આ

શરીરનાં દર્દને સહેવા ભજન બક્ષિસ અર્પીને,
કૃપા કેવી કરી છે તે, મૂરખ **આ** એકલો જાણે !

બધાંયે દર્દનો હલ્લો થતો રહે એકદમ કેવો !
ભજન લલકારવાથી દિલ થતું હળવું રહે છે તે.

નિમિત્ત જે મળ્યું છે **આ** ભજન લખવાતણું મુજને,
ભજનથી દિલમાં કેવો ઉછાળો ભાવનો પ્રગટે !

ઉછાળા ભાવથી એવા શરીર જે વેદના દર્દે
-નમાલું, તેય, ત્યાં કેવું બને છે સાબદું પ્રેમે !

હરિઃૐ

## ભજનના ભાવમાં રહેવા

જુદી જુદી ભૂમિકાઓ પ્રવર્તેલી જીવનમાં જે,
ભજન દ્વારા જ તે વ્યક્ત થઈ શકી કેવી મુજથી તે !

યથાવત્ વાસ્તવિકતામાં બધું જે તે ગવાયું છે,
કૃપાની સર્વ બલિહારી, કલમમાત્ર હું તો શી તે !

શરીરનાં દર્દના હુમલાતણી જે વેદનામાં જે,
ભજન લલકારીને ગાતાં હૃદય હળવાશ લાગી છે.

ભજનના ભાવમાં રહેવા હૃદય શો રસ પડેલો છે !
ઠરવવા મોખરે રસને ભજન આશ્રય લીધેલો છે.

હરિઃૐ

## ભજન અમૃત પ્રમાણે છે

ભજન લલકારવાનું **આ** કૃપાથી જે થયેલું છે,
શરીરનાં દર્દના હુમલા કર્યા હળવા કરે છે તે.

શરીરનું બાકીનું આયુ ભજન લલકારવામાં જે
-કૃપાથી જો વીતે, તો તો જરૂર કલ્યાણ જીવનું છે.

ભજનથી ભાવ જે હૃદયે હૃદયથી જાગતો રહે છે,
અને તે ભાવ જુસ્સાથી ખરી હળવાશ સ્ફુરે છે.

થયા કરતું ભજન દિલનું જીવન ફોરાવતું શું તે !
ભજનનો જે અનુભવી તે ભજન અમૃત પ્રમાણે છે.

હરિઃૐ

# હરિચરણે નિવેદીને

પ્રભુનો ભાવ આધારે નિરંતર તે ઠરી શકવા
-થયા છે જે પ્રયત્નો તે બહુ મુશ્કેલ વર્ણવવા.

બધુંયે ખુલ્લું ને સ્પષ્ટ કરી દેવા ન હુકમ છે,
છતાં જે આવડ્યું તેવું જણાવ્યા મેં કરેલું છે.

જીવનમાં જે રીતે મથવું થયું તે ફોડ પાડીને,
**હરિ**ચરણે નિવેદીને, બધું ગાયા કર્યું છે તે.

ચરણમાં આત્મનિવેદન પૂરેપૂરું કરી દઈને,
શું ગદ્‌ગદ ભાવથી હૃદયે અમે ગાયા કરેલું છે !

હરિઃૐ

## સતત કથતાં થકાયે ના

હૃદય લાગે લગન જેની સતત કથતાં થકાયે ના,
વિષય છો એકનો એક શું વિસ્તરતાં, ખૂટે તે ના.

હૃદયની લગની ઉત્કટ જે શરૂમાં છો મૂગી હો તે,
પરંતુ આગળે વધતાં, થતાં ઉન્મત્ત, બોલે તે.

લગની અગ્નિ સ્વરૂપે તે હૃદય જલતાં ભભૂકે છે,
પ્રચંડ શક્તિવાહિની શી ભડકારૂપ જ્યોતિ તે !

બધે અજવાળું પ્રેરાવી, અણુ અણુમાં પ્રકાશીને,
સ્વરૂપ પોતાનું અર્પીને બનાવે નિજ રૂપે તે તે.

હરિઃૐ

# બલિહારી સ્મરણની તે

બલિહારી સ્મરણની તે કર્યાં કરવી ગમે દિલને,
બલિહારી સ્મરણકેરી હૃદય ગાતાં ન થાકે છે.

સ્મરણ આ વાસ્તવિકતાની ભૂમિકાથી ગવાયું છે,
ગગનમાં કલ્પના પાંખે ચઢી મેં કંઈ ન ગાયું છે.

સ્મરણથી ભાવ ભૂમિકા રચાતી જે જીવનની છે,
સહેલાઈથી એ રીતે બીજાં સાધનથી ના બનશે.

સ્મરણ દિલમાંહી દિલથી તે થતું જે દિલથી રહે છે,
છટા, ખૂબી, કળા ન્યારાં સ્મરણ તેવાતણાં શાં છે !

હરિઃૐ

## જીવનને મહાલવાકેરો

'વીતવવું ભાવથી જીવન', જીવન તે સાચું જીવન છે,
હૃદય તે તત્ત્વ ઊગવાથી ભજન કેવાં ગવાયાં છે !

ભજનનો ભાવ ન્યારો છે, ભજનની મસ્તી અણકથી તે,
ભજનના ભાવથી જીવન અનેરું ભવ્ય ઝળકે છે.


ખુમારી ને ખમીર ઉભય શું પ્રત્યક્ષ પ્રગટતાં શાં !
ખબરદારી, ટટારી તે ખમીર, ખુમારીથી કેવાં !

ખુમારી ને ખમીર તેવાં જીવનને મહાલવાકેરો
-અનુભવ દિવ્ય બક્ષીને, જીવનને ધન્ય કરતો શો !

હરિઃૐ

# ખંડ - ૨

# જીવન વિચ્છિન્ન ના ક્યાંયે



અનેકે જન્મજન્માંતર જીવન સંધાયેલું છે તે,
સમગ્રે તાંતણે એક જ, જીવન વિચ્છિન્ન ના ક્યાંયે.

હરિઃૐ

# તમન્ના અગ્નિસમ જે છે

જીવન ઉત્કટમહીં ઉત્કટ તમન્ના અગ્નિસમ જે છે,
મથાવ્યા તે સતત કરશે પડ્યા રહેવા ન દેશે તે.

ઊથલપાથલ કરાવીને સલામત સ્થિતિમાંયે તે,
કદી ટકવા ન પણ દેશે, ઉગાડ્યા તે નવું કરશે.

હૃદય તત્પરતા, તૈયારી નૂતન સ્વીકારવા કાજે,
કરવવા યોગ્ય ભૂમિકા તમન્ના ઝંખના સેવે.

તમન્નાથી મથાયું છે, તમન્નાથી ટકાયું છે,
તમન્નાથી ચઢાયું છે, તમન્નાથી જિવાયું છે.

હરિઃૐ

# જીવનવિકાસને પંથે

જીવનવિકાસને પંથે તમન્ના યોગ્ય ઔષધ છે,
તમન્નાના સહારાથી જીવનનું યોગ્ય બનતું છે.

જીવનનાં ઉચ્ચમાં ઉચ્ચ ઊંચે ચઢતાં પગથિયાંમાં,
તમન્નાથી જ બુદ્ધિમાં વિવેક સૂક્ષ્મ પ્રગટ્યો છે.

જીવનના ઊર્ધ્વ આરોહણ વિશે વિવેક સદ્‌ગુરુ છે,
જીવનનો સદ્‌ગુરુ સાચો વિવેક યોગ્ય પોતે છે.

વિવેક સદ્‌ગુરુએ દિલ મને માર્ગે ચઢાવ્યો છે,
નયન વિવેકથી સાચાં જીવનમાં તો મળેલાં છે.

હરિઃૐ

## મનન ચિંતન સતત હૃદયે

જીવનના ધ્યેયને વિશે મનન ચિંતન સતત હૃદયે
-થતું શ્રેયાર્થીને, જેથી પરખ લગનીની થાયે છે.

જીવનના ધ્યેયની લગની સતત ગોદાટી કરી કરીને,
જવા ધક્કેલતી આગળ, શું અણનમ જોશ **એનું** છે !

સતત રમમાણ બસ ધ્યેયે લગાતાર રહે હૃદયે,
જીવનના કોયડા એવા બધા ઊકલતા શા રહે છે !

સમયની તે જીવનમાંની શી દૃષ્ટિ સૃષ્ટિ ન્યારી છે !
અમર્યાદિત બધું એનું જીવન જે તે થતું રહે છે.

હરિઃૐ

## કરામતથી ચરણ તે શો !

નરી બાલિશતાવાળો, સમૂળગો છીછરો કેવો !
શું નખશિખ ખૂબ માતેલો ! કશા જાદુથી ચરણે શો !

હરાયા ઢોરના જેવો, રખડવામાં વળી શૂરો,
નધણિયાતો ખરેખર શો ! કરામતથી ચરણ તે શો !

પતિતોમાં પતિત તે શો ! વળી ચસકેલ ભેજાનો,
યુવાની તોરથી ફાટ્યો કશીક હિકમતથી ચરણે શો !

શરીરના રોગનું નિમિત્ત ખરેખર તે હતું માત્ર,
સ્મરણને લેવરાવાને બનવવાને ચરણ પાત્ર.

હરિઃૐ

## તપશ્ચર્યા કરાવી છે

હૃદય જાગ્યા તહીંથી શી સવાર તો થયેલી છે !
ટકવવા તેજ-અજવાળું મથ્યા કેવું જવાયું છે !

મથામણ સૂક્ષ્મ ને સૂક્ષ્મ થતી જે એવી ચાલી છે,
ભૂમિકા ઊર્ધ્વની સૌથી મથામણ કોઈ ન્યારી છે.

ભૂમિકા કોઈ એવી ના જહીં મથવું પડે ના તે,
ભલે ઓચિંતું કૈં મળતું છતાં પાછળ રહ્યું તપ છે.

તપશ્ચર્યા વિના સિદ્ધિ કશી કોઈ વાતની ના છે,
કૃપાએ શો મથાવીને તપશ્ચર્યા કરાવી છે.

હરિઃૐ

## હૃદય લગની શી લાગી છે !

મહામુશ્કેલીમાંથી તે જીવનને જેમ ત્યમ કરીને,
કૃપાથી તારવી લઈને પદે પ્રેમે ધરાવ્યું છે.

હવે જે કરવું ઘટતું હો બધું તે યોગ્ય તું કરજે,
ગમે જેવું તને, મુજને પ્રભુ ! તે રીત તું ઘડજે.

'ન ચૂં કે ચાં હું કરવાનો' હૃદય નિશ્ચય થયેલો છે,
તને ગમતું થવા દેવા હૃદય લગની શી લાગી છે !

સમર્થ જ્યાં **હરિ** જેવો ધણી મુજને મળેલો છે,
પછી ચિંતા ફિકર શાને ! હવે બસ મસ્ત જીવવું છે.

હરિ:ૐ

## સ્મરણના ભાવને લીધે

જીવનનાં મર્મ ને હાર્દ સ્મરણના ભાવને લીધે,
કળાવા દિલ લાગીને ઊંડું ત્યાં ઊતરાયું છે.

સ્મરણનો જ્યાં સમય વધતાં સ્મરણની ખુશબો દિલમાં
-જીવનમાં સ્પર્શતાં, નુસખો નૂતન રસમે ખીલેલો છે.

કળા નૂતન જીવનની તે જુદી જુદી અનેરી છે,
નૂતન જીવન જુદાં જુદાં, જુદી શક્તિ શી એની છે !

સ્વરૂપ પ્રત્યેક શક્તિનું જીવન નોખા વિશે જુદું,
અનેકે રૂપ એવાં શાં જીવનનાં તો નિહાળ્યાં છે.

હરિઃૐ

## નવી દિશા ઉઘાડી છે

સ્મરણ ઝલકની છાલક શી જીવનને સ્પર્શી સ્પર્શીને,
જીવન નૌતમ બનવવાને શી ઉપયોગી જ નીવડી તે !

જીવન ઘડતરની દિશામાં સ્મરણને ધારણા ભાવે,
નવાં શાં ડગ ભરાવીને નવી દિશા ઉઘાડી છે !

પ્રકાશ દિવ્ય ઝળહળતો નવી દિશા જીવનનો તે,
નયન દિલને શું આંજી દે ! હૃદય ગભરાવી મૂકે છે.

છતાં ચેતન પરત્વેની જીવંતી ધારણા રહે જે,
ખબરદારી પરિપક્વ, રખાવી તે જિવાડે છે.

હરિઃૐ

## हरि તો એકધારો છે

સ્મરણ **हरि**નું, સ્મરણ **हरि**નું, થયા કરતું હૃદયમાં જે,
સ્મરણના નાદનાં સ્પંદન નિરંતર શાં સ્ફુરે છે તે !

નિરંતર એકધારું તે સતત સ્પંદન થયા કરતે,
પ્રક્રિયા તેવી સ્પંદનથી શું ક્રમ મૂળ ઑર બદલે છે !

જીવનપલટા જુદા જુદા જુદે જુદે તબક્કે છે,
વળી પ્રત્યેક પલટામાં તબક્કા કિંતુ ન્યારા છે !

પ્રદેશે ઊર્ધ્વ જીવનના અનેકે શા તબક્કા છે !
તબક્કામાં શા પ્રત્યેક **हरि** તો એકધારો છે.

હરિઃૐ

# જીવનનો મુખ્ય ખોરાક

જીવન જો જીવવાનું છે ભજનથી તો જિવાજો તે,
જીવનનો મુખ્ય ખોરાક ભજનનો શો અમારો છે !

ભજનનો આશરો લઈને હૃદયથી પ્રાર્થના થઈ છે,
હૃદયની પ્રાર્થનાથી શો સહારો દિલ મળેલો છે !

જીવનપથ ગૂંચવાતાં જ્યાં હૃદયથી પ્રાર્થના થઈ છે,
મળંતાં સુધી ઉકેલ રટાયા ત્યાં જવાયું છે.

નિરંતરના ભજનભાવે ટકી રહેવું બન્યું જ્યાં તે,
બધા ઉકેલની ચાવી ચપોચપ શી મળી ગઈ છે !

હરિઃૐ

## જીવન મસ્તી ચઢેલી છે

સ્મરણમાં મગ્ન ભરપૂર તે રહેવાને મથાયું છે,
સ્મરણ લતથી હૃદય ભાવ સદા બઢતો રહેલો છે.

હૃદયના ભાવને લીધે ભર્યું ભર્યું દિલ લાગે છે,
પ્રસન્ન, શાંત દિલ કેવું પરોવાયેલ ભાવે તે !

જીવન નિશ્ચિંતતા વ્યાપી, નિરાંત શી વળેલી છે !
હૃદય નિર્ભય થવાઈને પ્રભુ ગાન ગવાયું છે.

ભજનના ભાવથી કેવી જીવન મસ્તી ચઢેલી છે,
હૃદય અલમસ્ત મસ્તીના ઊંડા ભાવે રસાયું છે.

હરિઃૐ

# ગરજ પ્રગટાવી તેં દિલમાં

પકડવાનું સ્મરણ સાધન નિમિત્તે તેં સુઝાડ્યું છે,
વળગી રહેવા જ સાધનને હૃદય તેં ખંત બક્ષી છે.

સતત ઉદ્યમ થકી સાધન જીવનમાં જકડી લેવાને
-ગરજને કારણે કેવું મથાયા તે જવાયું છે !

મથામણ જે થતી રહી છે, ગરજ ત્યાં મુખ્ય કારણ છે,
ગરજ એવી મળી એ તો કૃપા બક્ષિસ ઉત્તમ તે.

ખરા બોથડ, મૂરખથી **આ** મનાયું ના હતે જે, તે,
ગરજ પ્રગટાવી તેં દિલમાં મને કેવું મનાવ્યું છે !

હરિઃૐ

## સમન્વય થઈ ગયેલો છે

સ્મરણની ભાવનાકેરી હૃદયની ધારણા જે છે,
જીવન સાચું અમારું તે, વિના બીજું જીવન ના તે.

**हरि**નો ભાવ મૂળે જે પ્રકૃતિમાં રહેલો છે,
હૃદય સભાનતા તેની પ્રગટતી, તે જ જીવન છે.

કહ્યાગરી સાવ સંપૂર્ણ પ્રકૃતિ ધારણાને તે,
પ્રકૃતિએ પિછાણીને **हरि**ભાવ ગ્રહેલો છે.

હવે વિખવાદ ના કોઈ, સમન્વય થઈ ગયેલો છે,
સમાધાન પૂરેપૂરું પરસ્પરમાં થયેલું છે.

હરિઃૐ

## ખરું જીવવાનું સાધન તે

શરીરના દમના કારણથી કશો દમ ના જરા રહે છે,
કૃપાથી તોય પણ કેવો જીવંતો દમ હૃદયમાં છે.

**हरि** સ્મરવાની આદત જે જીવનમાં શી પડી ગઈ છે !
હૃદય લતના બળે તેવા બધો દમ તો જીવનમાં છે.

જીવનમાં દમ પરે દમ શો પડે છે ઘૂંટવો પળપળ !
સ્મરણની જાગૃતિ દમથી મળ્યા કરતું રહે છે બળ.

અમારે જીવવાનું છે **हरि**ના સ્મરણ પર નિત્યે,
શું શ્વાસોશ્વાસ **हरि** સ્મરણું ખરું જીવવાનું સાધન તે !

હરિઃૐ

## જીવન જીવ્યા કરેલું છે

સ્મરણથી ભાવની માળા **હરિ**ચરણે ચઢાવીને
-**હરિ**માં એકરસ ઠરવા હૃદય મુરાદ જીવતી છે.

અભિલાષા હૃદય ઉત્કટ શી ચેતેલી ભભૂકતી છે !
**હરિ**માં રાખવા જીવતો મદદ-સહાય ખરેખર તે.

'હૃદયના ભાવ વિનાનું જીવન જીવવું જ, મૃત્યુ છે',
હૃદય સમજાયું પાકું તે, જીવનની શક્તિ ભાવ જ છે.

સતત આરાધના તેથી કરેલી ભાવની જીવને,
મહત્ત્વ ભાવને દઈને જીવન જીવ્યા કરેલું છે.

હરિઃૐ

# કૃપા તો સાથ આપે છે

સ્મરણથી ભાવ જીવનમાં ઊગવવાને મથેલો છું,
કૃપાનો સાથ નિત્યે છે, પ્રયત્ને જો જીવંતા છો.

કૃપાનો સાથ સહજ પોતે સહજ પોતે જીવન બનતાં,
થતો પ્રત્યક્ષ વર્તાતો, અનુભવમાં પ્રકાશે ત્યાં.

કૃપાના બૂમબરાડાને શું ખાલી વ્યર્થ પાડ્યાથી,
કૃપા હોવા છતાં, વ્યક્ત જીવનમાં તે ન દેખાતી.

કૃપા તો સાથ આપે છે, પુરુષાર્થે ખરાખરીના,
પૂરા તે જીવસટોસટના પ્રયત્ને વર્ષતી રહે ત્યાં.

હરિઃૐ

## છતાં ના અંત એનો છે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણ લેતાં જવાયું છે,
સ્મરણની આમદાનીથી જીવનમાં ભાવ લાગ્યો છે.

જીવનમાં લાગતાં લગની સ્મરણની દિલ સભરતાની
-જીવનમાં ફોરી મહેકે છે, જીવન મસ્તી અનુપમ શી !

જીવન જીવતાં, જીવન જીવતાં, ભૂમિકા તે પ્રમાણેમાં,
જીવનની ઊર્ધ્વ ભૂમિકા તબક્કા શી વટાવે ત્યાં !

જીવનની આખરી મંજિલ પરે દિલ ચોટ લાગી છે,
પહોંચાતાં, પહોંચાતાં ન છેડો ક્યાંય આવે છે.

અનંત હારમાળાઓ જીવનમાં એક પછી એક
-વટાવાતું જવાતું છે, છતાં ના અંત એનો છે.

હરિઃૐ

# થવું સર્વોપરી ચહ્યું છે

ભયંકરમાં ભયંકર શી ગરીબાઈ અનુભવી છે !
સહ્યાં અપમાન, અન્યાય બહુવિધનાં જીવનમાં તે.

ઊંચે ચઢવાની જીવનમાં ગરજ લાગી હતી હૃદયે,
ગરજને કારણે તીવ્ર સહેવાયું બધું તે તે.

ગરીબને અવગણી કેવું બધાં જે તે જ ધુતકારે,
ગરીબને પગ તળે ચગદી ગરીબને ચૂસતાં જે તે.

ગરીબાઈ જ ટાળીને, કશુંક કરી જેથી એવું જે
-બધાંથી પર જીવી ઊંચે થવું સર્વોપરી ચહ્યું છે.

હરિઃૐ

# થવા ઊંચે જ ધારીને

અમે ધપ્પા બધાંનાયે જીવન ખાધા કરેલા છે,
તિરસ્કાર જીવનમાંહે હૃદય ચાખેલ કેવો તે !

હૃદય લાગેલ રઢ ઊંડી શી ભણવાની જ તે વેળા !
જીવનની નેમ તે ફળવા બીજું ગણકાર્યું છે કંઈ ના.

બધાંથીયે જીવનમાં તો થવા ઊંચે જ ધારીને,
બધાં જેમાં અને તેમાં હૃદય તે લક્ષ્ય ધાર્યું છે.

જીવન તે લક્ષ્યને વીંધવા બધી મહેનત થઈ જે જે
-થતી કઠણાઈમાં તે તે હૃદય દાનત શી જીવતી તે !

હરિઃૐ

# જીવનમાંનું રળાયું છે

ગરીબીમાં હુકમ સહુનો અમે પ્રેમે ઉઠાવ્યો છે,
થવાયું નમ્રમાં નમ્ર જીવનમાં તેથી તો હૃદયે.

ગરીબીથી જ જીવનમાં ઘણું શીખવા મળેલું છે,
સહનશક્તિ, ધીરજ તેથી જીવનમાં કેળવાયી છે.

કહ્યું કરવાની ટેવેથી બધાંનીયે પરત્વે તે,
હૃદય સદ્‌ભાવ કેળવવા ઊંડું શું ભાન જાગ્યું છે !

બધાંના દોષ જોવાનું હૃદય ના પાલવેલું છે,
ખરેખર તેથી રળવાનું જીવનમાંનું રળાયું છે.

હરિઃૐ

## ખરેખર કેડી લાધી છે

ગરીબીયુક્ત જીવનમાંથી ઊંચું ચઢવા વિશે ભાન
-ગરીબી સાલતાં ઊંડી ખરેખર તીવ્ર જાગ્યું છે.

હૃદયમાં તીવ્રતમ ઊંડા ખરા તરવરતા તે ભાને,
સતત જે એનું એ કેવું થયા ચિંતવન કરેલું છે.

પ્રક્રિયા ચંક્રમણકેરી હૃદય ચાલ્યા કરેલી જે,
મને એમાંથી ચઢવાની ખરેખર કેડી લાધી છે.

ઊંડામાં ઊંડું જે વિશે હૃદય જેનું સતત રહે છે,
પૂરું ચેતેલું જે ભાન જીવન તે મેળવી લે છે.

હરિઃૐ

# અમે પડકારવાનું તો

હૃદય ઉપયોગની દૃષ્ટિ જીવનમાં સાંપડેલી જે,
સદા ઉપયોગમાં લઈ તે જીવનનું કામ લીધું છે.

કળા ઉપયોગનીથી તે સમજવાનું મળેલું છે,
નવી નવી શી સમજદારી જીવન તેથી ફળેલી છે !

નવું નવું શીખવાકેરો હૃદય ઉત્સાહ પ્રગટે છે,
નવાં જોખમ, નવાં સાહસ નવા પંથે મળે શાં તે !

પરાક્રમથી, પૂરેપૂરી હૃદય મર્દાનગીથી તે!
-અમે પડકારવાનું તો બીડું ઝડપેલું છે પ્રેમે.

હરિ:ૐ

# હૃદય ભક્તિ ઊગેલી છે

જીવનમાં દુર્ગુણો છે જે ખરેખર નામ માત્ર જ છે,
નિરંતરના સ્મરણજળથી શું ધોવાયા કરેલા છે !

હવે હોવા છતાં તે તે ન તેનો પાસ લાગે છે,
શી ક્ષુલ્લક માત્ર છાયા તે, ભુંસાવા તેય લાગી છે.

મહત્ત્વ ગુણ કેળવવા જીવનમાં નિત્ય આપ્યું છે,
હૃદય હંમેશ દુર્લક્ષ પ્રતિ દુર્ગુણની રાખ્યું છે.

જીવનની ભક્તિ કેળવતાં ગુણો કેવા ખીલેલા છે !
થતાં રહેતાં સતત સ્મરણે હૃદય ભક્તિ ઊગેલી છે.

હરિઃૐ

# જીવનનો હેતુ ફળવાને

જીવનમાં સાચી રીતે જે મથી સંગ્રામ ખેલે છે,
પળો આંધીતણી તેને જીવનમાં સાંપડે શી તે !

અખંડિત જાગૃતિ હૃદયે જીવનના ધ્યેય પ્રત્યેની
-સદા શ્રેયાર્થીને જીવતી રહે ચેતેલ ધગધગતી.

બધાં સંકટ, બધી આંધી, બધા પ્રશ્નો, ગૂંચો જે જે
-જીવનમાં ઊઠતાં, તેનો શું જબ્બર સામનો કરશે.

જીવનનો હેતુ ફળવાને ખરો સંગ્રામ ખેલે જે,
જીવનની શક્તિ ખીલવી તે, ખુમારીથી જીવન જીવશે.

હરિઃૐ

# અતુલ બળ એણે પ્રેર્યું છે

કદીક શ્રેયાર્થી છો હારે પરંતુ દિલમાંનો જે
-જીવન પ્રત્યેનો ઊંડો એ શો આશાવાદ જલતો છે !

કદી શ્રેયાર્થીને ક્યાંયે જીવનમાં ના નિરાશા છે,
નિરાશાના પ્રસંગો હો, છતાં તરતો રહે ત્યાં તે.

ખુમારી ને ખમીર બન્ને જીવનમાં સાથ ને સાથ
-સદા રાખ્યા કરી હૃદયે જીવનનો કાપતો પંથ.

ખરેખર જીવસટોસટના પ્રસંગો કૈંક આવ્યા છે,
ઊભા રહી ત્યાં ટકી શકવા અતુલ બળ **એણે** પ્રેર્યું છે.

હરિઃૐ

## અભિમુખતા શી સેવી છે !

ગમે તેવી પરિસ્થિતિ મળેલી હોય જીવનમાં,
કદી લાચાર શ્રેયાર્થી ન તેનાથી બને દિલમાં.

હૃદયમાં ઝંખના જલતી રહે છે ઉગ્રમાં ઉગ્ર
-સદા શ્રેયાર્થીને દિલમાં ભભૂક્યા શી કરે ઑર !

જીવન તે ઝંખનાકેરું રહે દિલ પ્રજ્વલિત કેવું !
પ્રયત્ન શા કરાવીને જીવન ધક્કેલતું રહેતું !

ખરેખર તેથી મેં જીવન હૃદયની ઝંખનાને જે
-હૃદયમાં સાચું માની તે અભિમુખતા શી સેવી છે !

હરિઃૐ

## હૃદય લાગી પડેલું છે

જીવનમાં હાથ ને સાથ પ્રભુ શો આપવામાં છે !
પ્રભુ જેવો બીજો કોઈ ન સાથીદાર જીવને છે.

જીવન કરવાનું જે, તેમાં હૃદય લાગી પડેલું છે,
ખુશીથી **મરજીવો** માર્ગ અમે હર્ષે સ્વીકાર્યો છે.

અમે સંસારમાં મરવું ઉમળકાથી ચહેલું છે,!
ખુદીની રાખ મરી મરીને અમે તન પર લગાવી છે.

જીવનમાં ભોમિયો **હરિ**ને હૃદય સાથે જ ધારીને,
પથે ચાલ્યા કરેલું છે, બધું સંભાળ્યું **એણે** છે.

હરિઃૐ

## જીવનનો ખેલ માંડ્યો છે

અમે સંસારમાં મરતાં શીખી લીધું કૃપાથી તે,
જીવનમાં **मरजीवा** રહીને જીવનનો ખેલ માંડ્યો છે.

ફર્યાં કરીને ઘૂઘરમાળ કશો દા'ડો વળ્યો ના છે,
ફરી ફરી તે જ સમજાતાં થવાયું છે જ તત્પર તે.!

કૃપાનું તે જ લક્ષણ મેં હૃદયમાં માની, ધારીને
-**हरि** સંબોધવાનું તો કર્યાં કર્યું મેં સતત હૃદયે.

કદી અટવાઈ જવાતાંમાં **हरि**ને સાદ દઈ-દઈને
**हरि**ના હાથ ને સાથ લઈ લઈ હું ટકેલો તે.

હરિઃૐ

## પમાડ્યું છે નૂતન જીવન

જગત વ્યવહાર વર્તનમાં જીવનના સર્વ સંબંધે,
અભિમુખતા **हरि**કેરી જીવંતી મોખરે ધરી છે.

સદા ગંભીર પૂરેપૂરા છતાં હળવા પૂરા પાછા,
કૃપાથી કેળવાઈ છે જીવનની શી મુલાયમતા !

નિરાગ્રહ દિલ નિરભિમાન, અભય ને મૌન, એકાંત,
બધાં સાધન કરાવીને પમાડ્યું છે નૂતન જીવન.

જીવનમાં તે હૃદય પોરસ ફરી ફરીને ચઢાવીને
-મને નાદાનને કેવો પથે પ્રેર્યા કરેલો છે !

હરિઃૐ

# જીવનવિકાસનું કર્મ

બધું ખુલ્લું દીવા જેવું તને મારું બતાવીને,
બધો હિસાબ કરવાનો અમે તો માંડી વાળ્યો છે.

તને પદમાં નિરંતર તો બધું જે તે નિવેદીને,
જીવનમાં ફૂલના જેવા અમે હળવા રહ્યા કરીએ.

જીવન હળવાશ ભૂમિકા પ્રવર્તેલી રહે જીવતી,
જીવનવિકાસનું કર્મ ખરું ચાલ્યા કરે દિલથી.

કંઈક મુશ્કેલી પડતાંમાં **હરિ**ને સાદ પાડીને
-જણાવાતાં, મતિ ખુલ્લી થતી, ત્યાં માર્ગ સૂઝે છે.

હરિઃૐ

# કૃપા તેને મળેલી છે

સતત મનને ભીંજાવાનું કર્યાં કર્યું છે **हरि** ભાવે,
બધાં પર્વત સમાં સંકટ હૃદય તેથી ન લાગ્યાં છે.

જીવન કેવળ કૃપા તારી પરે મેં તો નિભાવ્યું છે,
કૃપા એની શી ઝળહળતી બધાં પર તો વરસતી છે !

પરંતુ દિલ અજ્ઞાને શું અંધારા વિશે રહીને
-કૃપાને શોધવા મથતા, બધા મિથ્યા પ્રયત્નો તે.

**हरि**ની દિલ સન્મુખતા હૃદય જેને શી જલતી છે !
કૃપા શી આપ સાક્ષાત્ જીવન તેને મળેલી છે.

હરિઃૐ

# જરૂર ઉપયોગ લીધો છે

કશું પણ તાણી તાણીને તણાઈને તણાઈને,
તવાઈને કશું બેળે કદી ના કંઈ કરેલું છે.

જીવનવિકાસ કરવાની હૃદય લગની ઊઠેલી જે,
જીવનમાં એવી લગનીએ હૃદય પ્રેરાવિયો શો છે !

હૃદય એકાગ્ર, કેંદ્રિત થઈને ભાવથી જીવને,
હૃદય પ્લાવિત થતાં ભાવે છતી શક્તિ થયેલી છે.

થયેલી તે છતી શક્તિતણું દિલ ભાન ઊગ્યું છે,
જીવનહેતુ ફળવવાને જરૂર ઉપયોગ લીધો છે.

હરિઃૐ

## જીવનનું સૌ થતું રહે છે

જીવન અવ્યક્ત **હરિ**નું જે ક્રિયાકેરી ગતિ સ્વરૂપે,
કરાવીને વહન ભાવે પૂરું તે મુક્ત દર્શન છે.

સકળ પ્રકારની જે જે મળેલી પ્રવૃત્તિ વિશે,
પ્રભુ, ભર્તા, વળી ભોક્તા શું સ્વામી, સાક્ષી પોતે તે !

પ્રકૃતિનાં અકળ કરણો બધાં સહકાર હર્ષે દે,
બધાં કરણો વડે કરીને કરે દર્શન **હરિ**નાં તે.

જીવનમાં આત્મનિષ્ઠ જ જે થતું રહેતું બધું તે તે
-પ્રકૃતિના બની સ્વામી જીવનનું સૌ થતું રહે છે.

હરિઃૐ

## पुरुष જાગેલ છે જેને

પ્રકૃતિ પર વિજય પૂર્ણ અનુભવવાની કક્ષાએ
-પ્રવર્તવાનું થતાં, સાધન ફળેલું જાણવું નિશ્ચે.

પ્રકૃતિને મૂળે એના, રહેલું છે નહિ સહેજે,
પ્રકાશ, શક્તિ ને જ્ઞાન, શું સાક્ષી ભાન તે હૈયે.

મહોર પ્રકૃતિ ઉપર રહે લગાડવાની તે,
पुरुष જાગેલ છે જેને, અનુભવી તે જ સાચો છે.

પ્રકૃતિ એની મેળે તો કશું ના માની લેતી છે,
થયા વિના હૃદય નક્કર અનુભવ ચેતનાના તે.

હરિઃૐ

# મળ્યાં વિકાસ અર્થે તે

અવિદ્યાની અશુદ્ધિઓ અનેકે જાતની શી છે !
જુદી જુદી બહુ કક્ષા અશુદ્ધિની જીવનમાં છે.

જગત, વ્યવહાર, સંસાર મળ્યાં વિકાસ અર્થે તે,
હૃદયની ભાવના એવી કૃપાથી દિલ થયેલી છે.

બધું સાફલ્ય જીવનનું શું કેળવવા મળેલાં છે !
બધા સંસારને એવા હૃદય ભાવે ભજેલો છે.

પ્રભુનો ભાવ અવતરવા નિમ્નમાં નિમ્ન રજ વિશે
-સમર્પણ, દિલ ન્યોછાવર થયા કર્યું પદ, કૃપાથી તે.

હરિઃૐ

# સ્વરૂપ સાચું હરિનું છે

ભરોંસો સર્વ પ્રભુની પર જીવનનો તો થયેલો છે,
ભરોંસાથી જ જીવનનું અમારું સર્વ ચાલે છે.

સ્તવી સ્તવીને, ભજી ભજીને હૃદયના ભાવથી અંતર
-હૃદય સંતોષ મેળવવા, **હરિ**થી તે હૃદય નેમ.

**હરિ**ના **ગુણ** ને **ભાવ** સ્વરૂપ સાચું **હરિ**નું છે,
હૃદય પ્રત્યક્ષ જીવનમાં કૃપાથી તે ઉતાર્યું છે.

જીવનમાં **ભાવ** ને **ગુણ** શું વર્તતાં જ પ્રત્યક્ષે !
**હરિ**નાં તે સ્વરૂપને શાં જીવનમાં તો નિહાળ્યાં છે !

હરિઃૐ

# ચહેલું મૂળ ધારેલું

જીવનશ્રેયાર્થી કોઈ પડતો જીવનમાં લાગતો, તોયે
-શું નક્કર દિલમાં અણનમ ટકોરાબંધ જીવતો તે !

કદી પાછો પડે તોયે ન ડર એને કશાનો છે,
જીતીને મૃત્યુને, એ તો જીવે પોતે અભય થઈને.

સદાયે ઝંખતો ઉત્કટ જીવનના ધ્યેયને હૃદયે,
પૂરું સાકાર કરવાને હૃદય કૃતનિશ્ચયી શો તે !

ચહેલું મૂળ ધારેલું મૂકી મરણાંતરે ના દે,
જીવનનું ધ્યેય સંપૂર્ણ થવા સાકાર જીવે તે.

હરિઃૐ

# સ્મરણ કોઠે જડેલું છે

સમજવાને જીવનને આ મતિ ઉપયોગ ના'વી છે,
બહુ ખત્તા બહુ ઠોકર ખરેખર વાગતાંયે તે.

ગરજને કારણે કિંતુ સ્મરણ કીમિયો મળેલો જે,
અમે ઉપયોગ તે કરતાં, થવા માંડ્યું સ્મરણ દિલ તે.

થયા કરતાં, થયા કરતાં સ્મરણ એવું જીવનમાં જે,
ગરજના મૂળમાં કેવો જીવનપલટો થયેલો છે !

અનુભવ આવતાં તેવું બહુ પ્રત્યક્ષ નીરખીને,
સ્મરણમાં તથ્ય લાગ્યાથી સ્મરણ કોઠે જડેલું છે.

હરિઃૐ

## ન બેસી તે કદી રહે છે

જીવનનો મસ્ત લડવૈયો મૂકી શિર તે ઝુકાવે છે,
છતાં તોયે કદીક પાછો પડે સમરાંગણે પોતે.

ખમીર, હિંમત, વળી સાહસ, ધીરજ ના ખોઈ બેસે તે,
ફરી ખંખેરીને ધૂળ નવાં ડગલાં ભરે છે તે.

અનંત જે હૃદય શ્રદ્ધા ખૂટે એની ખૂટે ના તે,
જીવનસંગ્રામમાં પોતે કરી ઝઝૂમ્યા રળે છે તે.

કદીક રળવા વિશે ખોટ જતી એને શી લાગે છે !
કપાળે હાથ દઈ ત્યારે ન બેસી તે કદી રહે છે.

હરિઃૐ

## હજારો હાર છો મળતી

હરાતું હો જીવન યુદ્ધ, બધાં રણ મોરચે, છોને
-પડાતું પાછું હો, તોયે અમે ના યુદ્ધ છોડ્યું છે.

ભલે હારી જવાતું હો, નસેનસ તૂટતી છોને,
જવાંમર્દી શી સંકોરી મથેલા શા ઝઝૂમવાને !

‘ગમે તેવું ભલે બનતું, ઝઝૂમ્યા ખંતથી કરવું’,
જીવનનો ધર્મ પ્રીછી તે સદા આચરતા રહેવાનું.

હજારો હાર છો મળતી, મથ્યા ઉદ્યમથી રહેવાતાં,
કદીક એમાંથી જયવારો જરૂર મળવાનો જીવનમાં.

હરિઃૐ

## ખરેખર મર્દ સાચો તે

જીવનમાં આકરામાં શી કસોટી આકરી આવ્યે,
ખમીર, પાણી ખરું કેવું શું કેટલું ખાસ પરખાયે !

જીવનમાં બઢતી ને ચઢતીમહીં કૈં ના કસોટી છે,
જીવનની પડતીમાં પાણી કસોટીમાં જણાયે છે.

જીવનની ચઢતી બઢતીમાં બધાં પોરો ચઢાવે છે,
જીવનની પડતીમાં લાતો સ્વજન પણ કેવી મારે છે !

જીવનની પડતી સ્થિતિમાં હૃદય મર્દાનગીથી જે,
ટકી જે જીવતો રહે છે, ખરેખર મર્દ સાચો તે.

હરિઃૐ

# જીવનની સાધનામાં તો

પ્રમાણિકતા, વફાદારી, સરળતા, દિલ સચ્ચાઈ,
મુલાયમ નેકદિલી ને જીવનની સહૃદયતા શી !

જીવનમાં આચરાતાં સૌ ગુણો તે ભાવથી કર્મે
-પ્રવર્તાવે, જીવનનિષ્ઠા, વિકાસે એ જ ખપની છે.

વિના પ્રગટ્યા ખરા દિલની જીવનમાં **एकनिष्ठा** જે,
જીવનની સાધનામાં તો ખરો પુરુષાર્થ ના પ્રગટે.

વિષયનું હાર્દ મેળવવા, વિષયમાં **एकनिष्ठा** ને
-પ્રતિષ્ઠા પૂર્ણ કરવાની રહે શ્રેયાર્થીએ હૃદયે.

હરિઃૐ

## કિનારો હાથ લાગ્યો છે

જીવનનું યદ્વાતદ્વા સૌ ચરણમાં જ્યારથી જીવન
-સમર્પણ પદ થયા ગયું છે, બધું નેવે ચઢેલું છે.

હવે તો પાંસરે સીધે પથે તે ચાલવાનું છે,
ન આડીતેડી કંઈ મનથી નજર કરવાની તે રહે છે.

છતાં છટકી જતું કેવું કદીક મન આમથી તેમ,
પદે પાછું હું ઠેકાણે મથું છું લાવવા ક્ષેમ.

ઘણી વેળા લૂંટાયો છું, છતાં કોઈએ ન જાણ્યું છે,
ચરણની ઓથથી તરતાં કિનારો હાથ લાગ્યો છે.

હરિઃૐ

# થતું તે વ્યક્ત આ જીવને

ભયંકર પાયમાલીમાં જીવન પેસી ગયેલું જે,
છટકવા એકયે બારી ન ક્યાંયે તો રહેલી છે.

‘ન જાણું શી રીતે મુજને સકંચેથી છટકવા તે
-થયું દિલ કારમું ઉત્કટ’, ખરું આશ્ચર્ય દિલનું તે !

ભૂગર્ભે પ્રક્રિયા ચાલી રહેલી સૂક્ષ્મમાં સૂક્ષ્મ,
ફૂટી શી નીકળેલી તે નિમિત્તે કોઈક અકલ્પ્ય.

સમગ્રતા સળંગે છે ! સમગ્રતાતણા ગર્ભે
-શું બંધાયેલ જે સૂક્ષ્મ ! થતું તે વ્યક્ત આ જીવને.

હરિ:ૐ

## કૃપા તુજ કામ લાગી છે

હૃદયનો પ્રાણ થનગનતો જીવન ચેતન અનુભવવા,
શું ઘોડાપૂરનો વેગ હૃદય પ્રેરાવતો રહે છે !

કદીક ભૂલેચૂકે ક્યાંક જઈ અંજાઈ અજવાળે,
પથે ઓચિંતું ખચકાઈ પૂરેપૂરું જવાયું છે.

પ્રકાશ દિવ્યતાકેરો ખમાઈ ના શકાયો છે,
ઘડીકભર બાવરો દિલમાં બની કેવું જવાયું છે !

વળી જે ધારણા દિલની અખંડિત તેય કેવીયે
-બની છે ધૂંધળી, ત્યારે કૃપા તુજ કામ લાગી છે.

હરિઃૐ

# કૃપાથી સૌ થયેલું છે

અલૌકિકતાભર્યું દર્શન કરાવ્યું કંઈકનેયે તે,
માહાત્મ્ય તોય ના દિલમાં ન કોઈને વસેલું છે.

હૃદય પ્રગટ્યા વિના ભક્તિ થયું, પ્રત્યક્ષ મૌલિક જે
-જીવનવર્તન, છતાં માહાત્મ્ય ન ટકવાનું જરા પણ તે.

હૃદય ભક્તિ થવા પૂર્ણ હૃદય તે લાગી આવ્યું છે,
કટોકટી, જીવસટોસટના કર્યા તે માટ યત્નોયે.

કૃપા તારી વિના મુજથી તણખલાથી થઈ થઈ તે
-થઈ શકવાનું શું તે છે ? કૃપાથી સૌ થયેલું છે.

હરિઃૐ

## જીવન સાચું રળે છે તે

જીવન કહ્યાગરું પૂર્ણ કૃપાથી કેળવાયું છે,
કહેલું કાંઈ જે તેનું ઉમળકાથી જ માન્યું છે.

કહ્યું કરવા વિશે હેતુ નિરાગ્રહનો થવાનો તે,
હૃદયમાં ચેતનાત્મક શો અમે ધારણ કરેલો છે.

પડેલી કંઈક સમજણ જે ઊંધું એથી ચલાયું છે,
છતાં ત્યાં ભાન હૈયાનું થવાવા મુક્ત તેથી તે.

નિરાળી રીત હરિની છે, કઈ તે રીત શીખવે છે !
સમજ જીવંતી જેને ત્યાં, જીવન સાચું રળે છે તે.

હરિઃૐ

## સ્વજનને પ્રાર્થના દિલની

ગરજ જેના વિશે દિલમાં વધારેમાં વધારે છે,
નભાવી લેવું પડતું છે બધું તેનું સરળતાએ.

ટકોર્યાં જો કર્યું કંઈ છે, ચઢાવે ટેરવું નાકે !
અણગમો દિલ વર્તાયે, બધો મિજાજ બગડે છે.

જીવનમાં જોઈ વિચારી બને ના વર્તવાનું તે,
બધી ખામી અમારી તે **હરિ**ચરણે ઉઘાડી છે.

ભલે જેવા છીએ તેવા **હરિ** કેવો નિભાવી લે,
સ્વજનને પ્રાર્થના દિલની જતું કરી માફ કરજો તે.

હરિઃૐ

## સજીવન શો કરેલો છે

સ્મરણના નાદના ભાવે જીવન મહેકી રહેલું જે,
સુવાસે મઘમઘી ઊઠી નશો ઉન્માદ વ્યાપ્યો છે.

જમીન પર પગ ન ઠરતા છે, ઊડી ઊડીને જવાતું છે,!
અનુભવ તે જીવનકેરો ભુલાયો ના ભુલાયે છે.

ઘડીકભર ત્યાં ઠરી જઈને, રસાનંદે ડૂબી જઈને,
જીવનને મહાલી લેવાનું ખરેખર દિલ થયેલું છે.

પરંતુ સદ્‌ગુરુએ ત્યાં શું કીમિયો ઑર અદ્‌ભુત જે
-ચલાવી મુજ પરે પાછો સજીવન શો કરેલો છે !

હરિ:ૐ

## અમે તે વેચી ખાધી છે

બધાંની હોશિયારીની બધી સમજણ પડે અમને,
છતાં બોલાય ના એવી શી લાચારી અમારી છે !

'ન પાણીવાળું ને નબળું બધું એવાની પર ચાલે',
કંઈકને એમ વદતા મેં ખરેખર સાંભળેલા છે.

ભલભલા ભૂપ જેવાને કૃપાથી સંભળાવ્યું છે,
પરંતુ દાખલા તેવા બતાવાની જરૂર ના છે.

જગતજન-ની બધી અક્કલ ભલે હો તેમની પાસે,
અમારે તે ન ખપની છે, અમે તે વેચી ખાધી છે.

હરિઃૐ

## हरि લપ્પડ લગાવે છે

જીવનમાં કોઈ રીતે તો અમે ના પાંસરા છીએ,
**हरि**ચરણે સીધા પૂરા કૃપાથી શા વળેલા તે !

નથી વાંકાચૂકા ચરણે તહીં સાવધ રખાવે તે,
ચલાતાં કંઈક પણ ઊંધું **हरि** લપ્પડ લગાવે છે.

મળી શિક્ષા જીવનમાં તો ઘણીયે વાર એવી તે,
જીવન તો મહાપરાણે તે કંઈક ઠેકાણે આવ્યું છે.

નિશાળિયો ઘણો ઠોઠ કૃપાથી ઠામ આવ્યો જે,
હવે સંભાળીને જીવન ચલવવા હોંશ લાગી છે.

હરિઃૐ

# જીવન વિચ્છિન્ન ના ક્યાંયે

બધી શી સમગ્રતા જીવનતણી તે એકતારે છે !
**હરિ**થી સંકળાયેલી, કશું જુદું બીજું ના છે.

જીવન જુદાં જુદાં લાગે પરસ્પરથી ન સંબંધ,
છતાં ત્યાંયે પરસ્પરમાં પરસ્પરથી જ છે મેળ.

જીવન વીતેલની છાયા પડેલી આ જીવન વિશે
-નજર જેની ખૂંપેલી છે, પડે સમજણ ખરી તેને.

અનેકે જન્મજન્માંતર જીવન સંધાયેલું છે તે,
સમગ્રે તાંતણે એક જ, જીવન વિચ્છિન્ન ના ક્યાંયે.

હરિઃૐ

## જીવન હંસ બનાવ્યો શો !

પૂરા કથળેલ જીવનને પુનઃ તે યોગ્ય બનવાને,
હૃદય સમજણ શી તે માટે બરાબર તો પડી ગઈ છે.

શીખવવાનું હવે કંઈ પણ જરાયે ના રહેલું છે,
હવે તે કાજ આચરવું બધું જે તે થતું રહે છે.


કદી અથડાઈ પડતાંમાં, કદીક ભૂલ થઈ જતાંમાં તો,
કૃપાથી પાંસરો મુજને પૂરેપૂરો કરી દે છે.

હું નાલાયક, હતો ભૂંડ બધો મળ વીણી ખાતો'તો,
મને તેમાંથી ઉગારી જીવન હંસ બનાવ્યો શો !

હરિઃૐ

# ખંડ - ૩

# બધો ઈતિહાસ ન્યારો છે



રમત રમતાં, રમત રમતાં જીવન વિતાવી નાખ્યું છે,
ખબર દિલમાં પડી ગઈ કે જીવન તો કીમતી નાણું છે.

હરિઃૐ

## હવે નિશ્ચય થયો મનથી

રમત રમતાં, રમત રમતાં જીવન વિતાવી નાખ્યું છે,
ખબર દિલમાં પડી ગઈ કે જીવન તો કીમતી નાણું છે.

જીવન અણમોલ તે પાછું કશાથી ના મળી શકતું,
જીવન સાચવવા તેથી દિલ ખરેખર ખૂબ લાગ્યું છે.

મળે મનખો ન મહેનતથી, ન લક્ષ્મીથી, ન શક્તિથી,
મળ્યો છે, દિલ જાળવવા હવે નિશ્ચય થયો મનથી.

હૃદયથી યોગ્ય ભાળવણી થવાને તો મનાદિને
-કરીને સાબદા જાગૃત બધી તે સોંપણી કરી છે.

હરિઃૐ

# જીવનવિકાસ કરવાને

જીવનવિકાસ કરવાને સ્વભાવ જે પડેલો તે,
મળેલા સર્વ સંજોગો વળી શક્તિ જીવનમાં જે
-વળી દિલની તમન્નાને ફળવવા હેતુ, નિશ્ચય જે
-બધાંયે તે વિશે ઊંડું વિચાર્યાં મેં કરેલું છે.

ગયો વધતો ખરા દિલનો ઊંડો અભ્યાસ ચેતવતો,
જીવનને એથી તો ઊર્ધ્વે અવાવાનું થયેલું છે.

ઝલક પુરુષાર્થમાં અગ્નિ સમી દિલમાં ઝળકતી છે,
ધપાયા તેથી તો પંથે કૃપા બળથી જવાયું છે.

હરિ:ૐ

## જીવનને જાણવા સાચું

જીવનને જાણવા સાચું ગતાગમ ઊગી નહોતી ને
-જીવનનેય સમજવાનું કશું પણ દિલ નહોતુંયે.

સ્મરણના એકલા માત્ર થયા કરતા જ સાધનથી,
સમજવાની હૃદય દૃષ્ટિ જીવનમાં તેથી ઊગી છે.

નૂતન દૃષ્ટિ જ સાંપડતાં બધાંમાં સૃષ્ટિ નૂતન તે
-જણાવા લાગતાં, અદ્‌ભુત હૃદય આશ્ચર્ય લાગ્યું છે.

જીવનનું ઊર્ધ્વ આરોહણ ઉચ્ચમાં ઉચ્ચ શિખરે તે
-થતાં, પાછું જ અવતરણ શું થયા કરતું રહે નિમ્ને !

હરિઃૐ

## ઉત્કટ મનીષા છે

હૃદયથી પ્રાણ પાથરવાતણી ઉત્કટ મનીષા છે,
થવાને આરપાર જ શી તમન્ના આગ લાગી છે !

જીવંતી ઝંખના ભાવતણી દિલ ધારણાથી તે
-હૃદયમાં જાગૃતિ કેવી રહે છે પ્રજ્વલી દિલ જે.

પ્રચંડ અગ્નિની જેવી હૃદયની ધારણા ઉત્કટ
-ખરેખરનું ધપાવે છે જીવનના શ્રેયનું કર્મ.

જીવનયજ્ઞ ફળવવામાં હૃદયની ધારણાએ તે
-મહત્ત્વે શો ખરો ભાગ ફળંતો ખૂબ ભજવ્યો છે !

હરિઃૐ

## ખરો શો જંગ માંડ્યો છે

'જીવનવિકાસના ક્ષેત્રે ચગી સંપૂર્ણ, ઊડવું છે',
હૃદય નક્કર, ઊંડો નિર્ણય જીવનનો થઈ ગયેલો છે.

પથે કંઈ રાહ જોઈને કદી બેસી રહ્યો ના જે,
મરણિયા યત્ન આદરીને ખરો શો જંગ માંડ્યો છે !

મૂકીને વેગળું માથું પરાક્રમ દાખવી ઝનૂને
-શૂરાતન જ્વર ચઢેલાથી પથે સંગ્રામ વહોર્યો છે.

તસુ, તસુએ પડે જીતવું, કશું બાકી જીત્યા વિના
-જીવનમાં રાખવાનું ના, પછી સંપૂર્ણ જય શો ત્યાં !

હરિ:ૐ

# કળા સોળેય ખીલે છે

અનુભવવા જ ચેતનને હૃદય અગ્નિ ભભૂક્યો છે,
જરા બેઠો ન રહેવા દઈ મથાવ્યા તે કરાવે છે.

મથાવીને, મથાવીને, નવું નવું તે ઉગાડીને,
નૂતન નૂતન પ્રદેશે તે પ્રવેશાવ્યા કરાવે છે.

બધા પ્રત્યેક તે દેશે નવી મુશ્કેલી ઊગે છે,
તરવવા પાર તેની તે નવાં સૂઝ, યત્ન પ્રેરે છે.

નવા જીવનની અદ્‌ભુત શી કળા સોળેય ખીલે છે !
નવા જીવનતણો સૂર્ય ઊગી કેવો પ્રકાશે છે !

હરિઃૐ

## **हरि** સ્મરવા, **हरि** ભજવા

**हरि** સ્મરવા, **हरि** ભજવા જીવનનું કર્મ મુખ્ય જ તે,
મનાદિને પરોવ્યાં ત્યાં કૃપાથી તેં કરાવ્યાં છે.

કદીક આડું જવાતાંમાં વિવેકે ભાન પ્રેર્યું છે,
વળી પાછો પથે સાચે ચઢાવી તેં દીધેલો છે.

ચઢાયું ઊર્ધ્વ ને ઊર્ધ્વ પ્રદેશે તેય, ત્યાંયે તે
-નવી નવી ગૂંચ ને પ્રશ્નો ખડાં કેવાં થયેલાં છે !

ચઢંતાં ઊર્ધ્વ, વિવેક ખીલી કેવો ચગેલો છે !
સૂરજ વિવેક નયનોથી બધું ખુલ્લું થતું તે તે.

હરિઃૐ

# સમર્પણ થઈ જવાનું છે

જીવનના ધ્યેય પ્રત્યેની વફાદારીની ભક્તિથી,
પ્રમાણિકતાથી જે ખેલે જીવનસંગ્રામ, તે પામે.

જીવનમાં જે ઝઝૂમવાનો જીવનનો યજ્ઞ માંડ્યો છે,
પૂરો હોમાઈ જઈ તેમાં સમર્પણ થઈ જવાનું છે.

સમર્પાતાં સમગ્રે ત્યાં સમર્પણ યજ્ઞમાં ભાવે,
સમર્પણ યજ્ઞની જ્વાળા જીવનને સ્પર્શતી રહે છે.

જીવન એ સ્પર્શ જ્વાળાથી થતું ઉજમાળું શું રહે છે !
તહીં જીવનની અદ્ભુત શી કળા સોળેય ખીલે છે !

હરિઃૐ

## હૃદય વૈરાગ્ય લાગ્યો છે

બધા સંસાર વ્યવહારે મળેલી ભાંજગડ શી તે !
મને તો મૂંઝવી એણે કદીક છક્કડ ખવાડી છે.

લીધાં સાધન પરંતુ જે કદી ના છોડી દીધાં છે,
થયાં તેવાં કર્યાં કરીને રમણ તેમાં કીધેલું છે.

બધા સંસાર વ્યવહારતણું દિલ કંઈ મહત્ત્વ જ ના,
મહત્ત્વ દિલ જબરજસ્ત થતાં સાધનનું ધાર્યું ત્યાં.

થતાં સાધન પરત્વે દિલ પરોવાઈ રહ્યું તેથી,
સતત અભ્યાસથી તેવા હૃદય વૈરાગ્ય લાગ્યો છે.

હરિઃૐ

# મનાદિને મઠાર્યાં છે

સ્મરણનો આશરો લેતાં ભજનકીર્તન થયેલાં છે,
થતું જે જે રહેતું તે ભજન દ્વારા જ ગાયું છે.

દિવસનું દિલનું નિવેદન થયું તે તે ભજનમાં છે,
ભજનકીર્તન શું એ રીતે જીવન મારે ખીલેલાં છે !

ભજનકીર્તનતણું મૂલ્ય જીવન ઘડતર વિશે ભારે,
મહત્ત્વ આગવું પાછું ખરેખર તે બધાંનું છે.

ભજનકીર્તનના ભાવેથી અમારું દિલ ફોર્યું છે,
હૃદયનો ભાવ સ્પર્શતાં મનાદિને મઠાર્યાં છે.

હરિઃૐ

## મરણિયા યત્ન કીધા છે.

પ્રભુનું નામ લેવાનું કદી રેઢું ન મૂક્યું છે,
સ્મરણ સેવન કરી હૃદયે સ્મરણ સગપણ કરેલું છે.

ઘણા અવરોધ અધવચ્ચે નડ્યા કેવા કરેલા છે !
છતાં હિંમત ટકાવીને મરણિયા યત્ન કીધા છે.

વૃત્તિઓ જીવદશાકેરી શી ઉદ્‌ભવી આડફંટે તે
-જવા દોરી મથે, ત્યારે સ્મરણ ટકવું જ દુર્લભ છે.

ગરજ લીધે સ્મરણ લીધા કર્યાં કરવાની ખાંખત છે,
ભલે હોઉં હારતો, તોયે સ્મરણને પકડી રાખ્યું છે.

હરિઃૐ

# જીવન તેજસ્વી બનવ્યું છે

થતાં સાધન ગયાં જેમ હૃદયની ભાવના ઉત્કટ
-થતી ગઈ અગ્નિ જ્વાળા શી ! સરળ ચાલ્યો પછી યજ્ઞ.

જીવનના યજ્ઞમાં તેવી સહેતુક આહુતિ દઈને
-જીવંતો યજ્ઞ રાખીને જીવન તેજસ્વી બનવ્યું છે.

જીવનની યજ્ઞ જ્વાળાઓ બધા આધારના ક્ષેત્રે,
અણુ અણુને જ સ્પર્શીને બનાવે શુદ્ધ તે તેને.

થતાં સંપૂર્ણતઃ શુદ્ધિ બલિદાન, સમર્પણને
-ચરણકમળે ચઢાવાતાં, **हरि** હર્ષે સ્વીકારે તે.

હરિઃૐ

## મથ્યો કેવો હું ધરવાને

શરૂ શરૂમાં અખંડ દિલમાં શ્રીસદ્‌ગુરુના શરીરને તે
-મતિ, મન કલ્પના જોશે મથ્યો કેવો હું ધરવાને !

શ્રીસદ્‌ગુરુની ગરજ ઉત્કટ, હૃદય લાગી હતી ઊંડી,
મનાદિના કરણ વિશે રહી શી ધારણા તેથી !

બધાં કરણો વિશે પૂર્ણ શ્રીસદ્‌ગુરુ જ્યાં ઠર્યો પોતે,
બધાયે વેશ બદલાતા જતા મેળે ગયા શા તે !

છતો થઈ સદ્‌ગુરુ પોતે બધું માથે ઉપાડી લે,
પછી તો સાક્ષીવત્ પોતે નીરખવાનું બધું રહે છે.

હરિઃૐ

# નવે અવતાર જન્મ્યું છે

સતત સન્મુખ સદ્‌ગુરુને હૃદય જીવતા ધરી ધરીને
-કૃપાથી એકધારાં શાં મનાદિને પરોવ્યાં છે !

થતાં દિલ સદ્‌ગુરુ જીવતા હૃદયમાં હર્ષ ઉન્માદ
-ઊછળતા ધોધના જેવો ઉમળકો ઊર્ધ્વ ઊછળ્યો છે !

હૃદયથી ભેટવા દિલમાં શી આતુરતા ઊઠેલી જે !
બળતરા દિલ ઉત્કંઠા પ્રચંડ કેવી જલતી છે !

સતત તે અગ્નિ બળતાંમાં બધું હોમાઈ ગયેલું છે,
થઈ સહુ ભસ્મીભૂત, પાછું નવે અવતાર જન્મ્યું છે.

હરિઃૐ

# શ્રીસદ્‌ગુરુની હૃદય ભક્તિ

ન સદ્‌ગુરુ કોઈ આકાર, ન સદ્‌ગુરુ સ્થૂળ શરીર પોતે,
સ્વરૂપે ભાવ સદ્‌ગુરુ છે, વળી શો ભાવ અતીત પણ તે !

સદ્‌ગુરુ પૂર્ણ આધારે હૃદયમાં ને હૃદયથી તે,
ક્રિયાશીલ જીવતો કરવો રહ્યો આધાર તમ પર છે.

પ્રકૃતિનું જ સામ્રાજ્ય કરણ પરથી જતું રહેતાં,
શ્રીસદ્‌ગુરુ આપમેળે શો છતો થઈ ખેલતો ત્યારે !

શ્રીસદ્‌ગુરુ નિજ આધારે સતત સક્રિય જીવવાને,
શ્રીસદ્‌ગુરુની હૃદય ભક્તિ ઉમળકે વારી જઈ કરી છે.

હરિ:ૐ

## અનુભવથી, પ્રયોગોથી

જીવનની સર્વ ભૂમિકા વિશે આધાર સૌને છે,
હૃદય આધારની ઓળખ પૂરેપૂરી બધાંને છે.

વિના આધાર કોઈયે જીવનમાં ના ટકી શકશે,
જીવનમાં શક્તિથી ટકવા પ્રીછો આધાર દિલમાં તે.

'ઊભા થઈ જીવતા નિશ્ચે, બધા આધારથી જીવને',
હૃદય તે દૃઢ સમજવાથી મહત્ત્વ દીધું તે પર છે.

પ્રકારો શા જુદા જુદા વળી આધારનાયે છે !
સહુથી શ્રેષ્ઠ આધાર સૂક્ષ્મ કારણરૂપે તે છે.

અનુભવથી, પ્રયોગોથી જીવન જીવતાં પ્રિછાયું તે,
જીવન **કારણનો** આધાર મળતાં સર્વ લાધ્યું છે.

હરિઃૐ

## તને ચાહ્યા કરેલો છે

'તું ઉદ્ધારક પતિતનો છે' હૃદયથી એમ જાણીને,
સ્મરણ તારું કરી કરીને, તને ચાહ્યા કરેલો છે.

શરણ ઢળવા ચરણકમળે જીવનને યોગ્ય કરવાને,
જીવન અજવાળવા કેવો કડો પુરુષાર્થ કીધો છે !

જીવન કરતાં જતાં શુદ્ધ, વધારે ને વધારે તે
-કરે નીકળ્યા જ મળ કેવા ! અજબની વાત એવી છે.

છતાં તોયે ન કંટાળ્યો, ઉલેચ્યાં મેં કરેલું છે,
હવે લગભગ પૂરી શુદ્ધિ જીવનની તો થયેલી છે.

હરિ:ૐ

# हरिरसને અનુભવવા

**हरि**રસને અનુભવવા શું ઉત્કટ ઝંખના દિલ છે !
સૂઝેલાં સર્વ સાધન તો કર્યાં શાં દિલ ઉત્સાહે !

ઊભો ઊભો નયન હૃદયે **हरि**, તુજ રાહ જોઉં શો !
કંઈ શા કાળથી આંખો હું ફાડી નીરખ્યા કરતો.

શું ફાટું ફાટું દિલ થાતું, બધા ઉધમાત મિથ્યા છે,
'હવે મારે શું કરવાનું', કશું દિલમાં ન સૂઝે છે.

તને બૂમ પાડી પાડીને રહી ઘાંટો ગયો મુજ છે,
ઈશારો કોઈ પણ તારો હૃદયમાં ના મળેલો છે.

વીતવવા કારમા દિવસ હૃદયમાં ચેન વિનાના,
કૃપા-દૃષ્ટિ-અમી મુજ પર થતાં ટાઢક વળે દિલમાં.

હરિઃૐ

# ફળવવાને મથાવે છે

સ્મરણ સાધનથી માંડીને અવર સાધન ઊગેલાં જે
-કર્યાં ખાંખતથી ઉદ્યમથી હૃદય ઉત્સાહથી ભાવે.

હૃદય ધગધગતી ઊછળતી તમન્નાથી મનાદિને
-સતત કેવાં પરોવાયેલ રહ્યાં શાં તે કરેલાં છે !

જીવનમાં ખંત અનુભવવા જીવનનું ધ્યેય દિલમાંનું
-જીવંતો અગ્નિના જેવો ખરો ભડભડ તો સળગ્યો છે.

જરા ના જંપવા તે દે, જરા બેઠો ન રહેવા દે,
સતત સળગાવીને દિલને ફળવવાને મથાવે છે.

હરિઃૐ

# કર્યાં કરતાં સતત કેવો !

સ્મરણ નાનકડું સાધન છે, છતાં એને હૃદયથી તે
-કર્યાં કરતાં, સતત કેવો ઊછળતો હર્ષ વ્યાપ્યો છે !

હૃદય ઉત્સાહમાં તેવા ભરતી ને ઓટ આવ્યાં છે,
અને તે ઓટમાં કેવું નમાલા થઈ જવાયું છે !

છતાં તેવી દશામાંયે જરૂર બાથોડિયાં બનતાં
-બહુ માર્યાં કરેલાં છે, છતાં ના દી વળેલો છે.

હૃદય પરિણામની આશા બધી મૂકી દઈને તે,
લીધેલાં કર્મની સઘળી શી માથાકૂટ કરેલી છે !

હરિઃૐ

## કડી મહેનત થયેલી છે

સ્મરણને એકધારું તે થતાં શો કાળ લાગ્યો છે !
છતાં દિલમાં ન કંટાળ્યો, કૃપાની મહેરબાની તે.

જીવનના સર્વ વ્યવહારે, મળેલાં કર્મ કરતાંયે
-સ્મરણને જીવતું ધરવા કડી મહેનત થયેલી છે.

સતત મહેનત થતાં એવી સ્મરણમાં દિલ પ્રવેશ્યું છે !
સ્મરણમાં દિલ ભળ્યું છે જ્યાં, સ્મરણમાં **પ્રાણ** લાગ્યા છે.

સ્મરણમાં **પ્રાણ** જાગંતાં, સ્મરણના તે ઉછાળાનો
-પ્રભાવ શો પડેલો છે ! જીવનનો મર્મ જાણે તે.

હરિઃૐ

# હૃદયની જાગૃતિ સ્ફુરી છે

નિરંતરના સ્મરણમાંથી હૃદય સભાનતા તેની
-જીવનમાં જાગીને કેવી કરાવે સાધના ઊંચી !

જીવનમાં જાગૃતિ ઉત્કટ રહે જેના વિશે હૃદયે
-મનાદિ શાં રમે તેમાં ન દિલ લક્ષ ચુકાયે છે.

ખરો આધાર સંપૂર્ણ હૃદય ચેતન અનુભવને,
હૃદયમાં પૂર્ણ પ્રગટેલી ઊંડી તે જાગૃતિ પર છે.

સ્મરણ, કીર્તન, ભજન દિલનું નિવેદન, પ્રાર્થના સાધન,
થયાં તેમાંથી સક્રિય શી હૃદયની જાગૃતિ સ્ફુરી છે !

હરિઃૐ

## હૃદય આનંદ અનહદ છે

સ્મરણનો રંગ લાગ્યાથી હૃદય ભક્તિ ખીલેલી છે,
હૃદય તે ભક્તિથી, જીવનતણું તત્ત્વ સૂઝેલું છે.

જીવનનું તત્ત્વ સમજ્યાથી જીવન કિંમત હૃદયમાં તે
-પૂરી સમજાઈને, તેની ખબર પાકી પડેલી છે.

જીવનનું તત્ત્વ રળવાને સતત પાછળ પડી પડીને,
કંઈક રળતો થયો છું શો ! હૃદય આનંદ વ્યાપ્યો છે.

મળ્યા કરવાની પ્રક્રિયા સતત ચાલ્યા રહેલી જે,
જીવનમંથન વિશે તેવા હૃદય આનંદ અનહદ છે.

હરિઃૐ

# નૂતન દિલ આંખ બક્ષ્યાં છે

સ્મરણમાં **एकरस** બનવા મહત્ત્વાકાંક્ષા દિલમાં છે,
હૃદયમાં એકધારું તે પરત્વે લક્ષ ધાર્યું છે.

ફળવવા ધ્યેય જીવન તે બધા વ્યવહાર જીવનના
-પડી મોળા ગયેલા છે, મહત્ત્વે ધ્યેય છે દિલમાં.

જીવનના ધ્યેયનું કેવું મનન ચિંતવન સતત હૃદયે
-થયા કરતું રહેવાથી, હૃદય સ્વાદ પડેલો છે.

પછીથી તો સ્મરણ ભાવ જીવનમાં તે સ્મરણ હાર્દ,
અણુ અણુમાં જ અવતરીને નૂતન દિલ આંખ બક્ષ્યાં છે.

હરિઃૐ

## જબરજસ્ત મથાયું છે

સ્મરણમાં કોઈ પણ જાતતણો વિશ્વાસ નહોતો કૈં,
સ્મરણ તોયે શું લેવાયા કરાતાં, કંઈક ચોંટ્યું છે.

સ્મરણમાં દિલની સાચી પ્રગટતાં નેક દાનત તે
-વળગતાં દિલને સ્મરણ થયું મન વળતું તે વિશે.

જીવનનું ધ્યેય ધગધગતું હૃદય ચેતેલ જ્યાં તે છે,
હૃદયને સાધ્ય કરવાને જબરજસ્ત મથાયું છે.

તળે ઉપર બધું એક કરી કરીને મથાયું જે,
ખરો જીવતો મથામણનો પરિશ્રમ તે ફળેલો છે.

હરિ:ૐ

# સ્મરણસાધન રસીલું છે

જીવનવિકાસ કરવાને ભલે નાનકડું સાધન તે,
ખરા ઉપયોગનું કિંતુ સ્મરણસાધન રસીલું છે.

હલેસાં મેં સ્મરણકેરાં સતત માર્યાં કરેલાં છે,
કદીક મુજ હાથ થાક્યા છે, છતાં અટકી પડ્યો ના તે.

વમળમાં શા ભયંકર તે કદીક સપડાઈ ગયેલો ને,
તને વહારે જ ધાવાને પડાઈ બૂમ પણ ગઈ છે.

પ્રભુ, ડૂબવાથી બચવાને શું તરફડિયાં જ માર્યાં છે,
હૃદયથી પ્રાર્થના કરીને તને પોકાર પાડ્યા છે.

હરિઃૐ

## જીવન શીખવા મળેલું છે

અનેકે રીતનાં સાધન જુદાં જુદાં થયેલાં છે,
હૃદય પ્રત્યેક સાધનથી જીવન શીખવા મળેલું છે.

મળ્યા પ્રત્યેક સાધન તે કૃપાબળથી ઊગેલાં છે,
વળી પ્રત્યેક સાધનને પૂરાં **એણે** કરાવ્યાં છે.

પરિપક્વ ભૂમિકાઓ થતાંમાં અડચણો શી તે
-નડ્યાં પથમાં કરેલી સૌ ઉકેલાઈ કૃપાથી છે !

હિમાલયની સમી દૃઢતા બધી તે તેની વચ્ચેયે
-ખરેખરી ધારી ધારીને અડગ, અણનમ થવાયું છે.

હરિઃૐ

# કિનારો હાથ લાગ્યો છે

**हरि** સ્મરવા વિના બીજું કશું ના કર્મ જાણ્યું છે,
અવર કર્મ થયેલાં છે, પરંતુ ગૌણ રીતે તે.

પ્રભુ પ્રીત્યર્થે જે તે કંઈ મળેલું તે થયેલું છે,
**हरि**ને મોખરે સૌથી હૃદય ધરવા કરેલું છે.

જીવનમાં તો અનુભવવા પ્રભુને દિલ ધારીને,
કરી યાહોમ સંપૂર્ણ કૂદી ત્યાં ઝંપલાવ્યું છે.

કદીક ડૂબતાં, તહીં તરવાતણું સાધન મળેલું છે,
સતત તરવાતણા યત્ને કિનારો હાથ લાગ્યો છે.

હરિઃૐ

## હૃદય શાંતિ વળેલી છે

હૃદયથી યાદ કરી કરીને **હરિ** સંભારીને પ્રીતે,
હૃદયના વહાલથી ભાવે સ્મરણ **હરિ**નું કરેલું છે.

જીવનહેતુ સ્મરણથી શો હૃદયમાં જીવતો રહે છે !
સ્મરણના ભાવથી કેવાં ભજનકીર્તન થયેલાં છે !

જીવન મુશ્કેલી પડતાંમાં, ચરણમાં તે નિવેદીને
-હૃદયથી પ્રાર્થના કરતાં હૃદય શાંતિ વળેલી છે.

નિરંતરની અભિમુખતા પછી તો શી થયેલી છે !
**હરિ** ને બસ **હરિ** વાત હૃદય મારે વસેલી છે.

હરિ:ૐ

# કદી ના છૂટવાનું છે

સ્મરણના તે અનુભવથી જીવન સંશોધવાને તે
-અમે ડૂબકી લગાવીને પડ્યા પાછળ છીએ શા તે !

હૃદયનો નાદ તે છૂટ્યો હવે તો ના કદી છૂટે,
મતિ, મન તંત ના મૂકે જીવન દરિયે ઝુકાવ્યું છે.

હવે આ પાર કે પેલે કિનારે પાર જવાનું છે,
મરણિયો દિલમાં નિશ્ચય રહેવાનો ન અધવચ તે.

પૂરેપૂરું કરી પાર ઊતરવાનું કિનારે છે,
હૃદય માંડેલ તરવાનું કદી ના છૂટવાનું છે.

હરિઃૐ

# લગની લાગેલ ભારે તે !

સ્મરણ લતથી હૃદયમાં શી લગન લાગેલ ભારે તે !
લગન એકાગ્ર શી દિલને સતત ભાવે દૃઢાવે છે !

હૃદય એકાગ્રતા લાગ્યે તરંતો ભાવ શો જીવે !
હૃદય તે ભાવને લીધે જીવન તરતું જ લાગે છે.

જીવન તરતું રહેવાથી જીવનનું જે બીજું છે તે
-બધું ગૌણત્વ પામીને **હરિ**ચરણે પીગળતું છે.

પીગળવાની સતત દિલમાં શી ચાલી પ્રક્રિયા રહી તે !
ચરણમાં તે મળી ભળીને ગળી તે શી જતી લાગે !

હરિઃૐ

# લગન લાગી રહેલી જે

થવા સાકાર તો ધ્યેય હૃદય લગની થયેલી જે,
રહેવા ના દીધો બેઠો ખરેખર લગનીએ મુજને.

પ્રમાદ સર્વ જીવનનો બધો ઉરાડી મૂકીને,
પ્રવેશાવ્યા કરાવ્યો છે જીવનધ્યેય ફળવવાને.

હૃદય જ્વાળામુખી જેવી લગન લાગી રહેલી જે,
ઘડીભર હાથપગ વાળી જરા ઊંઘવા ન દીધો છે.

સતત બસ એકધારો શો પરિશ્રમ તપ કરાવીને,
જીવનના ધ્યેયની અંદર પ્રવેશાવી, ઠરાવ્યો છે.

હરિઃૐ

## જીવન મસ્તી શી ઊછળી છે

જીવનમાં શા જુદા જુદા અમે તો રંગ માણ્યા છે,
હવે તેમાંથી વળવાનું થતાં પાછું શું ડંખ્યું છે !

છતાં ઉત્કટ ગરજ લીધે સ્મરણકેડો લીધેલો જે
-શકાયો ના મૂકી છૂટો, સ્મરણ એ રીત ચાલ્યું છે.

સ્મરણમાંથી હૃદયભાવ પ્રગટવા માંડતાં જીવને-
રસીલું ને મઝેદાર જીવન જીવવાનું લાગ્યું છે.

પછીથી તો જીવનરસ સૌ બધા પલટાઈ જઈને તે
-**હરિ**રસમાં ભળેલા ને જીવન મસ્તી શી ઊછળી છે !

હરિ:ૐ

# હૃદય તપવું પડેલું છે

સ્મરણમાં દિલ લગાડાતાં હૃદય તપવું પડેલું છે,
હૃદયથી પ્રાર્થના ઊંડી ઊંડી કીધા કરેલી છે.

સરળતા એકદમ સીધી મળી તે ના ગયેલી છે,
સરળતા યોગ્ય મળવાને તપશ્ચર્યા થયેલી છે.

મથ્યા કરતાં, મથ્યા કરતાં, નિરંતરની મથામણથી,
જીવન ઊગવાનું ઊગીને સભર કેવો બનાવ્યો છે !

સરળ ખુલ્લા હૃદયથી ને પ્રમાણિકતાથી સંપૂર્ણ
-સતત મથતું રહેવાતાં મળે મળવાનું નિશ્ચે તે.

હરિઃૐ

## સ્મરણને પકડી પકડીને

સ્મરણ દિલમાં પ્રવેશાવા સ્મરણને પકડી પકડીને,
ઝુકાવીને સ્મરણમાં દિલ, સ્મરણ લીધા કરેલું છે.

લીધેલું કર્મ સંપૂર્ણ થવાને એકધારું તે,
સતત ત્યાં મંડવું પડતું, મળ્યો શો પાઠ શીખવાને !

મળેલો પાઠ જે શીખવા કદી ભૂલી ગયો ના તે,
હૃદય તે યાદ રાખીને સ્મરણ ધાર્યું જ છે હૃદયે.

જીવનની બોલબાલા શી થઈ આજ પ્રવર્તે જે !
તપશ્ચર્યા મહતકેરું મળેલું ફળ તે નિશ્ચિત છે.

હરિઃૐ

# સ્મરણ ચલવ્યા કરી દિલમાં

શું ચાલી ચાલીને મુજથી કપાશે પંથ શી રીતે ?
ચલાયું કેટલું મુજથી હતે તે કોણ જાણે છે ?

જીવન નિશ્ચયનો ઉન્માદ હૃદય પ્રગટેલ કેવોયે
-મને **एणे** મથાવ્યો છે, ગગનનું પુષ્પ ગ્રહવાને.

હૃદય અસ્તિત્વ તુજ વિશે હતો વિશ્વાસ સહેજે ના,
જગાડ્યું છે હૃદય ભાન સ્મરણ ચલવ્યા કરી દિલમાં.

જીવનમાં વાસ્તવિકતાની પકડ હૃદયે મળંતાં તે,
જીવનનું તે પછી કર્મ થવા સાચું જ લાગ્યું છે.

હરિ:ૐ

## ખરેખર ભોગ સાચો છે

જીવનમાં કેટલી વાર જવાયું આડફંટે છે,
સ્મરણ અભ્યાસ વિવેકે હૃદયમાં તો જગાયું છે.

જગાવાથી જ જીવનનો ખરો જે સાર પકડેલો,
રખાયો છે જ તે પકડી હૃદય મક્કમ થઈને શો !

હૃદય દિલદાર દિલબરને હૃદય પધરાવીને એને
-ચરણ ન્યોછાવરી દિલથી ધરાવી, જીવવાનું છે.

જીવન સંપૂર્ણ દઈ દઈને રહે છે બાકી જે શેષ,
જીવનનો તે જ અમૃતનો ખરેખર ભોગ સાચો છે.

હરિઃૐ

## હૃદય ચેતી જવાયું છે

જીવનનો ભોમિયો સાચો હૃદય વિવેક મળિયો છે,
જીવન નિશ્ચિત તેથી તો થવાયું આપમેળે તે.

જહીં આડું કશુંક નડતાં, હૃદય તત્કાળ સૂઝ્યું છે,
હૃદય ઉકેલ ઉગાડી વળી ઉપાય બક્ષ્યા છે.

ઉગાડેલું બધું તે તે કરી જોતાં અનુભવથી,
હૃદય તારતમ્ય જીવનમાં નજર પ્રત્યક્ષ વર્ત્યું છે.

કદીક દૈવીપણા બદલે સ્વરૂપ બીજું જણાયું છે,
હતું લોભામણું તોયે હૃદય ચેતી જવાયું છે.

હરિઃૐ

## થવા સ્થિર તે જરૂરી છે

રમકડાંની રીતે મુજને ઉછાળ્યા તેં કરેલો છે,
અજંપો તે છતાં હૃદયે થવા દીધો ન સહેજે છે.

ભલે ખીણમાં ધકેલ્યો છે, પરંતુ હેતુ ત્યાં તુજ છે,
હૃદયથી મેળવેલું જે થવા સ્થિર તે જરૂરી છે.

ગમે તેવું થતાં તેનો હૃદયમાં અર્થ ઊકલે છે,
થતું શા હેતુથી તેવું, હૃદય સમજાઈ જાયે તે.

જીવનવિકાસનો ભાવ ચઢે શિખર ઊંચે જ્યાં તે,
બધું તે તેવું દિલમાંનું શું અંતર ચક્ષુ ભાળે છે !

હરિઃૐ

# હૃદયની ધારણાથી

જીવનમાં શી શી ગડભાંજો ઊભી અમને થયેલી છે !
છતાં વિના જ ગભરાયા મથ્યો ઉકેલવા તેને.

ધીરજ, દિલ સ્વસ્થતા, શાંતિ તટસ્થ રહી મથંતાં તે
-જીવનમાં બુદ્ધિએ ત્યાં શી મદદ મુજને કરેલી છે !

જીવનમાં ગૂંચ, અવરોધો મળેલાં હેતુપૂર્વક છે,
હૃદયની ધારણાથી તે સ્વીકારાયું જ તે તે છે.

જીવનમાં ભાંગી થઈ ભૂકો કદીક કેવો થયેલો જે !
કૃપાએ ત્યાં જવાંમર્દ મને પાછો બનાવ્યો છે.

હરિઃૐ

## જીવન અંતે વર્યા જયને

કંઈ કંઈ જાતના તાપ સહન કરવા પડેલા છે,
સહન કરતાં, સહન કરતાં ન ત્યાં પાછું પડાયું છે.

હૃદય આનંદ વિનાનું ભલે ઉત્તમ, નકામું છે,
રહેવાનું સદા દિલમાં પ્રસન્ન તેથી રાખ્યું છે.

જીવનમાં કંઈક કષ્ટોનો કરાતાં સામનો પ્રીતે,
પડાયું છે નમી તોયે નીચું શિર ના પડેલું છે.

અમે ખાંડાની ધારાએ ઘણા સંગ્રામ ખેલ્યા છે,
કદીક હાર્યા, કદીક જીત્યા, જીવન અંતે વર્યા જયને.

હરિઃૐ

## તને લલકાર્યો કેવોયે !

જીવન અડચણની વેળાએ ઊંડે ઊંડે ઊતરી હૃદયે,
હૃદયથી પ્રાર્થના કરીને, તને લલકાર્યો કેવોયે !

હૃદયનું પ્રાર્થનાનું તે અતુલ બળ જે મળેલું છે,
તૂટી પડતાંય તેમાં તો ટકી રહેવાયું બળ પર તે.

તૂટી પડતાં ન થડક્યો છું પરંતુ જ્યાં હૃદયનો તે
-હૃદયસંબંધ તૂટતાંમાં જીવન સૂનકાર વ્યાપ્યો છે.

તળેઉપર થઈ કેવો ! શું વારંવાર કરગરીને
-ફરી દિલ સવારી કરવાને તને મેં શો નિમંત્ર્યો છે !

હરિઃૐ

# ઊંડું ઊંડું વિચારાતાં

અમારાથી જીવનમાં તો કંઈક ગરબડ થયેલી છે,
સ્ફુરંતાં ભાન તેનું ત્યાં બહુ મોડું થયેલું છે !

પરંતુ અગ્નિ પસ્તાવો પ્રચંડ દિલ સળગીને
-મનન ચિંતવન વિશે ઊંડું પરોવાઈ જવાયું છે.

ઊંડું ઊંડું વિચારાતાં વળી તે એકની એક
-હકીકતમાં ઊતરતાંમાં કૃપાથી કૈંક લાગ્યું છે.

પ્રભુના ભાવની ભક્તિ વિશે જીવન પરોવીને
-પ્રભુમય જીવવામાંથી ખરું ધન મેળવાયું છે.

હરિઃૐ

## મદદ કરવા તું ધાયો છે

જીવનમાં શાં ઘણાંયે તો બહુ સંકટ નડેલાં છે,
છતાં હિંમત, ધીરજ, શાંતિ કૃપાથી તુજ ટકેલાં છે.

જીવનની આંતરિક શક્તિ મળ્યું તે તે ફળવવાને,
રહી દિલ જાગૃતિ તેવી કૃપાની તે પ્રસાદી છે.

કદીક અવરોધ જીવનમાં ભયંકર ઉગ્ર પ્રગટીને,
હૃદય ગભરાવી મૂક્યો જ્યાં પ્રભુ, તું યાદ આવ્યો છે.

ગરુડે ત્યાં ચઢી કેવો ! મદદ કરવા તું ધાયો છે !
ગ્રહી મુજ કર, તહીંથી તેં ઉપર તાણી જ લીધો છે.

હરિઃૐ

## ભયંકર મહામથામણથી

અમૂંઝણ કેટલી વાર હૃદય ભારે થયેલી છે,
બધી સૂધબૂધ શી ત્યારે પૂરી રોળાઈ ગયેલી છે !

વળી, બુદ્ધિનું દેવાળું વળી ચૂક્યું પૂરું હોયે,
નિરાશાને સમય તેવા ટકી શકવું જ દુર્લભ છે.

છતાં ત્યારે હૃદય તુજને સ્મરી સ્મરી દિલ જીવવાને
-થયા જીવન કર્યો ભારે મહાસંગ્રામ કેવો તે !

રહી ત્યાંયે શી હેતુની હૃદયમાં જાગૃતિ ! જેથી
-તરી ઉપર અવાયું છે ભયંકર મહામથામણથી.

હરિઃૐ

# જીવન જેથી ઘડાયું છે

શું કડવા ને મીઠા કેવા જુદા જુદા અનુભવ તે !
જીવનમાં તો થયેલા છે જીવન જેથી ઘડાયું છે.

સ્મરણ અભ્યાસ સત્સંગે જીવનનિષ્ઠા શી જન્મી છે !
જીવનનિષ્ઠાથી વિઘ્નોથી, કૃપાથી તો બચાયું છે.

ભજન સત્સંગથી કેવી અનુપમ સ્ફૂર્તિ લાધી છે !
હૃદય ઉત્સાહ સ્ફૂર્તિથી જીવન મંડાયો ડગ તે તે.

કદીક લપસ્યો, ફરી પાછું કૃપાથી ત્યાં ઉઠાયું છે,
મથી મથીને નિરંતર, શું થયેલું ચાલવાનું તે !

હરિઃૐ

## જીવન ઓવારી દઈ ચરણે

જીવનમાં કેટલી વાર જબ્બર કમબખ્તી પ્રગટી છે,
મને ગબડાવીને કેવો ઊંધો પાડી જ નાખ્યો છે.

કૃપાથી હું હૃદય પાછો ઊભો થૈને ટટારીથી,
ફરીથી મંડવા માંડ્યું ઝઝૂમીને, ઝઝૂમીને.

મને હું દિલ પોતાને મદદ કરવા જ કૃતનિશ્ચય
-થયેલો જ્યાં પૂરેપૂરો મને તેં સહાય દીધી છે.

ફનાગીરી, સમર્પણ ને જીવન ઓવારી દઈ ચરણે
-ખરાખરીનો અમે ભેખ હૃદય સંપૂર્ણ લીધો છે.

હરિઃૐ

# હૃદયમાં ધર્મ માન્યો છે

બહુ અઘરામહીં અઘરી વિમાસણની પળો વિશે,
હૃદય ગભરાઈ ઊઠતાંમાં હૃદયથી પ્રાર્થના થઈ છે.

શી તીવ્ર સભાનતા એવી હૃદય જાગ્રત રહેલી જે !
સતત મથવાતણા ઊંડા હૃદય અભ્યાસનું ફળ તે !

**हरि** સ્મરવા, **हरि** ભજવા, **हरि**ને યાદ કરી કરીને,
જીવન જીવવાતણો સાચો હૃદયમાં ધર્મ માન્યો છે.

અમારે ને **हरि** વચ્ચે હવે ના ભેદ ક્યાંયે છે,
છતાં તોયે **हरि-हरि**ની બૂમો પાડ્યા કરીએ તે.

હરિઃૐ

## અમારે ખેલવાનું છે

જીવનસંગ્રામ શા શા તે અમે ખેલ્યા કરેલા છે !
કદીક પાછું પડાયું છે, કદીક હારી જવાયું છે.

નવા શા પેંતરા યોજી ફરીથી યુદ્ધ જીતવાને,
કમર કસીને ઝઝૂમવાને, સહર્ષે ત્યાં ઝુકાવ્યું છે.

ભયંકર કારમી રીતે ઘવાતાં બહુ રીતે યુદ્ધે,
છતાં તોયે ખમીર લડવા પૂરેપૂરું જીવંતું છે.

પૂરું સંપૂર્ણ જીતીને નવી રચના જીવનની તે,
સજાવી તે જીવન પૂર્ણ અમારે ખેલવાનું છે.

હરિઃૐ

## હૃદય મંડ્યું રહેવાતાં

જીવનમાં કેવું કેવુંયે પથે ભૂલું પડાયું છે !
કઈ રીત ક્યાં જવું તેની ગતાગમ ના પડેલી છે.

ઊંધું માથું જ ઘાલીને પડી રહેવું ગમ્યું ના છે,
મહામુશ્કેલીની વેળે શી બેવડી હામ ભીડી છે !

પ્રમાણિકતા, વફાદારી, જીવન નિષ્ઠાતણા ભાવે,
હૃદયમાં મંડ્યું રહેવાતાં જરૂર ત્યાં માર્ગ નીકળે છે.

અનુભવ કેટલી વાર મને એવો થયેલો છે,
ખરેખર તેથી જીવનમાં ખબરદાર ટકાયું છે.

હરિઃૐ

## લડત ચાલુ જ રાખી છે

જટિલ કેવી સમસ્યાઓ જીવનમાં સાંપડેલી છે !
ઉકેલ શી રીતે કરવો ? ન બુદ્ધિ મારી ચાલી છે.

બહુવિધ મેં વિચારીને, વિચારી તોળી જોયું છે,
કશો ઉકેલનો રસ્તો જડ્યો નહિ કોઈ રીતિએ.

ઉભય કર શિર પર દઈને હતાશાથી ડૂબી જઈને,
નિરાશાના વમળમાં તે જતાં ડૂબી, બચાયું છે.

પીછેહઠની જ વેળાએ ધરી દિલ બેવડી હિંમત,
લડત ચાલુ જ રાખી છે, ધરી દિલ આત્મવિશ્વાસ.

હરિઃૐ

# તબક્કા આખરી જે છે

જીવનવિકાસના ક્ષેત્રે તબક્કા આખરી જે છે,
ખરાખરીનું, કટોકટીનું ભયંકર યુદ્ધ ચાલે છે.

શું દૈવાસુર સંગ્રામ જીવનને ભીંસમાં લે છે !
અસુરો રૂપ દેવોનું લઈ શી જાળ બિછાવે !

ખરેખરી ઈશ્વરીશક્તિ પહોંચી વળવા શી માત્ર
-ખરેખર એકલી યોગ્ય ! બીજાની ત્યાં ન તાકાત.

નિરંતર ભાવની બઢતી થતી રહેતાં અખંડિત તે,
જીવનમાં ઈશ્વરીશક્તિ ફૂટી નીકળતી મેળે તે.

હરિ:ૐ

## જીવનનો આખરી જંગ

જીવનનો આખરી જંગ અમે તો માંડી દીધો છે,
હવે હઠવાપણું ત્યાંથી જરા પણ ના ચહેલું છે.

હવે તો મરવું કે જીતવું વિના ઉપાય બીજો ના,
જીવનનું શૌર્ય બતલાવી શું સંગ્રામે કટોકટીમાં !

હૃદય મર્દાનગીથી ત્યાં જવા ખપી દિલ તત્પરતા !
બધું હોમી જ હોમીને થતા ખાલી જતા કેવા !

ખરાખરીનો જ આખરી શો હવે મંડાયેલો જંગ !
ખપી પૂરું જવા હોંશ ઊછળતો'તો હવે રંગ.

હરિઃૐ

# હરિને સાદ પાડીને

અથડાયો હું, કુટાયો છું, થયું સૌ ગેરવલ્લે તે,
છતાં મથવાનું મેં તો કંઈ ન મૂકી છેક દીધું છે.

હલેસાં મારી મારીને ઉભય મુજ બાવડાંયે તે
-ગયાં છે થાકી સંપૂર્ણ ભીડું હામ હૃદે તોયે.

શરીરે જોમ ખૂટ્યું ને પગે બળ ચાલવા ના છે,
ભરાતું એક ડગલું ના, ન શ્રદ્ધા તોય ખૂટી છે.

હૃદય ઉત્સાહ, ઉદ્યમ ને શું ખંત પ્રેરણા સિંચવા !
**હરિ**ને સાદ પાડીને હૃદય અજમાવ્યું સ્તવવામાં.

હરિઃૐ

## કૃપાથી તો છુટાયું છે

ફલાંગો પર ફલાંગો શી અમે જીવનમાં મારી છે !
કૂદી ક્યાં ક્યાં ગયા કેવું ! બધો ઈતિહાસ ન્યારો તે.

કદીક ડૂબ્યા હતા કેવું ! તરી ત્યાંથી શક્યા કેવું !
પથે થંભી જવાનું તે થયું કેવું હતું ભૂંડું !

છતાં હિંમત હૃદયમાંથી ન હારી કંઈ જવાઈ છે,
ખરેખર એ જ મોટી શી પ્રભુ, તુજ મહેરબાની છે !

ભયંકરની મુસીબતમાં ઘણી ટક્કર ઝીલેલી છે,
સકંચામાં અવાતાંમાં કૃપાથી તો છુટાયું છે.

હરિઃૐ

# ગમે તેવી દશામાંયે

જીવનમાં આડખીલીઓ બહુવિધ ખૂબ પ્રગટી છે,
ઊભો કેવો હતો, તેને શું આડો પાડી દીધો છે.

પડ્યો તોયે થયા તેવા કર્યા છે યત્ન, ઊઠવાને
-ઢીંચણીએ ચાલવા કેવી કડી મહેનત થયેલી છે.

પડ્યો છો ભોંય તોયે ત્યાં, ન છાનો હું રહેલો જે,
કરી ઊઠબેસ ભારે ને કર્યાં છે ધમપછાડાયે.

ગમે તેવી દશામાંયે પ્રમાણિક યત્ન જેનો છે,
ભલે હારે છતાં એને કુમક ઓચિંતી મળતી છે.

હરિ:ૐ

## હૃદયની ધા

ભયંકર દિલ સંઘર્ષણ જીવનમાં કેવું પ્રગટ્યું છે !
ઘવાતી શાંતિ, અથડામણ ભીતર ઊભી થયેલી છે.

અવ્યવસ્થિત સર્વ જે તે કંઈ વળી ઊંધું ગયેલું છે,
તટસ્થ તે વિશે રહેવા મથામણ જલતી જાગી છે.

કર્યાં કરી પ્રાર્થના દિલની છતાં શાતા વળી ના છે,
નિવેદન ચરણ વળી વળીને શું વારંવાર કીધું છે !

કરેલા સર્વ ઉપાયો બધા છૂટી પડેલા છે,
હૃદયની **ધા** ચરણ નાખી લીધેલો છુટકારો છે.

હરિઃૐ

## ખરી મર્દાનગી તે છે

બહુ મથતાં, બહુ મથતાં, છતાં યારી ન લાગી છે,
નિરાશાના પ્રસંગેયે ન નમતું છેક મૂક્યું છે.

સરળતા સર્વ બાબતમાં જીવનમાં હોય છે જ્યારે,
ટકી શકવા બહાદુરી, પરાક્રમ તે ન સાચું છે.

બધાં પાસાં પડે અવળાં, ઊંધી બાજી વળેલી છે,
નિરાશા એવીમાં ટકવું, ખરી મર્દાનગી તે છે.

સ્મરણ ભક્તિથી જીવનમાં નવા શા ગુણ ખીલેલા છે !
થતા છે ફેરફારો જે, પ્રમાણ, તે જ પ્રત્યક્ષે.

હરિઃૐ

## કળા શક્તિ જ ન્યારી છે

જુદા જુદા તબક્કાની ભૂમિકા જુદી જુદી છે,
અને તે ભૂમિકાકેરાં જીવન પણ સર્વ જુદાં છે.

જીવન પ્રત્યેકની એવી કળા શક્તિ જ ન્યારી છે,
વટાવી તે જવાતાંમાં ભયંકર ભુલભુલવણી છે.

કદીક તો જન્મ જન્માંતર વહી કેવા જતા ત્યાં છે,
જીવન ત્યાં મહાલી લેવામાં હૃદય આનંદ ન્યારો છે.

કળા ઉપયોગની દિલની બધી ભુલાઈ જવાયે છે,
અને ઉપભોગમાં પડી ત્યાં વિસારે તત્ત્વ પડતું છે.

હરિઃૐ

## નૂતન જે પ્રાણ પ્રગટ્યા છે

જીવનમાં તે સ્મરણ બળની પરે આધાર ધાર્યો છે,
સ્મરણ લીધે જવાયાથી મળંતી શક્તિ લાગી છે.

જીવનમાં શક્તિ પ્રેરાતાં નૂતન જે પ્રાણ પ્રગટ્યા છે,
નવીન ચમકારા દિલવ્યાપી નવી પાંખો શી આવી છે !

ગગનમાં ને ગગનમાં તો હવે ઊડ્યા જવાનું તે
-હૃદયમાં શું ગમ્યા કરતું ! જીવન તે યોગ્ય લાગ્યું છે.

ગગન ભૂમિની ક્ષિતિજો કંઈક એવી વટાવીને,
શી એવી પરંપરાનેયે વટાવાતાં, મળે છે તે.

હરિ:ૐ

## જીવનને તે ફળાવે છે

અનુભવવાની દિલમાંની બધી તે પ્રક્રિયા વિશે
-પ્રચંડ દિલ તસલાટ સહ્યો ના તે ગયેલો છે.

પરંતુ દિલ તલસાટતણી ઊર્મિ સ્ફુરેલી જે
-થવા વિકાસ ઉપયોગે સમજી લીધા કરેલી તે.

બધે જેમાં અને તેમાં સતત ઉપયોગનું જ્ઞાન,
હૃદયમાં પ્રજ્વળેલું તે, ખરેખર કામ આવ્યું છે.

સતત ઉપયોગમાંથી શી જીવંતી ધારણા જીવને !
-પ્રગટતી જે હૃદય રહે છે, જીવનને તે ફળાવે છે.

હરિઃૐ

# બધું મુજથી કરાવ્યું છે

બિલાડી હું હતો, તેને પ્રભુ સાવજ બનાવ્યો છે,
પરંતુ એકલો માત્ર ખરેખર હું જ જાણું તે.

ગરીબડી ગાય જેવો તેં મને દિલમાં બનાવ્યો છે,
હૃદયની નમ્રતા ટોચે ચઢાવીને ઉરાડ્યો છે.

નરમ માટીતણા લોંદા સમો શો કેળવી મુજને,
શું આડુંઅવળું ને ઊંધું બધું મુજથી કરાવ્યું છે !

ઘડાવા કાજ કેળવણી થવા કાજે મુલાયમતા
-ઘટે હોવી પૂરી યોગ્ય, હવે સમજાયું તે દિલમાં.

હરિઃૐ

# જીવનનું કર્મ સોંપીને

જીવનમાં એકલે હાથે ઝઝૂમવાનું અમારે છે,
જીવનનું કર્મ સોંપીને તું દૂર ભાગી ગયેલો છે.

કરંતાં કર્મ નિજ જાતે મળે હોશિયારી કેળવવા,
બધીયે જાતની આવડત કુનેહ શાં સ્ફુરે દિલમાં !

મળે તક તે વિશે ઊંડું બધું શિક્ષણ રહેલું છે,
સમજદારી જીવંતી દિલ કૃપાથી તો મળેલી છે.

જીવનમાં તેથી જ્યાં ત્યાંથી કંઈક ને કંઈક શીખીને
-નવું નવું શીખવા પાછો હૃદય ઉદ્યત હું તત્પર જે.

હરિઃૐ

## હૃદયમાં નેમ પાકી છે

અમારે તો ગરજ તારી પૂરેપૂરી હૃદયમાં છે,
સતત તેથી તને દિલથી અમે વળગી રહેલા તે.

જીવનમાં આળપંપાળ બીજી કોઈ કશી ના છે,
બધી પંચાત જીવનમાં અમારે તો તમારી છે.

તને દિલ નીરખી નીરખીને જીવનમાં કર્મ કરવાં છે,
નજર આડીય તેડી પણ થવા દેવાની ના કંઈ છે.

અમારે નાકની દાંડી તરફ સ્થિર દૃષ્ટિ માંડીને,
સતત ચાલ્યા જ કરવાની હૃદયમાં નેમ પાકી છે.

હરિઃૐ

## પથે અટકી પડાયું છે

સમય જ્યાં આવી પહોંચ્યો છે લગાવાને જ ડૂબકીને,
તહીં ખચકો કશોક લાગી પથે અટકી પડાયું છે.

નયન તમ્મર શું આવ્યાં છે ! બહુ ચક્કર ચઢેલાં છે,
દિશા ચારે ન સૂઝે કૈં હજી તો કળ વળી ના છે.

જબરજસ્ત તહીં સાદ મને ત્યારે પડેલો છે,
'ઊઠીને ચાલવા પંથે હવે તો માંડવાનું છે !'

પછી બેસી ન રહેવાયે, કપાળે હાથ દઈને તે,
મહામહેનતથી ડગ ભરીને ફરી ઊઠવા મથેલો જે.

હરિઃૐ

# ખરી ટક્કર ઝીલેલી છે

પરાક્રમ દાખવ્યા વિના વીરોચિત શક્તિને યુદ્ધે
-વિજય, ઐશ્વર્ય મેળવવા ખરેખર સાવ દુર્લભ તે.

જગતના સ્થૂળ ક્ષેત્રે આ હકીકત પૂર્ણ સાચી છે,
પછી તો કેટલું સાચું જીવનના ઊર્ધ્વ ક્ષેત્રે તે !

પુરુષાર્થ કર્યા વિના, તપશ્ચર્યા કર્યા વિના,
હૃદય ઝંખે જ મેળવવા નકામાં સર્વ તે ફાંફાં.

હૃદય નિશ્ચય પૂરેપૂરો જીવનમાં તો થયેલો છે,
સટોસટના જ સંગ્રામે ખરી ટક્કર ઝીલેલી છે.

હરિઃૐ

# હૃદય રસ છોળ ઊછળી છે

સ્મરણ કરતાં, સ્મરણ લેતાં અખંડ તે થવા પ્રત્યે,
મથી મથીને પુરુષાર્થ પ્રચંડ શો થયેલો છે !

મથામણમાં હૃદયની તે હૃદય જ્યાં લગની પ્રગટી છે,
ખરો **પ્રાણ** પ્રયત્નોમાં ખરેખર ત્યારે જાગ્યો છે.

પડંતાં રસ મથામણમાં પ્રયત્નો તે ફળેલા છે,
પુરુષાર્થે ફળાતાંમાં હૃદય રસ છોળ ઊછળી છે.

જીવન રસનીય ભૂમિકા જુદી જુદી અનેરી છે,
**હરિ**રસ ભાવની કક્ષા ન આત્યંતિક ક્યાંયે છે.

હરિઃૐ

## કૃપાથી બહાર ખેંચીને

શું દૈવાસુર સંગ્રામ શકાવો તે કળી દુર્લભ !
ખરેખર ભુલભુલવણીમાં ફસાઈ ત્યાં જવાયું છે.

ભયંકર તે કળણ કેવું ! ન ત્યાંથી નીકળાયે છે,
પ્રયત્નો જે થતા સઘળા તહીં મિથ્યા જ નીવડે છે.

હ્રદયથી પ્રાર્થના કરવાતણી સૂઝ ત્યાં ન કૈં રહે છે,
જીવનનો સદ્‌ગુરુ ત્યારે ચઢી ગરુડે જ આવે છે.

જીવનના સૂક્ષ્મમાં સૂક્ષ્મ કળણમાંથી ગ્રહી કરને
-કૃપાથી બહાર ખેંચીને ઉપર તે લાવી મૂકે છે.

હરિઃૐ

# મહામુશ્કેલ દુર્લભ છે

બહુ જ મુશ્કેલ ને દુર્લભ હૃદય ચેતન અનુભવવું,
સતત સાધનના અભ્યાસે થયું છે ભાવનું ઊગવું.

અખંડિત ભાવ કરવાને નિરંતર મૂળ આધારે,
થયો જે ગૂઢ અભ્યાસ, બધો ઈતિહાસ ન્યારો તે.

જીવનવિકાસ અભ્યાસ જતાં વધતો જીવનમાં તે,
ફળંતો ભાવ લાગ્યો છે, અનુભવવાનું સાધન તે.

અનુભવવું હૃદય ચેતન મહામુશ્કેલ દુર્લભ છે,
છતાં ચીટકી સતત વળગી રહેવાતાં, ફળે છે તે.

હરિઃૐ

## જીવન લક્ષ્મી ખરી તે ત્યાં

સબૂરી, શાંતિ, આનંદ જીવનમાં જે મળેલાં છે,
તપશ્ચર્યાતણા બળથી જીવન તેવું ઘડાયું છે.

લડત લડતાં, લડત લડતાં, ખમીર જે કેળવાયું છે,
લડાતાં યુદ્ધ, જિગર શક્તિતણી પરીક્ષા થતી રહે છે.

પીછેહઠ શી થતી ! તોયે ખુમારી ને ખમીર દિલનાં
-કદી અદૃશ્ય ના થાય, જીવનની ધન્યતા તે જ.

જીવન જીવતાં, જીવન જીવતાં જીવન વિકાસમાં બઢતાં,
બઢેલી શાન જીવનની જીવન લક્ષ્મી ખરી તે ત્યાં.

હરિઃૐ

## જીવનની જાગૃતિ ફળી છે

નિરંતરની જ પ્રજ્વલતી જીવન પ્રત્યેની દિલમાંની
-જીવંતી જાગૃતિ એવી જીવનને ના વિસારે છે.

બહુ જ અથડાતાં, કુટાતાં, મથી મરતાં, મથી મરતે,
જીવનમાં જાગૃતિકેરી હૃદય સમજણ ઊગેલી છે.

પછીથી તો હૃદયમાં તે જીવંતી જાગૃતિ કરવા
-પૂરી સક્રિય, સૌ રીતે સતત મંડ્યો રહ્યો દિલમાં.

થતાં સાધન રહેવાથી હૃદયમાં ભાવ ઊગ્યો છે,
હૃદય તે ભાવમાંથી તો જીવનની જાગૃતિ ફળી છે.

હરિઃૐ

## હૃદય માણ્યું અનુભવથી

સ્ફુરે જે ભાવનો ધોધ હૃદયમાં ઝીલવાને તે
-પડે કેળવવી શક્તિને, ન સહેલું ઝીલવાનું તે.

કંઈ આધારની યોગ્ય ભૂમિકા પાત્રતા ના છે,
કદી કાળે હૃદય ભાવ ઝિલાવાનો નથી દિલ તે.

કૃપાથી દિલ સૂઝેલું કે ભૂમિકા ભાવને યોગ્ય
-થવા, મથવાનું શું શું તે કૃપાથી તે થયેલું છે.

જીવન આજે થયું છે તે સહજ સક્રિય જીવંતી
-હૃદયની જાગૃતિથી તે, હૃદય માણ્યું અનુભવથી.

હરિ:ૐ

## સતત તારી નજર મુજ પર

જીવનની ભાવથી દીક્ષા કૃપાથી તેં અપાવી છે,
જીવનપથ તેં ચલવવામાં મદદ પ્રેરાવી કેવી છે !

મદદ તારી વિના મુજથી થઈ શક્યું ના હતે કશુંયે,
ચલાવાને મને ટેકો જીવન તારો મળેલો છે.

પથે અટવાઈ જતાં મુજને મદદમાં દોડી આવ્યો છે,
છૂપો અણદીઠ તું રહીને મને નીરખ્યા કરેલો છે.

સતત તારી નજર મુજ પર રહી અંકાયેલી જે છે,
જીવંતા તે ભરોંસાથી રહી નિશ્ચિંત શકેલો છું.

હરિઃૐ

# શું બળવત્તર થવાયું ત્યાં !

હૃદયનો ભાવ ઉપયોગે જીવનમાં તે લીધા કરીને
-જીવનને યોગ્ય વિકાસે ફળવવા યત્ન કીધો છે.

જીવનનું ધ્યેય, સંપૂર્ણ થવા સાકાર જીવનમાં,
-મથાતું જેમ ગયું, તેમ શું બળવત્તર થવાયું ત્યાં !

થયેલા દિલના નિશ્ચય વિશે શા **પ્રાણ** ફૂટ્યા છે !
ગગનનીયે જવા પાર હૃદય થનગન સ્ફુરેલું છે.

ખીલી મર્દાનગી પાંખ શી ઉડ્ડયનશીલ તે જબ્બર !
ગમે તેવાય ખતરાને પહોંચી વળવા શી તત્પર !

હરિઃૐ

## ભરોંસે દિલ નિશ્ચિંત ત્યાં

ચરણકમળ વિશે ડૂબતાં ઊંડું ઊંડું શું ઊતરાતાં,
નીકળવા બહાર તો રસ્તો કશો ત્યારે મળ્યો છે ના.

કરાતાં યત્ન ઊલટું ત્યાં કળણમાં નીચું ને નીચું
-ગયું ઊતરાતું, તેથી શો રહ્યો પડી શાંત પૂરો હું !

કર્યાં કરું આત્મનિવેદન, હૃદયથી પ્રાર્થના કરીને
-તને પોકાર પાડ્યા છે, મદદ કરવા ચઢી વહારે.

ખરેખર દિલથી મથતાતણા પોકાર ખાલી ના
-કદી ક્યારે ગયા જાણ્યા, ભરોંસે દિલ નિશ્ચિંત ત્યાં.

હરિઃૐ

# કૃપા સમજાઈ ત્યારે તે

'કર્યાં કરવું સ્મરણ **હરિનું**' થયેલો નેમ પાકો તે,
જીવનમાં દૃઢ રીતે પૂરો જરૂર પાળ્યા કરેલો છે.

જીવનમાં તે દૃઢવતાંમાં પરિશ્રમ શો પડેલો જે,
ઉમળકો, ભાવ હૈયાનો હતો સહકાર સાથે તે.

મનાદિ કરણને હૃદયે મનવતાં ને મનવતાંમાં
-અખૂટ ધીરજ, અતૂટ બળને પડેલાં ખૂબ વાપરવાં.

સ્મરણ નોબત બજી ઊઠતાં જીવન રોનક ફરી જઈને
-જીવનનો સ્વાંગ બદલાતાં, કૃપા સમજાઈ ત્યારે તે.

હરિઃૐ

## જીવન રળતર રળાયું છે

ભજનનો લાગતાં દિલમાં નશો, મસ્તી મચેલી છે,
જીવનનો રંગ ત્યારે શો અનેરો ઑર ઊછળ્યો છે !

**हरि**, **हरि**, દિલથી ગાતાં શું થવાયું એકરાગે છે !
થવાતાં એકરાગે તો ખરો રસ દિલ ફોર્યો છે.

**हरि**રસ દિલમાં તેવો નિરંતરનો થવા જીવને
-પરોવાવા મથેલો શું સતત સાધન વિશે દિલને !

જીવન એવા મથામણના પ્રયાસોથી જિવાયું છે,
થતા રહેતા પ્રયત્નોથી જીવન રળતર રળાયું છે.

હરિઃૐ

# પૂરું યાહોમ થઈ જઈને

સ્મરણમાંની હૃદય ગંગાતણી જે ભાવ ધારાઓ
-વહાવીને, વહાવીને, ચરણ તારાં પખાળ્યાં છે.

ચરણકમળે હૃદયભાવ ધરાવ્યા તે વિના દિલને
-જરા પણ ચેન ના પડતું, જીવન અભ્યાસ એવો છે.

સતત જ્યાં એકનો એક હૃદયમાં એક પ્રત્યેના
-થતા રહેતા જ અભ્યાસે, જીવનમાં પાંગરાતું છે.

પૂરું યાહોમ થઈ જઈને જીવનમાં ઝંપલાવ્યું છે,
ખરે ત્યારે જ ચરણામૃત મળ્યું છે ચાખવાનું તે.

હરિઃૐ

# જીવનની મસ્તી ન્યારી છે

**हरि**માં દિલ ધારીને અમે વ્યવહાર ચલવ્યો છે,
**हरि** શો એકલો માત્ર જીવનમાં મોખરે દિલ છે.

**हरि**ની સાથે દિલ ધારી, **हरि** ગાયા કરેલો છે,
**हरि** ભજવાની માયામાં બધું જે તે ભુલાયું છે.


**हरि**રસનો હૃદય ભાવ જીવનમાં ખૂબ છલકાઈ
-વહેવા શો બધે માંડી પ્રવાહે તે થયેલો છે.

**हरि**રસના પ્રવાહે તે થતું જે તે ભીનું રહે છે,
**हरि**રસથી જ તરબોળ જીવનની મસ્તી ન્યારી છે.

હરિ:ૐ

# ખંડ - ૪

## સ્મરણનો આશરો મોટો



સ્મરણ કરતાં, સ્મરણ કરતાં શરીર રોગ મટેલો છે,
સ્મરણમાં તેથી જાગેલો હૃદય વિશ્વાસ **હરિ** પર તે.

હરિઃૐ

## સ્મરણ કરતાં, સ્મરણ કરતાં

શરીરના રોગની મુક્તિ થવા, ઉપાયરૂપે તે,
સ્મરણ **હરિ**નું રીતે તેવી કરેલું મેં શરૂ ત્યારે.

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં શરીર રોગ મટેલો છે,
સ્મરણમાં તેથી જાગેલો હૃદય વિશ્વાસ **હરિ** પર તે.

ગણતરી સ્વાર્થની એવી રીતે જીવન વિશે મુજ તે,
નકામી અર્થ વિનાની જીવનને તે ફળાવાને.

અહોરાત્રિ હૃદય ઊંડું લીધા કરતાં સ્મરણને તે,
શું હેતુ ઊર્ધ્વ જીવનનો હૃદય તેમાંથી લાધ્યો છે !

હરિઃૐ

## હૃદયના ભાવને કારણ

‘શરૂ શરૂમાં શું કરવાનું’ હૃદય મુજને ન ઊગ્યું છે,
સ્મરણનું એકલું સાધન કર્યાં કર્યું છે, કર્યાં કર્યું છે.

સ્મરણનો દિલ અભ્યાસ વ્યવસ્થિત જ્યાં થયેલો છે,
વવાયેલાં બીની જેમ ફટોફટ ઊગવું થયું છે.

પછીથી હારમાળાઓ અનેકે વિધ થયેલી છે,
હૃદયના ભાવને કારણ ફળ્યાં તે તે ગયેલું છે.

સતત અભ્યાસમાંથી તો હૃદય વૈરાગ્ય જાગ્યો છે,
જીવન અભ્યાસ વૈરાગ્યે ગયું છે ફાલતું શું તે !

હરિઃૐ

# મહદ ઉપકાર કીધો છે

ખરાબાની જીવનકેરા ખબર નહોતી કંઈ પણ તે,
સ્મરણ છાલક પરે છાલક શી લાગંતાં ખબર થઈ છે.

અગન ભડભડતી પગ તળિયે શી આવેલી જ નીરખીને
-ચમકીને એકદમ કેવો હું ભાગ્યો મૂઠી વાળીને !

સ્મરણ વારિથી તો ઠંડું પૂરેપૂરું પડાયું છે,
શું બક્ષીને સ્મરણ સાધન મહદ ઉપકાર કીધો છે.

વિકાસે યોગ્ય ખીલતાંમાં સમજ સક્રિય આકારે
-થવા પ્રત્યક્ષ દિલ ચોંટ્યું, પછી તો દિલ રસબસ છે.

હરિઃૐ

# સ્મરણના નિત્ય અભ્યાસે

પૂરેપૂરી શરમ હૃદયે હવે મુજને શી આવે છે !
હતો પાસે નજીક કેવો છતાં જાણ્યું નહોતું તે.

સ્મરણના નિત્ય અભ્યાસે ઊંડું ઊંડું જવાયું છે,
ઊંડું તે ઊતરાતાંમાં, 'નજીક છે તું' સમજ થઈ છે.

સમજ તે ખાલી ખાલી ના પ્રયત્નેથી ઊગેલી તે,
પ્રયત્ને સમજણે તેવી પ્રવર્તાવ્યા કરેલો છે.

ઊંડે ઊંડે ઊંડું અંતર વળી અંતર તણે અંતર,
હૃદયનો ભાવ ઊતરતાં થઈ ગયું દૂર તે અંતર.

હરિ:ૐ

# જીવન ઊર્ધ્વ થયેલું છે

જીવનના ઊર્ધ્વ વિકાસતણો પાયો રચાયો જે,
સ્મરણ તેમાં દઢાયેલું બની પાયો જીવનનો તે.

જીવનના ઊર્ધ્વ વિકાસ મકાને તો ચણાયું છે,
સ્મરણ પોતે થરેથરમાં બનીને ઈંટરૂપે તે.

સ્મરણ લીધે જવાયાથી સ્મરણમાં દિલ લાગ્યું છે,
સ્મરણ એવા થકી કેવાં અવર સાધન જડેલાં છે.

હૃદયમાં ભાવ એકાગ્ર થતાં કેંદ્રિત બિંદુએ,
બધું તે ભાવમાંથી તો જીવન ઊર્ધ્વ થયેલું છે.

હરિ:ૐ

# જીવનગાથા બનેલું છે

સ્મરણ **હરિ**નું ધીમે ધીમે ગરજ કારણ લીધેલું છે,
ગરજ સરતાં, સ્મરણમાં દિલ કંઈક કરતાંય લાગ્યું છે.

સ્મરણ લીધા કરેલું છે પૂરી અડબંગ રીતે તે,
છતાં દિલમાં વસેલું કે 'લીધાથી કંઈ ન બગડે છે !'

લીધા કરતાં, લીધા કરતાં સ્મરણને દિલ લીધા કરતાં,
સ્મરણમાં દિલ ધીરે ધીરે થયું છે લાગતાં દિલમાં.

સ્મરણ બલિહારી ગાતાં હું કદી પણ થાકતો ના કૈં,
સ્મરણ 'મારા જીવનની તો જીવનગાથા', બનેલું છે.

હરિઃૐ

## અમે નિયમ લીધેલો છે

સ્મરણમાં ભાવ શરૂમાં તો જરા પણ દિલ ન પ્રગટ્યો છે,
સ્મરણ શું શુષ્કમાં શુષ્ક થયા ત્યારે કરેલું છે.

છતાં અભ્યાસ દિલમાંનો સ્મરણ કરવાતણો નિત્યે,
મથી મથીને ઉમળકાથી અમે ખંતે જ ચલવ્યો છે.

સ્મરણે રાખવા ચાલુ હૃદય સભાનતા ધારી,
અમે મંડ્યા કરેલું જે, મથામણ કોણ જાણે તે ?

જીવનના પ્રાણપ્યારા તે **હરિ**ને સૌ નિવેદીને,
જીવનમાં ઝંપવાકેરો અમે નિયમ લીધેલો છે.

હરિઃૐ

# ગમી જે દિલ ગયેલું હો

શરૂ શરૂમાં સ્મરણ **હરિ**નું હૃદયથી ના થયેલું છે,
સ્મરણ તેવા વિશે દિલની કશી ના લાગણી ઝરી છે.

છતાં તોયે સ્મરણને મેં લીધા અડસટ્ટે કીધું છે,
સ્મરણ અભ્યાસ જીવનમાં પડંતાં દિલ ફાલ્યું છે.

સ્મરણમાં દિલ ભળતાંમાં સ્મરણ રસીલું થયેલું છે,
સ્મરણ કરવા વિશે પછીથી હૃદય ભેળું વળેલું છે.

ગમી જે દિલ ગયેલું હો ગમે તેવું ભલે હો તે,
પરંતુ તો હૃદય પછીથી વસી કેવું જતું તે તે !

હરિઃૐ

## સ્મરણમાં મોજ ઊગી છે

પ્રથમ પ્રથમે સ્મરણ લેવે સ્મરણમાં દિલ ન લાગ્યું છે.
સ્મરણનો મહાવરો પડતાં કંઈક થયું ભાવતું દિલ તે.

સ્મરણ દિલ ભાવતું બનતાં, થતું ગયું ગોઠતું દિલ તે,
પછીથી તો હૃદય ઊંડો સ્મરણનો પાસ લાગ્યો છે.

હૃદય પડવા જહીં મંડ્યો સ્મરણમાં રસ ખરેખર જે
-સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણમાં મોજ ઊગી છે.

સ્મરણ આનંદથી જીવન વિભોર શું થયેલું છે !
સ્મરણનો ભક્ત પાકો જે જીવનમાં તે અનુભવશે.

હરિઃૐ

## મથાયા શું કરાયું છે !

જીવન ઉપયોગમાં લેવા સ્મરણને તો ગ્રહેલું છે,
પરંતુ દિલથી કેવું તે અનેકે વાર છટક્યું છે.

કંઈક વેળા સ્મરણમાં દિલ પરોવાઈ રહેલું છે,
બીજી વેળા સ્મરણ પાછું જરા સરખું ન ચાલે છે.

હૃદય સભાનતા જાગૃત કૃપાથી લાધતાં ત્યારે,
ફરી પાછું સ્મરણ લેવા મથાયા શું કરાયું છે !

સ્મરણ આદતથી શાં મુજને અવર સાધન મળેલાં છે !
હૃદય એકાગ્રતામાંથી ખરે પ્રેરાયેલાં તે છે.

હરિઃૐ

## જીવનની સૂઝ જન્મી છે

સ્મરણમાં ભાવ પ્રગટંતાં, જીવનની સૂઝ જન્મી છે,
હૃદયમાં ઊર્ધ્વ ભૂમિકા પ્રગટવા તેથી માંડી છે.

બધી સમજણનો આધાર હૃદયની જાગૃતિ પર છે,
હૃદયની જાગૃતિ પળપળ રહે જે પર, રમે તહીં તે.

જીવનનો સદ્‌ગુરુ જાગી ઊઠેલી જાગૃતિ તે છે,
સ્ફુરેલી જાગૃતિ સાચું જીવન ઘડતર કરાવે છે.

સતત સાધન થયા કરતે હૃદયમાં ભાવ પ્રગટીને,
હૃદય જે જાગૃતિ ચેતે, જીવનનું જ્ઞાન પ્રેરાવે.

હરિઃૐ

## હૃદય પલટાવી નાખ્યો છે

લઈ લઈને સ્મરણ દિલથી સ્મરણનો ખંગ વાળ્યો છે,
સ્મરણ બિરદાવતાં દિલથી સ્મરણમાં ચિત્ત પ્રોયું છે.

સ્મરણથી જિંદગાનીની કમાણી રળવી ધારીને,
સ્મરણ પાછળ પડી પડીને સ્મરણ લીધા કરેલું છે.

હૃદયમાં આત્મવિશ્વાસ હિમાલય જેટલો વ્યાપી,
હૃદય મજબૂત બનાવીને પૂરો નક્કર ઠરાવ્યો છે.

મને મુડદાલ જેવાને મરદ શૂરવીર, જીવનમાં
-પરાક્રમી, દિલ અણનમ શો ! હૃદય પલટાવી નાંખ્યો છે.

હરિઃૐ

## જીવનપથમાં દડાયું છે

સ્મરણનો છંદ લાગ્યાથી સ્મરણમાં રંગ લાગ્યો છે,
સ્મરણના રંગથી કેવો જીવનમાં પાસ લાગ્યો છે.

જીવનનો હેતુ પ્રત્યક્ષ પ્રવર્તતો હૃદયમાં જે,
કડી મહેનત થવા હૃદયે, નિરંતર પ્રેરણા દે છે.

જીવનહેતુ ફળવવાને હૃદય મસ્તી ચઢેલી છે,
હૃદયના ભાવ ઉન્માદે નશો કેવો ચઢાવ્યો છે !

નશાના જોશના ઘેને જીવનપથમાં દડાયું છે,
હવે તો સાવ નજદીકમાં પૂરેપૂરું અવાયું છે.

હરિઃૐ

## કૃપા બળના જ આધારે

સ્મરણનો ભાવ જીવંતો જીવનમાં સર્વતોમુખી
-હૃદય હોવા, અમે કેવો પ્રબળ પુરુષાર્થ કીધો છે !

કૃપા અલબત્ત પ્રભુકેરી જીવનમાં જે મળેલી છે,
કૃપા બળના જ આધારે જીવનનું સર્વ ચાલ્યું છે.

સ્મરણ વિના ઘડી પણ તો રહેવાયું ન અમથી છે,
સ્મરણ તો પ્રાણરૂપ પ્રગટી અનેરી શક્તિ પ્રેરી છે.

સ્મરણ શક્તિ જીવન પાયો અમારો તો બનેલી છે,
સ્મરણ મૂડી નજીવીથી અમે વેપાર માંડીને
-મૂડી પાછી વધારી તે ફરી વેપાર જોડી છે.

હરિઃૐ

## સ્મરણ ચાવી ખરી શી છે !

સ્મરણથી જિંદગાનીમાં અમારાથી રળાયું જે,
કમાણી તે જીવન ઘડવા ખરી ઉપયોગ આવી છે.

સ્મરણ દિલમાં થતાં દિલથી સ્મરણ દિલનું બનેલું તે,
સ્મરણ જીવતર નવું રળવા નૂતન શક્તિ મળેલી છે.

સ્મરણની આગવી દુનિયા, સ્મરણમાં રાચતો જે છે,
પડે તેને ખબર પાકી, બીજાને ના ગતાગમ છે.

જીવનતાળું ઊઘડવાની સ્મરણ ચાવી ખરી શી છે !
સ્મરણની ફેરવી ચાવી જીવનદ્વાર ખૂલેલાં છે.

હરિઃૐ

# સ્મરણ એ યોગ્ય સાધન છે

લીધા કરતાં, લીધા કરતાં, સ્મરણને એકધારું તે,
-સમય બહુ વીતતાં તેમાં, સ્મરણ દિલચસ્પી લાગી છે.

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં સ્મરણ આશક થવાયું છે,
પછીથી તો સ્મરણ મહોબત હૃદયમાં કેવી ફૉરી છે !

સ્મરણને તો પ્રયોગેથી જીવનમાં નાણી જોયું છે,
સ્મરણથી શું પમાતું તે સ્મરણનો ભક્ત જાણે છે.

જીવનને તે ઘડાવાને, સ્મરણ એ યોગ્ય સાધન છે,
સ્મરણને આચરી, જેવું જીવન લાગ્યું, લખેલું છે.

હરિઃૐ

## અનુભવમાં પ્રકાશે છે

સ્મરણ અભ્યાસ પડતાંમાં, સ્મરણ ઉલઝન ઊઠેલી છે,
હૃદય તન્મયતા વ્યાપીને વિભોર ભાવમાં દિલ છે.

નરી એકાગ્રતા સ્નિગ્ધ હૃદય શી મુગ્ધતા પ્રગટે !
પ્રસન્નતા, ઊંડી શાંતિ, ભર્યું ભર્યું સર્વ લાગે છે.

કશું અસ્તિત્વ પોતા વિણ કશાનું કૈં ન લાગે છે,
સભરતાથી ભર્યું જીવન અમર્યાદિત બધું જે તે.

ન અસ્તિત્વ ટકે નિજનું, બધું જે તે જ શું એકે !
-સમાયેલું જ પ્રત્યક્ષ અનુભવમાં પ્રકાશે છે.

હરિઃૐ

## જીવનનું ભાવ અમૃત છે

સ્મરણ સાધન શું ઉત્તમ છે ! સ્મરણથી જિંદગાનીને
-પૂરું અજવાળવાની તે રમત માંડેલી રંગે છે.

સ્મરણથી દિલ ચગવાનું બહુ અમને ગમેલું છે,
તળેઉપર થતાં, ઊભા રહેવાયું સ્મરણથી છે.

લીલીસૂકી જીવનમાં કંઈ બહુવિધ શી મળેલી છે !
સ્મરણની ભાવનાથી તો ટકાતાં સ્થિર થવાયું છે.

હવે તો તે સ્મરણ મારું જીવનનું ભાવ અમૃત છે,
સ્મરણમાંના હૃદય ભાવે મને કેવો તરાવ્યો છે !

હરિઃૐ

## સ્મરણને જીવતું કરવા

‘થવા સોબત સ્મરણકેરી ઝરંતી રસથી ભરપૂર તે’,
સ્મરણને જીવતું કરવા સતત મથવું પડેલું છે.

સતત લીધા જ કરવાને સ્મરણને તો જીવનમાં તે
-શી અજમાવી જ જોઈ છે જીવનમાં રીતરસમ જે તે.

બહુવિધ તો સ્મરણને શું જીવનમાં દોહરાવ્યું છે,
સ્મરણનું હાર્દ પ્રત્યક્ષ અનુભવવા ચહેલું છે.

ચહેલું માત્ર છે ના તે, સફળ પ્રત્યક્ષ કરવાને
-જીવનની આમદાની તે બધી ખર્ચી જ નાખી છે.

હરિઃૐ

# સ્મરણ ચસકો પડેલો છે

થયા કરતાં, થયા કરતાં સ્મરણ દિલમાં થયા કરતાં
-પરત્વે સ્મરણની દિલમાં, જીવંતો ઝોક જન્મ્યો છે.

જીવનમાં ઝોક જે પ્રત્યે હૃદય લાગેલ ઊંડો છે,
પરોવાયેલ તે વિશે રહ્યા કરતાં મનાદિ તે.

સ્મરણમાં લાગતાં નાદ સ્મરણ ચસકો પડેલો છે,
સ્મરણ પછી આપમેળેયે શું લેવાયા કરાતું છે !

સ્મરણ આનંદ દિલમાંનો ઊછળતો શો રહે છે તે !
અવર જનને શું ગપગોળા સમું તે લાગવાનું છે !

હરિઃૐ

## સ્મરણ તપથી ફળેલો શો !

સ્મરણ **હરિ**નું લીધા કરીને જીવન ઘડવા જ મનસૂબો
-હૃદયમાં જે ઘડેલો તે, સ્મરણ તપથી ફળેલો શો !

સ્મરણ તપ જેમ દિલ બઢતાં કમાવાનું થયેલું છે,
કમાણી તેવી જીવનથી થયું ધપવાનું સાચું તે.

મથી મથીને, ચહી ચહીને હૃદય સાધન થયેલું છે,
જીવન અભ્યાસ વૈરાગ્યે હૃદય ખીલતું રહેલું છે.

હૃદય **આ**, ના હૃદય સ્થૂળ, હૃદય અંતરનું અંતર છે,
જીવનનું ભાન અંતરનું હૃદયમાં સાચું લાગ્યું છે.

હરિઃૐ

# અખંડિત દિલ થયેલું છે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણ લીધા જવાયાથી,
સ્મરણમાં દિલ લાગ્યાથી સ્મરણમાં ચિત્ત ચોંટ્યું છે.

સ્મરણ અજવાળવા જીવન ખરું સાધન મળેલું છે,
કંઈ કંઈ ગૂઢ ને સૂક્ષ્મ મળ્યું શીખવા સ્મરણથી તે.

શરીરને સર્પ કરડાવી સ્મરણ એકીટશે મુખથી
-સતત લેવા કૃપાએ ત્યાં મરણિયું દિલ કરાવ્યું છે.

સ્મરણ તે કાળથી કેવું અખંડિત દિલ થયેલું છે,
જીવનનો ફાલ પછીથી શો ઊતરવા આપ માંડ્યો છે !

હરિઃૐ

## મને જીવતો કરેલો છે

ભયંકર કારમી વેળા જીવન જ્યાં આવી પહોંચી છે,
કર્યું ને કારવ્યું ફોગટ જતું તે સર્વ લાગ્યું છે.

ન પકડાયે જ પકડાયું, સરી સરી સર્વ સરતું છે,
સ્મરણની ધારણાએ ત્યાં સ્તવ્યા કરવા જ પ્રેર્યો છે.

હૃદયના ભાવની ઊંડી ઊપજતી વેદના ઉગ્ર,
ખરેખર સાલતા દર્દે સ્તવન ઊંડું જ પ્રેર્યું છે !

હૃદય પ્રગટેલ તે દર્દે, હૃદયથી પ્રાર્થના કરીને
-ફરી પાછો જગાડીને, મને જીવતો કરેલો છે.

હરિઃૐ

# સ્મરણ એ મુજ જીવનનૌકા

કર્યાં કરવાતણો ઊંડો થતા અભ્યાસ સ્મરવાનો,
જીવનના રંગ ને ઢંગ બધા બદલાઈ ચાલ્યા છે.

સ્મર્યા વિના હવે દિલને કશું ના ચેન પડતું છે,
શું શ્વાસોશ્વાસ તો હાવાં સ્મરણ કેવું બનેલું છે !

સ્મરણ આંદોલનો એ તો જીવન મઠારવાને તે,
અદીઠો ભાગ અદ્‌ભુત શો ખરેખર ખૂબ ભજવ્યો છે !

સ્મરણ એ મુજ જીવનનૌકા તરવવાને બનેલી છે,
સ્મરણથી દિલ ભક્તિમાં શું રંગાયું અનુપમ છે !

હરિઃૐ

## ખરો ધનવાન બનવ્યો છે

શી દિલચસ્પી સ્મરણથી મન પૂરી લગાડવાને તે !
ખરેખર મનની પર મુજથી જબરજસ્તી થયેલી છે.

પડંતાં દિલ અભ્યાસ પછી મન વળવા લાગ્યું તે,
છતાં તોફાન અધવચ્ચે કરી, છટકી જતું લાગે.

સ્મરણ અભ્યાસથી હૃદયે ઊંડો વિવેક જાગ્યો જે,
હૃદય એવા વિવેકે શો મને દિલ ચેતવેલો છે !

અનેકે ગુણ એવા તો સ્મરણના કેટલાયે છે,
જીવનમાં ઉદ્‌ભવી તે તે ખરો ધનવાન બનવ્યો છે.

હરિઃૐ

## જીવન આ કેળવાયું છે

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણમાં વહાલ છૂટ્યું છે,
સ્મરણ અભ્યાસ પડતાંમાં સ્મરણમાં રંગ લાગ્યો છે.

સ્મરણમાં પગલી પા પાથી સ્મરણ પથ ચાલવાનું તે
-કર્યાં કરીને કર્યાં કરતાં, જીવન **આ** કેળવાયું છે.

ઉમળકો, હર્ષ, ઉન્માદ સ્મરણ ભાવે ચગેલા તે,
જીવનને કેળવાવાને ખરા ખપમાં જ લાગ્યા છે.

જીવનમાં આત્મવિશ્વાસ સ્મરણથી દૃઢ બનેલો છે,
મરણિયો તીવ્રતમ દિલનો ખરો નિરધાર પ્રગટ્યો છે.

હરિઃૐ

## જીવન તાવ્યા કરેલું છે

સ્મરણનું નાડું પકડેલું છૂટું ના તે મુકાયું છે,
બરાબર યોગ્ય રીતિથી પૂરું પકડી રખાયું છે.

કદીક છટકી જતું લાગ્યે, ધબકતું ભાન જાગ્યું છે,
સ્મરણની ધારણાએ શું સ્મરણ જીવતું રખાવ્યું છે !

સ્મરણની ધારણા પડતાં પરિશ્રમ શો પડેલો છે !
પરિશ્રમનાં મીઠાં ફળ જે મળેલાં ચાખવાનાં તે.

કરેલી દિલ તપશ્ચર્યા કડી શી આકરી જીવને !
સ્મરણચીલો થવા પાકો, જીવન તાવ્યા કરેલું છે.

હરિઃૐ

## ગણાવું શી રીતે દિલથી ?

જીવનમાં લાગતાં મહોબત સ્મરણની, કેવું કેવુંયે
-પડેલું ખૂબ મથવું તે મથામણ કેવી જબ્બર તે !

પરંતુ દિલથી સજ્જડ સ્મરણને રાખવા પકડી,
કરેલા છે પ્રયત્નો જે, ગણાવું શી રીતે દિલથી ?

મથામણ દિલની સાચી પ્રમાણિકતાથી બનતી જે,
થતા સંગ્રામથી દિલના જીવનનો માર્ગ મળતો છે.

હૃદયની નેક દાનતથી વફાદારીથી મથવાનું,
થતાં જ્યાં એકધારું તે, સૂઝી ત્યાં યોગ્ય આવે છે !

હરિઃૐ

## મહેનત શી લીધેલી છે !

જીવનના નાદના ચટકા વળી ચસકા અનેરાયે,
ફસાયેલો પૂરો કેવો ! સ્મરણથી તે જણાયું છે.

સ્મરણ અભ્યાસ પડવાને નિયમ પાળ્યા કરેલો છે,
ભૂલેચૂકેય દિલથી તે નિયમ તૂટવા ન દીધો છે.

સ્મરણને ઝોડની પેઠે હૃદય વળગ્યા કરી કરીને
-હૃદયમાં રાખવા જકડી મહેનત શી લીધેલી છે !

ટકવવા ભાવ હૈયાનો હૃદયથી પ્રાર્થનાનો મેં
-જીવનમાં કેટલી વાર હૃદય આશ્રય લીધેલો છે.

હરિઃૐ

## હૃદય સાંકળ મળેલી છે

મુસીબતમાં સ્મરણથી તો રહેવાયું શું જીવતું તે !
સ્મરણને જીવતું કરવા મહેરામણ ઉલેચ્યો છે.

પડંતાં રસ સ્મરણમાં તે સ્મરણ જીવતું બનેલું છે,
પછીથી આપમેળે તે સ્મરાયાં દિલ જવાયું છે.

સ્મરણથી પ્રાર્થના હૃદયે થયા કેવી કરેલી છે !
હૃદયના પ્રાર્થના ભાવે જીવન ટેકો મળેલો છે.

થતું જે તે બધુંયે તે નિવેદ્યાં પદ કરાયું છે,
સતત ભજવાથી તુજ સાથે હૃદયસાંકળ મળેલી છે.

હરિઃૐ

## हरि યાદે મથાવ્યો છે

સ્મરણ તારું હૃદય મારે થયા કરતું રહેલું જે,
સ્મરણના ભાવથી તેવા જીવનમાં તો ટકાયું છે.

સ્મરણમાંથી જીવન મારે રસિકડી ધૂન લાગી છે,
હૃદય તે ધૂનના તાને સ્મરણમાં ભાવ સ્ફુર્યો છે.

હૃદય જ્યાં ભાવ જાગ્યો છે, સરળ એકાગ્રતા હૃદયે
-અનોખી કેવી જાગીને જીવન રસ બસ થતું શું તે !

પરંતુ એકધારું દિલ પ્રમાણે તે ટક્યું ના છે,
જીવનને ઊંચકાવામાં **हरि** યાદે મથાવ્યો છે.

હરિઃૐ

# સ્મરણથી દિલમાં ઊંડો

સ્મરણથી દિલમાં ઊંડો અનુભવવા જીવન રસને,
ખરેખર કકડીને કેવી હૃદયમાં ભૂખ લાગી છે !

સ્મરણમાં એ જ કારણથી પરોવાયેલ દિલ રહે છે,
ખરું દિલ જે વિશે ઠરતું, મજા તેની અનુપમ છે.

જીવનમાં જ્યાં મજા પડતી જીવન જીવવું જ તેવું જે
-હૃદય જીવવા વિશે તેવું ખરી લહેજત પડે શી તે !

જીવન છોળો પરે છોળો ઊછળતી હર્ષની શી છે !
થતી ન્યોછાવરી જીવન સહજમેળે ચરણ કમળે.

હરિઃૐ

## જીવનનું પર્વ લાધ્યું છે

**हरि** સ્મરવાતણો લહાવો જીવનનો માત્ર તે દાવો,
છતાં તે ના જ કરવાનો, થતો રહે વ્યક્ત તોયે શો !

સ્મરણ ગંગાતણું અમૃત રૂડું જળ શું વહ્યા કરતું !
મનાદિને પલાળીને કર્યાં કરતું જ પાવન શું !

સ્મરણ લલકારીને ગાતાં સતત ગાતાં જવાતાં તે,
હૃદય આનંદ ઉત્સવનું જીવનનું પર્વ લાધ્યું છે.

સ્મરણ જળમાં હવે નાહવાતણો લહાવો અમારો જે,
અમોએ એકલાએ શી મજાની મોજ મહાલી છે !

હરિઃૐ

# બધું સુંદર બનાવ્યું છે

**હરિ**ની ચેતનાત્મક જે સ્મરણની યાદ મુજ હૃદયે
-સતત ચાલ્યા કરેલાથી, જીવનમાં રંગ લાગ્યો છે.

જીવન ઊડઝૂડિયું કેવું હતું પહેલાં, હવે તો શી
-નવી રોનક, નવો ભપકો, નૂતન શણગાર શોભે છે !

**હરિ**ની મહેરબાનીની શી ખુશબો દિલ સ્પર્શી છે !
જીવન શું તરબતર થઈને ખરેખર મહેકતું થયું છે.

ખૂણેખાંચેથી સહુ કચરો બધોયે વાળીઝૂડીને,
કરાવી આંગણું સ્વચ્છ બધું સુંદર બનાવ્યું છે.

હરિ:ૐ

## ખરી ઉપયોગની તે છે

શરૂ શરૂમાં સ્મરણ દિલથી કદી લેવાઈ શકાયે ના,
સ્મરણમાં ભાવ શરૂમાં તો હૃદયમાં તે પ્રગટતો ના.

સ્મરણમાં જન્મતાં ભાવ, સ્મરણમાં રંગ જામે છે,
સ્મરણ તે લેવું, શું મધુરું, મધુરું દિલ લાગે છે !

સ્મરણથી દિલમાં યાદ **हरि** વહાલાની પ્રગટે છે,
અને તે યાદથી કેવી હૃદય ભાવોર્મિ ફોરે છે !

હૃદય ભાવોર્મિ સ્ફુરંતી રહે છે ચેતનાત્મક જે,
જીવનવિકાસના ખપમાં ખરી ઉપયોગની તે છે.

હરિઃૐ

# સ્મરણ ઉપયોગનું તે છે

સ્મરણ જે મુખથી લેવાયે, સ્મરણ જે દિલથી લેવાયે,
સ્મરણ ઉભય વિશે કેવો ફરક જુદો જુદો તે છે.

સ્મરણ જે મુખથી લેવાતું કશો ના ભાવ તેમાં છે,
સ્મરણ જે દિલથી લેવાતું સ્મરણ તે ભાવ ઊગે છે.

પકડવાને ભૂમિકાને સ્મરણ ઉપયોગનું તે છે,
પરંતુ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ખરું ઉપયોગનું દિલ છે.

વિના દિલ, ના કશાનામાં કશા ભલીવાર જાગે છે,
બધું જે તે ખરા દિલના પરિણામે જ જન્મે છે.

હરિઃૐ

# હૃદયનું એ જ આકર્ષણ

સ્મરણનો દિલ અભ્યાસ જીવનમાં પાડવા કાજે,
મથામણ એકલી દિલની જરા ના કામ લાગી છે.

સ્મરણનો સ્વાર્થ લાગ્યાથી સ્મરણમાં રસ પડેલો છે,
હૃદય એવા રસે કેવો હૃદય સંપર્ક બક્ષ્યો છે !

હૃદય સંપર્કથી એવા હૃદય સંભારવામાં તે
-ખરું શું ઑર આકર્ષણ જીવન જન્માવ્યું છે એણે!

હૃદયનું એ જ આકર્ષણ હૃદયની ભક્તિ સાચી છે,
પરોવાયેલ તેથી પદ રહેવાઈ જિવાયું છે.

હરિઃૐ

# પવિત્ર સૌ બનાવ્યું છે

**હરિ** વહાલો, **હરિ** વહાલો હૃદયમાં શો **હરિ** વહાલો !
પ્રવેશાવી **હરિ**ને દિલ હું નાચંતો, કૂદંતો શો !

**હરિ**ને દિલ ભાળીને શું ગાંડાતૂર થવાયું છે !
જીવનમાં ભાવની ભરપૂર ચઢેલી ભરતી કેવી છે !

કહીં સુધી, કહીં આઘે ભરતી વારિ ચઢેલાં છે,
બધેનો મેલ શો ઓટે સમુદ્રે ઠાલવેલો છે.

બધા આધારને શુદ્ધ કર્યો છે ભાવ ભરતીએ,
હવે રહેવા **હરિ** કાજે પવિત્ર સૌ બનાવ્યું છે.

હરિઃૐ

## તે જ વૈષ્ણવ છે

'હૃદય જેને દયા, પ્રેમ, સહાનુભૂતિ, ધીરજ ને
-પૂરો વિવેક, પદ આશ્રય જીવનમાં', તે જ વૈષ્ણવ છે.

ખરો જે ભક્ત **હરિ**પદનો કરે ભક્તિ છતી ના તે,
**હરિ**ના સ્મરણને ચલણી ખરું નાણું જ સમજે તે.


સ્મરણ વિના બીજું એને કશું ઊગતું નથી હૃદયે,
**હરિ**ના ભક્ત જીવનની શી દીવાદાંડી સ્મરણું છે !

સ્મરણનો આશરો મોટો પૂરેપૂરો જીવનમાં તે
-લઈ લઈને થયો 'મોટો' કૃપાએ નિત્ય પોષ્યો છે.

હરિ:ૐ

## ખંડ - ૫

# हरि શો એકલો માત્ર !



જીવનમાં સર્વ જે તે-માં મને આશ્રય તું મોટો છે,
લઈ લઈ તુજ આશ્રયને ટટારી દિલ અનુભવી છે.

હરિઃૐ

## બધી આશા તૂટી પડતાં

પરણવાનો તને નિશ્ચય પૂરેપૂરો કરી દિલમાં,
સમર્પ્યું દિલ ચહી તુજને, હૃદય તારું જીતી લેવા.

નયન તીરછી જ દૃષ્ટિથી ઈશારા તેં ચલાવ્યા છે,
છૂપી છૂપી કંઈક મસલત થકી તુજ દિલ જાણ્યું છે.

છતાંયે દિલ વંકાતાં તને ના વાર લાગે છે,
રીઝવવાના બધા યત્નો નકામા વ્યર્થ નીવડે છે.

જીવન ન્યોછાવરી કરીને સમર્પણ દિલ કરેલું છે,
બધી આશા તૂટી પડતાં, કર્યો સ્વીકાર મુજ તેં છે.

હરિઃૐ

# હૃદય તેં શો લગાડ્યો છે !

મહાઅપરાધી ને પાપી ન જોટો ક્યાંય જેનો છે,
શરણ તુજ આવતાં, તેને હૃદય તેં શો લગાડ્યો છે !

'પતિત પાવન પ્રભુ નામ', જીવનમાં સાંભળી તુજ તે,
ચરણ તુજ ઝંપલાવ્યું છે, શરણ ઢળવા હૃદય પ્રીતે.

કર્યા ઉદ્ધાર કંઈક એવા શા નામીચા જ પાપીના !
ન તે છે કલ્પના શુષ્ક, શા પ્રગટેલા પ્રસિદ્ધિમાં !

ભજનકીર્તન, સ્મરણ ભાવ સમર્પણ ને નિવેદનનાં
-થયાં સાધન કરેલાં છે હૃદયથી તેમની રીતનાં.

મનેયે તેમની સાથે ચરણ આશ્રય મળેલો છે,
પતિત પાવન થયું સાર્થક ખરેખર નામ તારું તે.

હરિઃૐ

## જીવન ફળતું કરેલું છે

ભયંકર કારમી પળમાં મને ડૂબતો બચાવ્યો છે,
સ્મરણ તેં લેવરાવીને મને જીવતો કરાવ્યો છે.

જીવન શેને કહેવાયે કશી સૂધબૂધ નહોતી કૈં,
સ્મરણના ઝોકથી દિલમાં બધી સમજણ ઊગેલી તે.

સતત સાધનતણા યત્ને અવર તેવા જ અભ્યાસે,
ચરણમાં ગાળતાં જીવન, સમજ તપથી ફૂટેલી છે.

સમજથી ઑર અભ્યાસે પ્રયત્ન ને પુરુષાર્થે
-જીવન કર્મે લગાડીને, જીવન ફળતું કરેલું છે.

હરિઃૐ

# મને આશ્રય તું મોટો છે

જીવનમાં સર્વ જે તે-માં મને આશ્રય તું મોટો છે,
લઈ લઈ તુજ આશ્રયને ટટારી દિલ અનુભવી છે.

ગરીબની સર્વ લાચારી બધી ક્યાંયે ઊડી ગઈ છે,
ખુમારી ભવ્ય પ્રગટતાં ખરું મજબૂત થવાયું છે.

જીવનનાં સર્વ પાસાંનું બધું લૂલાપણું જે તે,
ઊડી ભાગી ગયું ક્યાંયે, હવેની વાત જુદી છે.

ફરી કેવો ગયો સીનો ! નજર પણ શી ફરી ગઈ છે !
જીવનની મૂળની દૃષ્ટિ બધી બદલાઈ ગયેલી છે.

હરિ:ૐ

## हरि तें અંક લીધો છે !

ખરેખર સાવ નાદાન, ન સંસારે ગતાગમ છે,
ઊંધું શું વેતરી મારું ! છતાં તું છાવરે મુજને !

છતાં પાછી તું બતલાવી થતી ભૂલ તે જણાવીને
-કદીક ડંડો લગાવીને સીધોદોર દઢાવે છે.

હું નાલાયક પૂરેપૂરો ચરણ તુજ ચૂમવાને તે,
છતાં કેવી કરુણા તેં શી વર્ષાવ્યા કરેલી છે !

કૃપાસિંધુ, કરુણાનો ભર્યો સાગર **हरि** તું છે,
થવા પાવન પતિતને શો **हरि** તેં અંક લીધો છે !

હરિઃૐ

## ખરે, તું એમ વર્તે છે !

નજર શી એકધારી દિલ સતત ધાર્યા કરી ચરણે,
ન આડીઅવળી સહેજે કંઈ જવા દેવાનો યત્ન જ છે.

હૃદય તારું મનન ચિંતવન તરંતું મોખરે જીવતું,
તમન્ના તીવ્ર ઉત્કટથી સતત ચાલ્યા જતું વહેતું.

કદીક તો રીસ તુજ પર હું બળાપાથી શી કાઢીને
-તને ભાંડ્યા જ કરવાનું મને દિલ કેવું થાયે છે !

નઠોર પણ પ્રભુ શો તું ! તને તો કંઈ ન લાગે છે,
ન નાહવું કે નિચોવું હો, ખરે, તું એમ વર્તે છે !

હરિ:ૐ

## કમાણી ભવ્ય લાધી છે !

‘હૃદય શાંતિ સભરતા દિલ’ કૃપાનું વારિ સિંચન છે,
હૃદયનો પ્રાર્થના ભાવ જીવન સંકટ વટાવે છે.

નિરંતર પ્રાર્થનાકેરો હૃદય અભ્યાસ જીવનમાં
-જીવંતો ચેતનાયુક્ત સતત પાડ્યા કરેલો છે.

બધું જે જે થતું નિશદિન ચરણકમળે નિવેદીને,
હૃદય અભ્યાસથી એવા કમાણી ભવ્ય લાધી છે !

નિવેદન પ્રાર્થના ભાવે થતું રહેતાં **હરિ**ચરણે,
અનુપમ દિલ હળવાશ મળ્યા કેવી કરેલી છે !

હરિઃૐ

# અનુભવી માત્ર પ્રીછે છે

જીવનમાં કંઈક પણ બનતાં, **હરિ**પદ પ્રાર્થના ભાવે,
નિવેદ્યાં તે બધું કરતાં **હરિ**નો સ્પર્શ લાગ્યો છે.

હૃદયભાવે ખરા દિલની પ્રભુપદ પ્રાર્થનાકેરા
-પડેલા નિત્ય અભ્યાસે જીવનને કેવું વાળ્યું છે !

સ્મરણ અભ્યાસ દિલ પડતાં હૃદયથી પ્રાર્થનાનો તે
-પડ્યો અભ્યાસ દિલ ઊંડો, કૃપાથી તો સૂઝેલું છે.

થતી રહેતી હૃદયથી તે હૃદયની પ્રાર્થનાએ શો
-જીવનમાં ભાગ ભજવ્યો તે અનુભવી માત્ર પ્રીછે છે.

હરિઃૐ

## હૃદય આનંદ આહ્લાદ

ચરણકમળે પ્રભુ, તારે નિવેદીને, નિવેદીને
-જીવનનું સર્વ જે તે કંઈ નિરાંતે ખેંચવો દમ છે.

જીવનમાં દિલની સોબતતણું ઊંડું મહત્ત્વ જ છે,
હૃદયથી તેથી તુજ સોબત ચહી ચહીને કરેલી છે.

હૃદયથી ચાહવાકેરો હૃદય આનંદ આહ્લાદ
-જીવનને મહાલવાનો શો ! ખરેખર દિલ પ્રેમામૃત.

'હૃદયના પ્રેમ અમૃતમાં સદા નહાયા જ કરવાને'
-જીવન સદ્ભાગ્ય એ જેવું જીવનમાં ક્યાંથી મળશે તે !

હરિઃૐ

# હૃદય વીનવ્યા કરું તુજને

થતા જે દોષ મુજથી તે ચરણકમળે નિવેદીને
-કબૂલ કરી તે દઈ પૂરું હૃદય નિશ્ચિંત થવાતું છે.

કઠણ મુજ બોલવાનું તે અવરને લાગી જાયે છે,
પરંતુ બોલવા જેવું નિમિત્ત તે મને દે છે.

છતાં સંસાર વ્યવહારે બધું મુજ સાચવી તું લે,
સકળ આધાર તારાની મને પાકી ગરજ દિલ છે.

વિના આધાર ના મારે હવે કૈં ચાલવાનું છે,
કરગરી હું, લળી લળીને હૃદય વીનવ્યા કરું તુજને.

હરિઃૐ

# હૃદય ઉદાર કેવો તું

નકામો શો ! નકામો શિર બહુયે બોજ વહોર્યો છે,
તને તે તે નિવેદીને વળી પજવ્યા કરેલો છે.

હૃદય ઉદાર કેવો તું, ન કંઈ મુજ લક્ષ લીધું છે,
મને તેં ના કદી વાર્યો, થવા દીધું થતું જે તે.

મૂરખને ના ગતાગમ કે '**हरि**ને શ્રમ દીધેલો છે',
પછીથી દિલ પસ્તાઈ હૃદય તે ખૂબ ડંખ્યું છે.

છતાં પાછો હું તેનો તે થઈ તેવો જઉં છું ને,
ચરણ આગળ હું શાં ગાંડાં કરું કાઢ્યાં ગતકડાં તે !

હરિઃૐ

## હજારો હાથવાળો છે !

જીવનનો તો ધણીધોરી અમારો કોઈયે જો છે,
**हरि**, તું એકલો માત્ર શિરે શિરછત્ર શો તું છે !

અમારે શિર ગર્જતો હજારો હાથવાળો છે !
અમે એની જ ઓથે તે જીવનમાં ગાજતા ફરીએ.

ભલેને ફેરફુદરડી જીવન ફરતા જ લાગીએ,
જીવનમાં આમથી તેમ ભલે ફેંકાતા હોઈએ.

કશો ના ઢંગધડો કોઈ અમારો તો જીવનમાં છે,
છતાં તોયે **हरि**ચરણે અમારો સર્વ દાવો છે.

હરિઃૐ

## મળ્યો તું સોબતી મુજને

હૃદયથી વહાલ કરવાને જીવનમાં એક તું બસ છે,
અવરનામાં હવે મારું જરા ના દિલ ચોંટે છે.

જીવનમાં ગેલ કરવાને મળ્યો તું સોબતી મુજને,
મહાસદ્ભાગ્ય મુજ કેવું ! હૃદય કિંમત પિછાણું તે.

કદર ભક્તિ હૃદય તારી કર્યાં કરું દિલ નિરંતર તે,
છતાં દિલ ના ધરાતું છે, કદર ઓછી પડે મુજને.

કદર મુદ્દલ ન ઈચ્છે તું, જરૂર એની તને ના છે,
પરંતુ દિલ મારું તો કર્યા વિણ રહી શકે ના તે.

હરિઃૐ

## અમે નાચીજથી નાચીજ

અમારે તો તમારી પર ખરેખર જીવવાનું છે,
તમારી તે મદદ વિના જરા ના ચાલવાનું છે.

અમારાથી ન તોડાશે કંઈ પણ પાંદડું એકે,
તમારી તે મદદ, હૂંફે બધું જે તે થવાનું છે.

છતાં તોયે નમાલા ના, કશી કોઈ વાતમાં છીએ,
હૃદયનો વજ્ર રણકાર જતો તે આભની પારે.

ચરણકમળે **हरि** આગળ અમે નાચીજથી નાચીજ,
અમે માટીતણા લોંદા સમા, પદ આગળે તુચ્છ.

હરિઃૐ

# અમે ઊભા હરિ ટેકે

અમારે તો **હરિ** વિના, બીજો કોઈ ન આરો છે,
**હરિ** શો એકલો માત્ર જીવન ચઢવા નિસરણી છે !

જીવનમાં ઓથ લઈ લઈને **હરિ**ની ડગલેપગલે તે,
બધો પથ તે જીવનકેરો અમારે કાપવાનો છે.

અમે ઊભા **હરિ** ટેકે, જીવન ટેકે ટકાયે છે,
**હરિ**માં ભાવ જીવતો તે ધરી, જીવન નભવવું છે.

**હરિ** માલિક જીવનનો છે, **હરિ** સ્વામી અમારો છે,
હુકમ **એના** પરે વારી જઈને, વર્તવાનું છે.

હરિ:ૐ

# ખરેખરનું જ ઠેકાણું

પતિતને તો શરણ તારું ખરેખરનું જ ઠેકાણું,
જગતમાં ક્યાંય ના બીજે મળે આશ્રય પતિતને તો.

પ્રભુ, તું એકલો માત્ર પતિતને તારનારો છે,
પતિત પાવન પ્રભુ સાચું ખરેખર નામ તારું છે.

સ્મરણ તારા થકી નિશદિન અનેકે પાપી જનને તેં
-ઉગારીને, બચાવીને, ચરણ તારે જ પોષ્યા છે.

ચરણ તારા ગ્રહી હૃદયે જીવન આખું વિતાવ્યું છે,
હવે તો આબરૂ દીનની પ્રભુ તુજ હાથ રાખી છે.

હરિઃૐ

## હૃદય છે આત્મવિશ્વાસ

જીવનમાં આ હવે મારે ખરેખર તું જ ખપનો છે,
નકામું આ શરીર કેવું થતું ચાલ્યું ખરેખર તે !

શરીરને ખૂબ સાચવવા હવે સાચી જરૂરત છે,
કૃપા કરીને પ્રભુ મુજ પર જરૂર સોંપી તું કોઈ દે.

હવે મુજ એકલાથી તે શરીર સંભાળ લેવાનું
-કશુંયે ના જ બનવાનું, પૂરેપૂરો જ લૂલો છું.

જીવનમાં આજ સુધી શી કૃપા તારી મળ્યા કરી છે !
હૃદય છે આત્મવિશ્વાસ મળ્યા કરશે, મળ્યા કરશે.

હરિઃૐ

# કૃપા તું એવી મારા પર

ખરેખરી **મા** હવે મારી પ્રભુ, તારી થવાનું છે,
હવે ગરજ ખરી **મા**ની મને કેવી પડેલી છે !

થવા સેવા શરીરની **આ** હવે આધારની મારે
-ખરી ઉત્કટ ગરજ કેવી ! જીવનમાં ખૂબ લાગી છે.

ચલવી લેવા બધું જે તે ભલેને યદ્વાતદ્વા હો,
કૃપા તું એવી મારા પર થઈને રાજી, રહે કરતો.

કદીક છોરું કછોરું તો થતું અણસમજુ શું બાળક !
થવાયે તુજથી તેવું ના, જહીં છે તું જ માબાપ.

હરિઃૐ

## હવે આ જીવવાનું છે

જીવન વ્યવહારનું મારું નભવજે તું, નભવજે તું,
અશક્ત આ શરીર કેવું વધારે તો થતું ચાલ્યું !

શરીરની પ્રક્રિયા સઘળી અવર આધારથી ચાલે,
બીજા આધાર પર મારે હવે આ જીવવાનું છે.


પ્રભુ, સંભાળ તો મારી હવે લેવાની તારે છે,
નહિતર સાવ લાચાર થવાનું આવશે મારે.

નીભવવાનું બધું મારું હવે તો તુજ હાથે છે,
વિનંતી પ્રાર્થના તુજને કર્યાં કરું હું હૃદયથી તે.

હરિ:ૐ

# ખંડ - ૬

## રળેલી તે કમાણી છે.



સ્મરણ અભ્યાસથી જીવન સમૂળું જે ઘડાયું છે,
હવે નિર્ભય બધી રીતે કૃપાથી તે થયેલું છે.

હરિઃૐ

## હવે નિર્ભય બધી રીતે

મને નાદાન જાણીને જવા ના દઈશ કો રીતે,
થયેલાં કર્મની શિક્ષા પૂરેપૂરી મને કરજે.

જવા છટકી ન મરજી છે, પૂરું ભોગવવું પ્રેમે છે,
ભયંકર આકરામાંહી ભલે હો આકરું છો તે.

થયેલાં કર્મનો યોગ્ય અદલ ઈન્સાફ તું કરજે,
સિતમ છોને ગમે તેવો સહી લેવા જ તત્પર તે.

સ્મરણ અભ્યાસથી જીવન સમૂળું જે ઘડાયું છે,
હવે નિર્ભય બધી રીતે કૃપાથી તે થયેલું છે.

હરિ:ૐ

# हरिने તે જણાવ્યું છે

સ્મરણ ગંગાજળે નાહી પવિત્ર થઈ જ જીવવું છે,
થઈ થઈને **हरि** યોગ્ય, સમર્પણ થઈ જવું પદ તે.

સમર્પાતાં જ નિશ્ચિંત નિરાંત શી વળે છે તે !
વિના અનુભવ, ન કોઈને પડે છે જાણ એનીયે.

કંઈક સિદ્ધાંત આદર્શ જીવન નક્કી થયેલા જે,
હૃદય ભાવેથી પાળીને, **हरि**ને તે જણાવ્યું છે.

હવે સિદ્ધાંત, આદર્શ જીવનમાં ના રહેલા છે,
ઈશારો જે **हरि**નો છે, ખરા સિદ્ધાંત તે તે છે.

હરિઃૐ

# અમારું જોર તેમાં છે

સ્મરી સ્મરીને, સ્તવી સ્તવીને, હૃદયથી બંદગી કરીને,
ભજી ભજીને મતિ મનથી હૃદયથી મૈત્રી બાંધી છે.

તને લાયક થવા કાજે જીવન તારા સમા જીવને
-અમે ગુણ કેળવ્યા કરીને તને મળવા હૃદય ચહીએ.

ગમે તે તેટલું છોને અમે કરીએ, છતાં તોયે
-કદીયે પણ તુજ તોલે અમે કદી ન આવી શકીએ.

ગમે તેવા ભલે છોને, છતાં તારા છીએ નિશ્ચે,
શરણ છીએ ચરણ તુજ પર, અમારું જોર તેમાં છે.

હરિઃૐ

## કૃપા એવા પરે તારી

અમારી મરજીથી જે તે ચલાવી સર્વ જોયું છે,
ફવાતું ના, છતાં તોયે ન તે ઉધમાત છોડ્યો છે.

પડ્યો તોયે જ તંગડી શી અમે ઊંચી બતાવી છે !
બડાશો શી અમથી અમથી અમે માર્યા કરેલી છે !

પડી લાતો બહુ વેળા છતાં ના ભાન જાગ્યું છે,
અહંનાયે થયા ટુકડા, છતાં અણનમ રહ્યું તે છે,

કૃપા એવા પરે તારી થતાં, ઊલટું હતું જે જે
-બધું સવળું ફરી જઈને વણાવા સીધું લાગ્યું છે.

હરિઃૐ

## હસી નખરાં કરંતો છે

લઈ લઈને સ્મરણ તારું શું નીકળ્યા ખોળવા તુજને !
સ્મરણ વધતાં, હૃદય ભક્તિ થવા જ્યાં તારી લાગી છે.

પછી તારી હૃદય ભાળ જરીક સરખી જ લાગી છે,
હૃદય તે ભાળ અણસારે જીવનમાં ડગ ભરાયાં છે.

કદીક નજદીક આવ્યો જ્યાં હૃદય રોમાંચ પ્રગટ્યા છે,
મને આશ્ચર્યનો પાર સમાયો ના સમાતો છે.

અરેરે ! આવતાં હાથે નસીબ ઊંધું વળેલું છે,
જઈ ભાગી તું દૂર કેવો હસી નખરાં કરંતો છે !

હરિઃૐ

# हरिની યાદ કેવી છે !

જીવનની યાદગીરીમાં હવે તું એકલો મુજને,
બીજી કંઈ યાદગીરી તે હવે ખપતી કશી ના છે.

બધીયે યાદગીરીના ખરા મૂળમાં **हरि** તું છે,
હૃદય જેમાં અને તેમાં **हरि** તુજ યાદગીરી છે.

નજર દિલ જ્યાં પડે ત્યાં ત્યાં **हरि**ની કામગીરી છે,
અને તે કામગીરીમાં ખૂબી વર્તાય **हरि**ની તે.

મદોન્મત્ત હૃદયમાં તો, **हरि**ની યાદ કેવી છે !
હજારો જન્મ **एना** પર ભલે કુરબાન છોને તે.

હરિઃૐ

# જીવનને મૂકી દીધું છે

અમારે તો હવે તારે શરણમાં શિર મૂકીને,
બધું છોડી ચરણકમળે જીવનને મૂકી દીધું છે.

તને દિલ સમજી સમજીને, ધણી મારો સ્વીકાર્યો છે,
ધણીધીંગો જીવનમાં **આ** ન તુજ જેવો બીજો કોઈ છે.

હૃદયમાં આત્મવિશ્વાસ પૂરો એવો જ બેઠો છે,
નિરાંતે તેથી તુજ ચરણે પડી રહેવાય નિશ્ચિંતે.

બધીયે આળપંપાળ જીવનની સૌ ચરણમાં છે,
બધી લેવા જ દેવા તે જીવનની સોંપી તુજને છે.

હરિઃૐ

## રમ્યા કરીએ હૃદય રસબસ

**હરિ**ની મહેરબાની પર અમારે જીવવાનું છે,
છતાં **હરિ**ને હૃદય નિશ્ચે પૂરી રાખેલ છે શો તે !

જીવન સર્વસ્વ **હરિ** પર શું હૃદય ન્યોછાવરી કરીને,
સમર્પણ સર્વ ભાવેથી કરાયેલું ઉમળકે છે.

કશું એવું રહેતું ના અમારું કંઈ કહી શકીએ,
બધું જે તે **હરિ**નું છે, **હરિ**ના માત્ર ઉપયોગે.

અમારે એકલો **હરિ** બસ બીજું અસ્તિત્વ ના કંઈ છે,
રમ્યા કરીએ હૃદય રસબસ થઈને શાં **હરિ**માં જે !

હરિઃૐ

## જીવનમાં તું મળેલો છે

ખરેખર મહેરબાની કે જીવનમાં તું મળેલો છે,
જીવનની ભાંજગડનો સૌ પૂરો શો અંત આવ્યો છે !

હવે ઝંઝટ કશી વાતે કશાની ના રહેલી છે,
જીવનની સર્વ બાબતમાં હવે આધાર તુજ પર છે.

જીવનનો મામલો તારે બધો સંભાળવાનો છે,
ન માથાકૂટ કશી મારે, હવે તો કંઈ રહેલી છે.

જીવન મારું ચલવવાનું બધી વાતે જ તારે છે,
હૃદય તુજ ધારણા ભાવે જીવન સંપૂર્ણ જીવવું છે.

હરિઃૐ

## જીવનનો હેતુ ન્યારો છે

જગત વ્યવહારની સાથે કશી લેવા ન દેવા છે,
છતાં વ્યવહારની સાથે શું દિલમાં સંકળાયેલ તે !

છતાં વ્યવહાર તેવામાં જીવનનો હેતુ ન્યારો છે,
બધાંમાં હેતુનું પૂર્ણ મહત્ત્વ તો અમારે છે.

બધાંમાં મોખરે હેતુ જીવંતો ધારી રાખીને,
પ્રભુપ્રીત્યર્થ જીવનમાં અમારે વર્તવાનું છે.

મળેલાંએ ઊંધું ધાર્યું શું હાડોહાડ અમારું છે !
જીવનના મર્મનો હેતુ શકાયે પ્રીછી શી રીતે !

હરિઃૐ

## જીવન ખેલાવતો નટ તે

જીવનનો સર્વ આધાર અમારે તો **હરિ** પર છે,
**હરિ** જેમાં અને તેમાં હૃદયમાં મોખરે શો છે !

ઈશારાથી **હરિ**કેરા જીવનમાં વર્તવાનું છે,
અમે નટપૂતળી માત્ર જીવન ખેલાવતો નટ તે.

બડો ખેલાડી ખેલાવે સકળ બ્રહ્માંડને શો તે !
બધું એનું ચલાવ્યું ને જગત સઘળું જ ચાલે છે.

અમારો તો પછી શો ત્યાં કશો હિસાબ કંઈ ના છે !
ગણતરીમાં અમે કંઈ ના, શું તુચ્છ તૃણથી છીએ.

હરિઃૐ

## ગરજ લાગેલ ધંધાની

**हरि** સ્મરવા, **हरि** ભજવા જીવનનો માત્ર ધંધો તે,
અમે બેઠા લઈ હર્ષે, વધ્યા નિત્યે ગયેલો છે.

જતાં વધતાં, જીવન ધંધો શઠૂર પગમાંહી ફૂટ્યું છે,
ટટારી જાગવા માંડી જીવન નવતર થયેલું છે.

જીવનની જાગૃતિથી દિલ થવા વિકાસ ધંધાનો,
સતત પ્રેરાયેલો રહીને મથાયા શું જવાયું છે !

ગરજ લાગેલ ધંધાની હૃદયમાં તીવ્રતમ ઊંડી,
લીધું છે કામ ધંધાનું મને ધક્કેલી ધક્કેલી.

હરિઃૐ

## હૃદયમાં ભાવને ઠરવા

જીવનમાં ભાવની સોબત કર્યા કરવાની આદતને,
પૂરી દિલ જાગૃતિથી તે અમે જીવતી શી રાખી છે !

જીવનમાં જો મળ્યું કૈં છે, મળ્યું છે ભાવથી જે તે,
જીવનવિકાસ આધાર બધોયે ભાવ પર તે છે.

હૃદયમાં ભાવને ઠરવા જીવંતો રાખવા નિત્યે,
થઈ શી શી મથામણ તે કથા ન્યારી ગહન તે છે.

તપશ્ચર્યા કરાવેલી કૃપાએ તાવી તાવીને,
મીઠાં ફળ ચાખવા કેવાં જીવનમાં તો મળેલાં છે !

હરિ:ૐ

## ગણતરી એકધારી છે

સ્મરણની નાની મૂડીથી જીવન વેપાર માંડ્યો જે,
સ્મરણથી ભાવ જીવંતો થતાં, વેપાર ખીલ્યો છે.

જીવનમાં હોંશ, ઉમંગ, બહુ ઉત્સાહ તેથી તો,
ઝુકાવાને જ વ્યાપારે અમારે દિલ બઢેલાં છે.

કદીક વ્યાપારમાં ખોટ ભયંકર કેવી ખાધી છે !
છતાં મર્દાનગી ખોઈ ન ત્યાં બેઠા છીએ ત્યારે.

થતું જે જે રહ્યું અમથી કર્યાં તે તે કરી કરીને,
જીવનધંધો વધારાની ગણતરી એકધારી છે.

હરિઃૐ

## હૃદય અનહદ રૂડો નાદ

હૃદય આનંદનું ઝરણું સતત વહેતું રહેલું જે,
કદી ખૂટ્યું ન ખૂટે છે, સતત રેલો જ ચાલે છે.

હૃદય અનહદ રૂડો નાદ શું સંભળાયા કરાયો છે !
હૃદય એકાગ્રતા તેથી સતત જામ્યા કરેલી છે.

હૃદય જેનો અને તેનો બધો ઉપયોગ કરવાની
-ખરી સમજણ પડેલી જે જીવન સક્રિય બની તે શી !

હૃદય સભાનતા તેથી ખરી જાગૃત જીવંતી છે,
ખરેખર તેવું વર્તાતું જીવન તેથી પ્રસંગે તે.

હરિ:ૐ

# હરિ પર હેત છૂટ્યું છે

સ્મરણ **હરિ**નું થયા કરતાં **હરિ** પર હેત છૂટ્યું છે,
જીવનના સ્વામીને દિલથી ચાહવું બહુ ગમેલું છે.

હ્રદયથી ચાહતાં, ચાહતાં રટણ એનું જ ચાલે છે,
હ્રદય ઉત્સાહ ઉન્માદ શું ચાહવાનો અનુપમ છે !

રસીલું દિલ આકર્ષણ થતું તે મુગ્ધ શું રહે છે !
સતત એના તરફ કેવું હ્રદય ખેંચાતું તસતસ છે !

**હરિ**ની પ્યારી પ્યારી શી સ્મૃતિ દિલમાં ભરી ભરી છે,
જીવનના એ દળેલાની રળેલી તે કમાણી છે.

હરિઃૐ

## મહાસદ્ભાગ્ય મારું તે !

હવે તુજ સાથ રમવાને હૃદયમાં કોડ જાગ્યા છે,
થવાયું છે રમત ભિલ્લુ, મહાસદ્ભાગ્ય મારું તે.

રમત રમવી જ તુજ સાથે મહા શી અટપટી તે છે !
ન જીતવા દે મને એવો મહા તું ખટપટી શો છે !

પરંતુ તું મળ્યો રમવા નસીબ ઊઘડી ગયેલું છે,
હવે તો હાર કે જીતની ન પરવા દિલ કશીયે છે.


રમતની તાનમાં પૂર્ણ હૃદય એકતાનતા વ્યાપે,
ઊડી અધ્ધર જવાયે દિલ, ખબર તેની શી પડતી છે !

હૃદય બેબાકળો કેવો થઈ ત્યારે ઘૂમું જ્યાં ત્યાં,
ખૂણે ને ખાંચરે **એને** મચેલો ખોળવા શો ત્યાં !

હરિઃૐ

# ખંડ - ૭

# અનુભવી એકલો માત્ર



સ્મરણ રમઝટ ચલાવીને સ્મરણથી મસ્ત થઈ ભાવે,
ભજન લલકારતાં રહીને ચરણ ભીંજવ્યાં **હરિ**નાં છે.

હરિઃૐ

## મથામણ સૂક્ષ્મ દિલની છે

સ્મરણ રમઝટ ચલાવીને સ્મરણથી મસ્ત થઈ ભાવે,
ભજન લલકારતાં રહીને ચરણ ભીંજવ્યાં **हरि**નાં છે.

હૃદય સંતોષ દેવાને **हरि**ને યત્ન કીધો છે,
છતાં તોયે પૂરેપૂરો શક્યો સંતોષી નવ **हरि**ને.

જીવન ન્યોછાવરી કરવે કશું બાકી ન રાખ્યું છે,
કરામત ભાવની યોગ્ય હતી, તે વાપરેલી છે.

છતાં દિલમાં અધૂરપની પ્રવર્તેલી ભૂમિકા જે
-હજી **एने** રીઝવવાને મથામણ સૂક્ષ્મ દિલની છે.

હરિઃૐ

# કહીં તે ભાગી જાયે છે

સ્મરણની દિલચસ્પીથી **હરિ**માં દિલ લાગ્યું છે,
**હરિ**ને ઊંડું નીરખવા હૃદય રસ શો ઝરેલો છે !

નૂતન નૂતન શું દર્શનથી ભર્યું ભર્યું દિલ ભરપૂર છે !
અમર્યાદિત બધું જે તે **હરિ**રસથી ભરેલું છે.

કિનારા કોઈ ના જેને, પ્રદેશે ત્યાં પહોંચીને
-ગગનનાયે ગગનમાં તે ઠરી, આગળ જવાનું છે.

**હરિ** પકડાય, તહીં પાછો કહીં તે ભાગી જાયે છે !
હૃદય તલસાટ શો ઉત્કટ **હરિ** દિલથી લગાવાને !

હરિ:ૐ

## લગોલગ તો અવાયું છે

**હરિ**ના ભાવની યારી જીવનમાં પ્યારી લાગી છે,
**હરિ**ને ભેટવા દિલથી બકેલી હોડ જબ્બર છે.

**હરિ**ને દિલ પકડવાને હૃદય દોટ મૂકેલી છે,
નજીકમાં આવતાં પોતે હડી કાઢી શું ભાગે છે !

નજીક આવી શું લલચાવી તગડ મુજને કરાવે છે !
શી છેતરપિંડી **હરિ**ની જે નજર આવી ગયેલી છે !

સતત શું દોડતાં રહીને નજર નજદીક તું આવ્યો છે,
હવે છેટું વધારે ના લગોલગ તો અવાયું છે.

હરિઃૐ

## હકીકતમાં **हरि**રસ છે

જીવનનાં સર્વ પાસાંમાં હકીકતમાં **हरि**રસ છે,
અનુભવમાં જ પ્રત્યક્ષ હૃદય લાગ્યે, જીવન તે છે.

જીવનનાં ઊર્ધ્વ પાસાંમાં જીવનની નિમ્નમાં નિમ્ન
-હકીકતમાંય **हरि**રસ છે, પ્રમાણ, શું અનુભવ દિલ !

**हरि** જેમાં અને તેમાં બધાંમાં એકરસ શો છે !
અનુભવી તે રીતે જ્યાં હો નિમિત્તે એકરસ તે છે.

નિમિત્તે તે પ્રમાણેનો જરૂર હોવા છતાં પાછો,
તટસ્થ, સાક્ષી સંપૂર્ણ, વળી નોખો બધાંથી શો !

હરિઃૐ

## રમત નીરખ્યા કરાઈ છે

મળંતાં ભાવ **હરિ**રસનો જીવન શું ફાલ્યું ફૂલ્યું છે !
બધી હદ ને શી બેહદની જઈ તે પાર પહોંચ્યું છે.

નિરાકાર વળી પાછો હૃદય સાકાર કેવોયે
-અનુભવતાં, અનુભવતાં જવાતું પાર તેનીયે.

રસાનંદની હૃદય છોળો પરે છોળો ઉડાવી છે !
છતાં પડતું અધૂરું તે, હજી આગળ જવાનું છે.

બધું અસ્તિત્વ જે માત્રાતણું જે કેંદ્ર બિંદુ છે,
સમાતાં ને નીકળતાંની રમત નીરખ્યા કરાઈ છે.

હરિઃૐ

# બધુંયે એકસરખું છે

હવે જીવવા વળી મરવાતણો ના ખ્યાલ દિલ રહે છે,
થવાનું જેમ જે કંઈ હો, ભલે તેમ જ થયા કરશે.

હવે આ જીવવું, મરવું બધુંયે એકસરખું છે,
**हरि**ની ભાવ મસ્તીમાં જીવન બહેલાવવાનું છે.

હવે ના આમ કે તેમ કશા વિચાર ઊઠે છે,
બધું નિમિત્તની રીતે જીવનમાં વર્તવાનું છે.

નિમિત્તનું શાસ્ત્ર વિજ્ઞાન નિરાળું સાવ નોખું છે,
અનુભવી એકલા માત્ર રસીલા તે જીવનના છે.

હરિ:ૐ

## શરીરનાં સર્વ કરણોમાં

**हरि** સ્મરવા, **हरि** ભજવા, **हरि**ની યાદ દિલભરી જે,
જીવન લહાવો મળેલો તે, કૃપાની શી પ્રસાદી છે !

કર્યાં કરતાં, કર્યાં કરતાં સ્મરણ **हरि**નું હૃદય ભાવે,
નિરંતરના રટણથી શો સ્મરણ રણકાર ઊઠ્યો છે.

સ્મરણ રણકાર દિલનાથી હૃદય તે નાદ ખીલ્યો છે,
હૃદય, અંતરતણા નાદે રસાનંદે શું ફોર્યું છે !

સ્મરણ રણકારનો નાદ શરીરનાં સર્વ કરણોમાં
-પૂરો વ્યાપી જઈ શો તે અણુઅણુમાં ઠસાયો ત્યાં !

હરિઃૐ

## જીવનની ભક્તિ સાચી તે

જીવનમાં કર્મનો યજ્ઞ સતત ચલવ્યા કરાવીને,
હૃદય પરમાર્થ કરવાનું કૃપાથી તેં ઉગાડ્યું છે.

શરીર કૌવત બધું ચાલ્યું ગયેલું છેક છે જ્યારે,
હૃદય હિંમત અપાવીને મને પરમાર્થમાં પ્રેરે.

બધી સૂધબૂધ શરીરની તે પૂરી ચાલી ગયેલી છે,
રહ્યા ના હોશ કે કોશ છતાં પરમાર્થ ચલવે છે.

થતો પરમાર્થનો યજ્ઞ જીવનની ભક્તિ સાચી તે,
ચરણકમળે સમર્પીને હૃદય સંતોષ વળતો છે.

હરિઃૐ

## નવસર્જન થયેલું છે

ગમે તેવું હવે જીવવું, ન પાલવવાનું અમને છે,
હવે **હરિ**રસથી જીવવાનું કબૂલ મંજૂર હૃદયથી છે.

અખંડિત ભાવ હૈયાનો ઊંડે ઊંડે પ્રસરતો છે,
અસર નિજની શી પાડીને તહીં નિજ છાપ પાડે છે !

સતત એ ભાવના સ્પર્શે થતાં સ્પંદન રહે છે જે,
નિરંતરના જ સ્પંદનથી પ્રક્રિયા મૂળ બદલે તે.

પ્રક્રિયા ચાલુ એવી જે સતત ચાલ્યા કરેલી છે,
અને તેમાંથી નવસર્જન જીવનનું તો થયેલું છે.

હરિઃૐ

## જીવન તરબોળ રસથી છે

**હરિ**માં એકરસ જીવવા જીવનમાં ભેખ ધાર્યો છે,
જીવન ફળવા જ તે હેતુ થયાં સાધન કરેલાં છે.

વિચારી એકનું એક, મનન ચિંતવન કરી કરીને,
ઊંડામાં ઊંડું ઊતરીને તળિયું ઊંડું શોધ્યું છે.

અનુભવથી જ શોધાયું મળે રસ ભાવથી હૃદયે,
'અખંડિત ભાવ ધારા વહે' થવું તેવું જ શી રીતે !

ભજન, કીર્તન, સ્મરણ, દિલથી નિવેદન, પ્રાર્થના ભાવે,
હૃદયના તે રટણમાંથી થતો છે **ભાવ** ઉદય હૃદયે.

નિરંતરના થતા રહેતા હૃદય સક્રિય અભ્યાસે
-વહેતા તે થયેલાથી જીવન તરબોળ રસથી છે.

હરિઃૐ

## હૃદય બહેલાવી મારે છે

જીવનમાં આશરો મોટો, **હરિ**નો એકલાનો છે,
હૃદય જેમાં અને તેમાં **હરિ**ને તો ગ્રહેલો છે.

બહુ માથાકૂટે હૃદયે **હરિ** જ્યાં હાથ લાગ્યો છે,
જવા દઉં શેં હવે **એને**, હૃદયમાં જકડી લીધો છે.

શું વારંવાર દર્શન હું નીરખી નીરખી ટીકી ટીકીને
-કર્યાં કરીને હૃદય બનતો હું કૃતકૃત્ય થતાં હર્ષે.

**હરિ**નાં રૂપ શાં ન્યારાં ! હૃદય બહેલાવી મારે છે,
સ્વરૂપમાં ભેળવી દઈને જુદું અસ્તિત્વ ટાળે છે.

**॥ હરિઃૐ ॥**

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | |
|---|---|
| ૧૩. આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. ભાવ | ૧૯૭૧ |
| ૧૭. જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. જીવનઆહ્‌લાદ | ૧૯૭૨ |
| ૨૬. રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ ૨૦૧૪
(તમામ પુસ્તકોમાંથી
લેખકના બે બોલનું
સ્વતંત્ર પુસ્તક)
૨૧. જીવનયોગ ભાગ ૧
અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭


•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિ:ૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિ:ૐ ॥

હરિઃૐ

હરિ સ્મરવા વિના બીજું કશું ના કર્મ જાણ્યું છે,
અવર કર્મ થયેલાં છે, પરંતુ ગૌણ રીતે તે.

પ્રભુ પ્રીત્યર્થે જે તે કંઈ મળેલું તે થયેલું છે,
હરિને મોખરે સૌથી હૃદય ધરવા કરેલું છે.

જીવનમાં તો અનુભવવા પ્રભુને દિલ ધારીને,
કરી યાહોમ સંપૂર્ણ કૂદી ત્યાં ઝંપલાવ્યું છે.

કદીક ડૂબતાં, તહીં તરવાતણું સાધન મળેલું છે,
સતત તરવાતણા યત્ને કિનારો હાથ લાગ્યો છે.

-શ્રીમોટા

*'જીવન કથની', ત્રીજી આ., પૃ. ૯૧*

જીવનકથની

કિંમત : રૂ.૩૦/-